بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-ઓક્ટોબર-૨૦૧૨**

શવ્વાલુલ મુકર્રમ-ઝી કઅદા

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૯, સળંગ અંક : ૧૦૫

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | મોમિન જૂઠો નથી હોઈ શકતો ! | ૦૨ |
| ૦૨ | છેડતી તથા બળાત્કારને રોકવાનો ઈલાજઈસ્લામી પર્દો ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૩ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૫ |
| ૦૫ | હદાઈકે બખ્શિશ | ૧૭ |
| ૦૬ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૨૦ |
| ૦૭ | અવલીયા અલ્લાહની કરામતો | ૨૩ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૪ |
| ૦૯ | કાનૂને શરીઅત | ૨૬ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૭ |
| ૧૧ | શવ્વાલમાં ઉમરા કરનાર પર હજ્જની શરઈ હૈસિયત | ૨૯ |
| ૧૨ | કહેવાતી અહલે હદીષ : એક ગુમરાહ જમાઅત ! | ૩૧ |
| ૧૩ | ગુસ્તાખીમાં વહાબીઓ યહૂદીઓના અનુયાયી છે ! | ૩૫ |
| ૧૪ | શીઆઓનો સહાબાએ કિરામ પ્રત્યેનો...... | ૪૦ |
| ૧૫ | મઝલૂમ મુસ્લિમોની મુસીબતોનો અલ્લાહ જ બેલી ! | ૪૩ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## ઈમાન હૈ કાલે મુસ્તફાઈ

અઝ : હુઝૂર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

ઈમાન હૈ કાલે મુસ્તફાઈ કુર્આન હૈ હાલે મુસ્તફાઈ
અલ્લાહ કી સલ્તનત કા દુલ્હા નક્શે તિમ્સાલે મુસ્તફાઈ
કુલ સે બાલા રુસુલ સે આ'લા ઈજલાલો જલાલે મુસ્તફાઈ
અસ્હાબ નુજૂમ રહ્નુમા હૈં કશ્તી હૈ આલે મુસ્તફાઈ
ઈદ્બાર સે તૂ મુઝે બચા લે, પ્યારે ઈક્બાલે મુસ્તફાઈ
મુર્સલ મુશ્તાકે હક્ક હૈ ઔર હક્ક મુશ્તાકે વિસાલે મુસ્તફાઈ
ખ્વાહાને વિસાલે કિબ્રિયા હૈં જુયાને જમાલે મુસ્તફાઈ
મહ્બૂબો મુહિબ કી મિલ્ક હૈ એક કૌનૈન હૈ માલે મુસ્તફાઈ
અલ્લાહ ન છૂટે દસ્તે દિલ સે દામાને ખ્યાલે મુસ્તફાઈ
હૈ તેરે સિપુર્દ સબ ઉમ્મીદેં, અય જુદો નવાલે મુસ્તફાઈ
રૌશન કર કબ્ર કો બેકસોં કી અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હોં દોનોં જહાં મેં મુહ ઉજાલા અય શમ્એ જમાલે મુસ્તફાઈ
હમ તીરા દિલોં પે ભી કરમ કર અય શમ્એ જમાલે મુસ્તફાઈ
તક્દીર ચમક ઉઠે **'રઝા'** કી, અય શમ્એ જમાલ મુસ્તફાઈ

## મોમિન જૂઠો નથી હોઈ શક્તો !

કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આજકાલ ઘણા લોકો જૂઠ અને વાદા ખિલાફીને ખેલ સમજે છે, વાત વાતમાં જૂઠુ બોલતા હોય છે, કેટલાક ધંધો કરવામાં તો કેટલાક પોતાની વાત મનાવવા કોઈને ગૈર માર્ગ દોરવા જૂઠુ બોલે છે, જૂઠુ છાપે છે, કેટલાક મઝાકમાં જૂઠ ચલાવતા હોય છે. કશાય ક્ષોભ, સંકોચ કે ખચકાટ વિના જાણે હલવો આરોગતા હોય તેમ જૂઠુ બોલતા હોય છે, જૂઠ ચલાવતા હોય છે. તો આવો જૂઠની બુરાઈ વિશે ઈસ્લામના શું આદેશો છે તેનો અભ્યાસ કરીએ અને જૂઠથી અલ્લાહની પનાહ માગીએ.

જૂઠની બુરાઈ અને તેની ટીકા માટે આટલુ જ પૂરતુ છે કે **કુર્આને હકીમમાં** વિવિધ જગાઓ પર "જૂઠાઓ પર અલ્લાહની લઅનત !" નો ઉલ્લેખ કરવામાં આવેલો છે, જેમ કે, **فَنَجۡعَلۡ لَّعۡنَتَ اللّٰهِ عَلَى الۡكٰذِبِيۡنَ** "તો **જૂઠાઓ પર અલ્લાહની લઅનત** નાખે." *(સૂ. આલિ ઈમરાન, આ. ૬૧)* લઅનતનો અર્થ અલ્લાહની રહમતથી દૂર થવું.

**હદીષે પાકમાં છે :** હઝરત સફવાન બિન સુલૈમ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺને પૂછવામાં આવ્યું કે શું મોમિન ડરપોક હોય શકે છે ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, હા ! (હોઈ શકે છે) પછી અર્ઝ કરવામાં આવી, શું મોમિન કંજૂસ હોય શકે છે ? ફર્માવ્યું હા ! હોઈ શકે છે. પછી પૂછવામાં આવ્યું કે શું મોમિન કઝ્ઝાબ (જૂઠો) હોઈ શકે છે ? તો ફર્માવ્યું, નહીં ! **મોમિન જૂઠો નથી હોઈ શક્તો !** *(ઈમામ માલિક, મિશ્કાત)*

મુસલમાનો ! નબી પાક ﷺના આશિકો ! જૂઠ બોલતાં પહેલાં પ્યારા આકા ﷺના આ મુબારક શબ્દો યાદ રાખજો કે, "મોમિન જૂઠો નથી હોઈ શક્તો" જેથી પોતાને મોમિન જાણતા સમજતા હોઉ તો જૂઠુ કદી ન બોલશો.

**પાકો મુનાફિક કોણ ? :** હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہماથી રિવાયત થયેલ છે કે હુઝૂરે અકદસ ﷺએ ફર્માવ્યું, ચાર ખસલતો જેનામાં જોવામાં આવે તે પાકો મુનાફિક છે, અને જેની અંદર એમાંથી એક જોવા મળે એનામાં મુનાફિકપણા (નિફાક)ની એક આદત મૌજૂદ છે જ્યાં સુધી તે એને ન ત્યજી દે. તે આદતો આ છે : (૧) જ્યારે એને અમાનત આપવામાં આવે તો એમાં **ખયાનત કરે.** (૨) જ્યારે વાત કરે તો **જૂઠુ બોલે** (૩)જ્યારે વાયદો કરે તો **વાયદાનો ભંગ કરે** (૪) જ્યારે **ઝઘડો કરે તો બેહુદા વાતો** એટલે ગાળ ગલોચ કરે. *(બુખારી, ૧/૧૦)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ ધંધા મુનાફિકના હોય છે જેથી સાચા મોમિન રહેવા માગતા હોઉ તો આ ચાર ચીજોનો પડછાયો પણ તમારા પર પડવા ન દેશો.

**જૂઠ એ કબીરા ગુનોહ છે ! :** હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, શું ગુનાહે કબીરામાંથી અધિક મહાન મહાન ગુનાહોને ન બતાવી આપુ ?! તો મેં અર્ઝ કરી, કેમ નહીં ! તો આપે ઈર્શાદ ફર્માવ્યો, મોટા ગુનાહોમાંથી અધિક મહાન મહાન ગુનાહો આ પ્રમાણે છે : ખુદાની સાથે કોઈને શરીક ઠરાવવો, મા બાપની નાફર્માની અને એમને તકલીફ પહોંચાડવી. આટલુ ફર્માવતી વખતે હુઝૂરે અકદસ ﷺ મસ્નદ લગાડીને સૂતેલા હતા. અચાનક ઉઠીને બેઠા થઈ ગયા અને ફર્માવ્યું, **ખબરદાર ! અને જૂઠી વાત !** પછી આ શબ્દને એટલીવાર દોહરાવતા રહ્યા કે અમે લોકોએ અમારા દિલોમાં કહ્યું, કાશ ! હુઝૂર આ વાત ફર્માવવાથી ખામોશ થઈ જાત અને એની આગળ કોઈ બીજી વાત ફર્માવતા. *(બુખારી શરીફ–અવ્વલ)*

હે મુસલમાનો ! હુઝૂરે પાક ﷺનું આટલા ગંભીર બની જવું અને વારંવાર એ વાતને દોહરાવવું એ જૂઠી વાતની ભયાનક્તા દર્શાવે છે. જેથી જૂઠી વાત કહેવાથી અલ્લાહની પનાહ માગો !

**સૌથી મોટી ખયાનત ! :** હઝરત સુફયાન ઈબ્ને અસદ હુઝરમી رضی اللہ عنہથી રિવાયત છે કે મેં રસૂલે કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે **મહાન ખયાનત** એ છે કે તું પોતાના ભાઈને કોઈ વાત કહે અને તે તને સાચો જાણી રહ્યો હોય, જ્યારે કે **તું તેનાથી જૂઠુ બોલી રહ્યો છે."** *(બુખારી શરીફ, અબૂ દાઊદ શરીફ)*

પ્યારા દીની ભાઈઓ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબે પાક ﷺના સદકામાં આપણને આવા મહાન ખયાનતકાર થવાથી બચાવે. એ પણ છે કે **"જૂઠુ બોલવાથી ચાલીસ દિવસ સુધી** દુઆ કબૂલ થતી નથી." તેમજ **"જૂઠુ બોલનારની રોજીમાંથી બરકત ઉઠી જાય છે."** આમ જૂઠ દુનિયા વ આખેરતની બર્બાદીનો સબબ છે જેથી આપણે પોતે તથા આપણા ઘરવાળાં, આપણી ઔલાદને પણ એનાથી બચવા સમજાવતા રહેવું જોઈએ જેથી તેની ગંદકીથી પાક રહી શકે.

# છેડતી તથા બળાત્કારને રોકવાનો ઈલાજ



# ઈસ્લામી પર્દો !

તંત્રી લેખ

"સ્ત્રી આઝાદી"નું રૂડુ રૂપાળુ નામ આપીને સ્ત્રીને પુરૂષોના હાથનું કેવું રમકડુ બનાવવામાં આવી છે તેના સમાચારો રોજ બરોજ સાંભળવા મળી રહ્યા છે. બલ્કે સ્ત્રીની ફજેતીને રોકવાને બદલે તેને ફિલ્માવીને ન્યુઝ ચેનેલોવાળા તેને જગતભર સામે લીલામ કરી પોતાનો ધંધો ચમકાવી રહ્યા છે ! આવા બનાવો ઠેર ઠેર હવે બની રહ્યા છે. ઈસ્લામી પર્દાને સ્ત્રી આઝાદીનો દુશ્મન કહેનારા અને તેને ગુલામીનુ પ્રતીક કહેનારા સ્ત્રી આઝાદીના નામે સ્ત્રીઓને કઈ રીતની આઝાદી તથા કેવીક ઈજ્જત તરફ દોરી ગયા છે તેનાં કેટલાંક દષ્ટાંતો એમનાં જ વર્તમાનપત્રોના હવાલાથી અત્રે રજૂ કરીએ છીએ તેને વાંચો અને વિચારો કે હવે તેઓ પોતે જે બોલી બોલી રહ્યા છે તેમાં જાણે અજાણે, મને કમને ઈસ્લામી પર્દાને સમર્થન કરી રહ્યા છે કે નહીં ?! આવો અત્રે અવારનવાર ઈસ્લામ તથા મુસલમાનો વિશે ગૈર ઈન્સાફીથી ઘસાતુ લખનાર દૈનિક પત્ર "ગુજરાત સમાચાર"ના તા. ૧૫–૭–૨૦૧૨ના "ન્યુઝ ફોકસ" કોલમના લેખની અમુક ઝલકીઓ જોઈ લઈએ. તેમાં ખૂદ તેમણે જ દર્શાવ્યું છે કે સ્ત્રી આઝાદીનાં આ દેશમાં કેવાંક ચિથરાં વેરાઈ રહ્યાં છે અને જાણે કે પરિસ્થિતિ કાબૂ બહાર જઈ ચૂકી છે.

### ★ આઝાદ બની ફરતી સ્ત્રીઓની લોંડી જેવી શરમજનક પજવણીની દાસ્તાન ! ★

ગૌહત્તિમાં સ્ત્રી આઝાદીની મજા માણી રહેલી એક સ્ત્રી મિની સ્કર્ટ પહેરીને ટહેલવા નીકળી હતી તેને ૨૦ જેટલા આવારા યુવાનોએ કેવી રીતે ગુલામડી જેમ રસ્તા વચ્ચે છેડતી કરીને નગ્ન કરી નાખી જેને હજારો લોકોમાં કોઈએ બચાવી તો નહીં પણ મીડિયાવાળાઓએ તેનું પિક્ચર ઉતારી જગતભરને ચેનલો પર દેખાડયું ! જેના વિશે વાંચો "ગુજરાત સમાચાર" લખે છે :–

*"ગૌહતિમાં ૧૭ વર્ષની સગીર કન્યાની લાજ જાહેરમાં લૂંટવામાં આવી તેને કારણે આખા દેશમાં રોષ અને ધિક્કારની પ્રતિક્રિયા દેખાઈ રહી છે. આ ઘટનાને કેમેરામાં કેદ કરી લેવામાં આવી અને ટીવીની ચેનલો ઉપર તેને વારંવાર દર્શાવવામાં આવી તેને લીધે તેની ગંભીરતા અને તીવ્રતા એકદમ વધી ગયા હતા, જેને કારણે પોલીસે પણ ઝડપી પગલાં ભરવા પડયાં હતાં. પ્રસાર માધ્યમોની તાકાતનો આ પરચો હતો. ગૌહતિની ઘટનાએ **સમાજશાસ્ત્રીઓને વિચારતા કરી દીધા છે કે આપણા સમાજને આ શું થઈ ગયું છે** કે એક સાથે ૨૦ યુવાનો જાહેરમાં આવું ધૃણાસ્પદ કૃત્ય આચરવામાં ગર્વ અનુભવે છે, જેનો ખ્યાલ ટીવીની ચેનલો ઉપર દર્શાવવામાં આવતા ફૂટેજથી આવતો હતો. હકીકતમાં રવિવારે ગૌહતિમાં જે ઘટના બની તેવી ઘટનાઓ ભારતનાં મહાનગરોમાં નિયમિત બનતી આવી છે. માટે જ તેનાં કારણોમાં ઊંડા ઉતરવાની આવશ્યક્તા છે."*

## ★ "સ્ત્રી આઝાદી" સૂત્રનાં ચિથરાં ઉડાડતા અન્ય બનાવો ★

એ જ દૈનિક પત્ર "ગુજરાત સમાચાર"ની એ જ કોલમમાં આગળ દર્શાવ્યું છે :–

*"ભારતના આર્થિક પાટનગર ગણાતા મુંબઈ શહેરમાં ઈ.સ. ૨૦૦૬ના ૩૧મી ડિસેમ્બરની મધરાતે ગૌહતિની ઘટના કરતાં પણ વધુ શરમજનક ઘટના બની હતી. મુંબઈના પ્રસિદ્ધ ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી કરવા આશરે એક હજાર લોકોનુ ટોળુ એકઠું થયું હતું અને શોરબકોર મચાવી રહ્યું હતું. આ ટોળામાં એક ૧૮ વર્ષની યુવતી પણ હતી, જે પોતાના બોયફ્રેન્ડ સાથે નવા વર્ષની ઉજવણી કરવા આવી હતી. આ યુવતીએ મિની સ્કર્ટ પહેર્યું હતું. ઉજવણીની ધમાલમાં આ યુવતીને કોઈએ ધક્કો માર્યો એટલે તેણે વિરોધ કર્યો. યુવતીને પાઠ ભણાવવા ૭૦ થી ૮૦ યુવાનો એકઠા થઈ ગયા અને તેનાં કપડાં ઉતારવા લાગ્યા. યુવતીના બોયફ્રેન્ડની પિટાઈ કરી તેમણે તેને અલગ પાડી દીધો. યુવતી "બચાઓ ! બચાઓ !"ની ચીસો પાડતી રહી પણ કોઈ તેની મદદે આવ્યું નહીં. આંખોમાં શયતાની આનંદ સાથે તોફાની યુવાનોએ તેને સંપૂર્ણ નગ્ન કરી નાખી. આ ઘટનાની કોઈએ ફિલ્મ પણ ઉતારી લીધી. બધુ પતી ગયા પછી પોલીસ આવી અને યુવતીને બચાવી લીધી. જે ગેટ વે ઉપર આશરે એક હજાર લોકો આ ધૃણાસ્પદ ઘટના નિહાળી રહ્યા હતા, તેમાંના કોઈએ યુવતીને બચાવવાની હિંમત કરી નહીં.*

*ગેટ વે ઓફ ઈન્ડિયાની ઘટનાના બરાબર એક વર્ષ પછી મુંબઈના પોશ ઈલાકા ગણાતા જુહુની ફાઈવ સ્ટાર હોટેલ જે. ડબલ્યુ મેરિયટની બહાર આવા જ પ્રકારની ઘટના બની હતી. બે યુવકો પોતાની ગર્લફ્રેન્ડો સાથે ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી કરવા મેરિયટ હોટેલમાં ગયા હતા. હોટેલની બહાર જેમની પાસે ફાઈવ સ્ટારમાં પાર્ટી કરવા જેટલા રૂપિયા નહોતા એવા સેંકડો લોકો રસ્તા ઉપર પાર્ટી કરવા એકઠા થયા હતા. મોડી રાત્રે લગભગ ૧.૪૫ કલાકે બે યુવકો અને યુવતીઓ મેરિયટ હોટલમાંથી બહાર નીકળ્યા ત્યારે આશરે ૪૦ તોફાની યુવાનોના ટોળાએ આ યુવતીઓની છેડતી કરવા માંડી અને તેની બાબતમાં ગંદી કોમેન્ટ કરવા માંડી. યુવતીઓએ અને તેમના બોયફ્રેન્ડોએ તેનો વિરોધ કર્યો એટલે ટોળુ તેમની ઉપર તૂટી પડયું. તેમણે યુવતીઓનાં કપડાં ફાડી નાખ્યાં. અને તેમના બોયફ્રેન્ડોને માર માર્યો. જોતજોતામાં ટોળુ વધી ગયું અને બીજા લોકો પણ આ બદમાશ યુવાનો સાથે જોડાઈ ગયા. અડધા કલાક પછી પોલીસ આવી અને યુવતીઓનો છૂટકારો થયો."*

આ હતા મુંબઈ નગરીના શરમજનક બનાવો. આવો ! હવે પટણા તથા દિલ્હીના અમુક બનાવોની ઝલક જોઈ લઈએ. "ગુજરાત સમાચાર"ના એ જ લેખમાં આગળ છે :–

*"બિહારની રાજધાની પટનામાં પણ ઈ.સ. ૨૦૦૯ની ૨૪મી જુલાઈએ આ પ્રકારની ઘટના બની હતી. પટનાના એક્ઝિબિશન રોડ ઉપર આવેલી રેસ્ટોરન્ટમાં એક ૨૦ વર્ષની યુવતી પોતાના પુરૂષ મિત્ર સાથે બેસીને નાસ્તો કરી રહી હતી. અચાનક એક યુવાન આવ્યો અને તેણે યુવતી ઉપર મોબાઈલ ચોરી કરવાનો આરોપ મૂક્યો. યુવતીએ ઈન્કાર કર્યો એટલે યુવાને તેના શરીરની ઝડતી લેવા માંડી. યુવતીએ ભાગવાની કોશિશ કરી એટલે યુવાન તેની પાછળ દોડયો. હવે તમાશો રસ્તા ઉપર ચાલુ થયો. તમાશો જોવા લોકોનું ટોળુ એકઠું થઈ ગયું. આ ટોળાંની સામે યુવાને યુવતીને નગ્ન કરી, પણ તેનો વિરોધ કરવા કોઈ આગળ આવ્યું નહીં. તેમાનાં એકે પોતાના મોબાઈલ વડે આ ઘટનાની મૂવી ઉતારી લીધી. આ પ્રકારની ઘટનાઓને અટકાવવાને બદલે તેને ફિલ્મ ઉતારવામાં બહાદુરી સમજનારા લોકોની*

*માનસિક્તા પણ તપાસવાની જરૂર છે.*

*ભારતના પાટનગર દિલ્હીમાં સ્ત્રીઓની છેડતીની અને બળાત્કારની ઘટનાઓ નિયમિત બનતી રહે છે. દિલ્હીમાં શ્રીમંતોના એવા નબીરાઓ વસે છે, જેમની પાસે પૈસા છે અને પાવર છે. તેમને સ્ત્રીઓની છેડતી કરવામાં અને કાયદાઓનો ભંગ કરવામાં કોઈનો ભય નડતો નથી, કારણ કે તેમને ખબર છે કે ગુનો કરીને પણ તેઓ છટકી જવાના છે. દિલ્હી નજીક આવેલાં ગુરગાંવમાં આ વર્ષના ખ્રિસ્તી નવા વર્ષની ઉજવણી વખતે જ એક શરમજનક ઘટના બની હતી. ગુરગાંવના એક પોશ મોલની અંદર એક પબ આવેલું છે. આ પબમાં નવા વર્ષની પાર્ટી ચાલી રહી હતી.*

*કેટલાક લુખ્ખા યુવાન મોલની બહાર નવા વર્ષની ઉજવણી કરવા ટોળે વળ્યા હતા. રાતના લગભગ એક વાગ્યે એક યુવતી તેના બોયફ્રેન્ડ સાથે આ પબમાં પાર્ટી કરીને બહાર આવી રહી હતી ત્યારે કેટલાક યુવકોએ તેની સામે અભદ્ર કોમેન્ટ કરી હતી. યુવતીના બોયફ્રેન્ડે તેનો વિરોધ કર્યો એટલે તેની મારપીટ કરવામાં આવી હતી. એકલી પડી ગયેલી યુવતી ઉપર ૨૦ યુવાનોએ બળાત્કાર કરવાની કોશિશ કરી હતી અને તેનાં કપડાં ફાડી નાખ્યાં હતાં. આ યુવાનોએ યુવતીનું અપહરણ કરવાની કોશિશ પણ કરી હતી, પણ ત્યાં પોલીસ આવી ચડી હતી.*

*દિલ્હી શહેર હવે મહિલાઓ માટે અસલામત બની ગયું છે. અહીં રાત્રે આઠ વાગ્યા પછી એકલી સ્ત્રી સડક ઉપર નીકળવાની હિંમત કરતી નથી. તેમાં પણ જે સ્ત્રીઓ કોલ સેન્ટરમાં કે હોસ્પિટલમાં નાઈટ ડયૂટી કરતી હોય તેમને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવામાં જોખમ વધી રહ્યું છે. મોડી સાંજે દિલ્હીના શ્રીમંત નબીરાઓ પોતાની એક એસયુવી કાર લઈને મોજ કરવા નીકળે છે. તેઓ કોઈ એકલી યુવતીને બસ સ્ટેન્ડ ઉપર બસની રાહ જોતી જુએ તો તેને લિફ્ટ આપવાના બહાને કારમાં ખેંચી લે છે અને ચાલતી કારે તેના ઉપર બળાત્કાર ગુજારીને તેને રસ્તા ઉપર છોડી દે છે. દિલ્હી શહેરના બગીચાઓમાં રાતના સમયે પ્રેમી યુગલો એકાંતમાં બેઠા હોય તેની પાસે તેઓ પહોંચી જાય છે અને યુવતીઓની છેડતી કરે છે. આ દુષ્કૃત્ય પાછળ એવી માનસિક્તા કામ કરી રહી હોય છે કે આ યુવતીઓ લૂઝ કેરકટરની હોવાથી સજાને પાત્ર હોય છે. આ સજા કરવાના નામે તેઓ પોતાની વિકૃત વાસનાને સંતોષી લેતા હોય છે. આ કાર્ય ટોળામાં થતું હોવાથી તેમને પકડાઈ જવાનો ડર પણ રહેતો નથી." (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)*

## ★ કહેવાતા સ્ત્રી આઝાદીના દૌરમાં સ્ત્રી બીજા લગ્ન પણ ન કરી શકે ! ★

સંજોગોવસાત પતિ મૃત્ય પામે અથવા છૂટાછેડા થઈ જાય તો સ્ત્રી ઈજ્જતની જિંદગી ત્યારે જ જીવી શકે છે કે તેની રક્ષા કરનારો તેનો ધણી હોય. નહીં તો એવી એકલી સ્ત્રીને શંકાની દૃષ્ટિએ લોકો જોતા હોય છે અથવા તેને ફસાવતા હોય છે. અહીં જે પ્રસંગ રજૂ થયો છે તે કોઈ સામાન્ય સ્ત્રીનો નહીં પણ "આસામ વિધાન સભાના સભ્ય"નો છે. જો કહેવાતા સ્ત્રી આઝાદીના આ યુગમાં ઉઘાડે છોગે જ્યારે આવા હોદ્દાધારીની આ સ્થિતિ થાય તો સામાન્ય વિધવાઓ કે ત્યક્તાઓની શું હાલત થતી હશે ? લો જોઈ લો ! એ જ દૈનિક પત્ર લખે છે :–

*"હજી ૧૫ દિવસ પહેલાં જ ગૌહાટીમાં આસામની વિધાનસભાનાં કોંગ્રેસી મહિલા સભ્ય શ્રીમતી રૂમી નાથની જાહેરમાં પિટાઈ કરવામાં આવી હતી. અને તેમનાં કપડાં ફાડી નાખવામાં આવ્યા હતાં.*

*રૂમી નાથનો ગુનો એટલો હતો કે તેણે બીજાં લગ્ન કર્યાં હતાં. રૂમી નાથ પોતાના બીજા પતિ સાથે એક હોટેલમાં બેઠી હતી ત્યારે સેંકડો લોકોનું ટોળું ત્યાં ધસી આવ્યું હતું અને રૂમી નાથને અને તેના*

*પતિને મારવા લાગ્યું હતું. તેમાના કેટલાક દારૂ પીધેલી હાલતમાં હતા. તેમણે રૂમી નાથનાં કપડાં ફાડી નાંખ્યાં હતાં અને તેની ઉપર બળાત્કાર કરવાની કોશિશ કરી હતી. રૂમી નાથ ગર્ભવતી છે એ વાતની પણ તેમણે પરવા નહોતી કરી. રૂમી નાથ ઉપર હુમલો કરનારા લોકો એવા હતા કે જેમને આ બીજા લગ્નથી કોઈ ફરક પડતો નહોતો. તેઓ સમાજની નીતિમત્તાનો ઠેકો લઈને ફરનારા લોકો હતા. આવા લોકો દરેક સમાજમાં હોય છે." (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)*

ઈસ્લામમાં વિધવાએ લગ્ન કરવા અયબ નથી, બલ્કે એની ઈજાઝત આપી અને એને મુસ્તહસન તથા મુસ્તહબ (સારુ કામ) બલ્કે કેટલાક સંજોગોમાં વાજિબ (અનિવાર્ય) ઠરાવેલ છે. જેમ કે વિધવાના ભરણ પોષણની સમસ્યા હોય અથવા યુવાનીના કારણે ગુનાહમાં પડવાનો કે કોઈના હુમલાનો ભય હોય. ગમે તેટલા પતિ મૃત્યુ પામતા જાય પણ તેણી નિકાહ કરી શકે છે. એમાં કાંઈ ગુનોહ કે શરમની વાત નથી, શરમ તો વ્યભિચારી થવામાં છે !

એ જ "ગુજરાત સમાચાર"માં અંતમાં લખ્યું છે :–

*"પુરૂષોએ પોતાની આ રૂગ્ણ માનસિક્તા બદલવાની જરૂર છે. સ્વતંત્રતાનો આનંદ લૂટવા ઘરની બહાર નીકળનારી પ્રત્યેક સ્ત્રીએ આવી માનસિક્તા ધરાવતા પુરૂષોથી પોતાનું રક્ષણ કરવાની સતર્કતા રાખવાની અને બહાર નીકળતી વખતે સાવધાની વર્તવાની જરૂર છે." (ગુ. સ. ૧૫–૭–૨૦૧૨)*

શું આ દૈનિક પત્રની જણાવેલી આટલી જ વાત સ્ત્રીની ઈજ્જતની રક્ષા માટે પૂરતી છે ? શું એમની આટલી ટકોરથી પુરૂષો સુધરી જશે ? અને સ્ત્રીઓ પોતાનુ રક્ષણ કરવા કઈ રીતની સતર્કતા તથા સાવધાની રાખે એ તો બતાવ્યું નથી ! આવો, આવી ફજેતીઓ રોકવાનો ઈલાજ ઈસ્લામે શું દર્શાવ્યો છે તેનો અભ્યાસ કરીએ. જો એના પર અન્ય ધર્મીઓ પણ અમલ કરી લે તો સ્ત્રી ફજેતીની તથા બેઈજ્જતીની આવી શરમજનક ઘટનાઓનો દુનિયામાંથી ખાતમો થઈ શકે છે.

## ★ સ્ત્રીની ઈજ્જતની રક્ષા તથા તેણીનુ મહત્વ દર્શાવતા ઈસ્લામી હુકમો ★

ઉપરોક્ત લખાણમાં આપે જોયું કે તે વર્તમાન જગત જે આમ તો પોતે "સ્ત્રી આઝાદી"ની બૂમો પાડે છે પણ સ્ત્રીની સરેઆમ કેવી બેઈજ્જતી કરી રહ્યું છે તેનો ચિતાર જોઈ લીધો. આવો ! હવે આઝાદી કોને કહેવાય અને ઈજ્જત કઈ રીતે સચવાઈ તેના સૌની બુદ્ધિમાં સમાય તેવા નુસ્ખા તથા હુકમો જોઈ લો. આજે સૌ સમજે છે કે આપણા સમાજની દીકરીઓ તથા સ્ત્રીઓ શરીર પ્રદર્શન કરતા પશ્ચિમી બેહયા કૌમની ફેશન ધરાવતા ડ્રેસો પહેરીને નીકળે છે અને કોલેજો, કલબોમાં, બજારોમાં આવરગીથી ફરે છે અને પરપુરૂષોની ઝેરીલી નજરોનું કેન્દ્ર બને છે, પોતે પણ સ્ત્રી આઝાદીના નશામાં પર પુરૂષોથી નજરો લડાવે છે, બોયફ્રેન્ડનું રૂપાળુ નામ આપી નાલાયક યુવાનો સાથે ગમ્મતો મશ્કરીઓ કરે છે. હાથો મિલાવે છે, જોડે ફરવા નીકળે છે જેના પરિણામે છેલ્લે ઝિના થાય છે અને તેનાં ભયાનક પરિણામો પણ ઉદ્ભવે છે એમાં આત્મહત્યા કે ઝઘડા બલ્કે હુલ્લડો તથા ખૂનામરકી પણ થાય છે. આ છે કહેવાતી સ્ત્રી આઝાદીનું પરિણામ ! પણ આ ખરાબીઓથી સમાજને પવિત્ર તથા સુકૂનવાળો રાખવા માટે કુર્આનમાં રબ તઆલાનો આદેશ છે કે :–

"જ્યારે તમે એમનાથી કોઈ સામાન માગો તો પર્દાની પાછળથી માગો, આ તમારા અને એમનાં **દિલોના માટે અધિક સાફ સ્વચ્છ રીત** છે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૪)*

દિલ બહેકે છે, દિલમાં શૈતાની ખયાલ આવે છે ત્યાર પછી જ સર્વ ગુનાહનાં કામો પ્રતિ માણસ આગળ વધે છે. પણ **ઈસ્લામે દિલ પર જ પહેરો બેસાડી આપ્યો કે પર્દા પાછળ સ્ત્રી રહે તો ન નજર મળે ન દિલ બહેકે ન ખરાબી જન્મ આપે ન સ્ત્રીની બેઈજ્જતી થાય ન સમાજમાં ઝઘડા, ફસાદ, આત્મહત્યા કે ખૂનામરકી જન્મ પામે. કેટલો પ્યારો આદેશ છે !** કાશ ! કે દુનિયા એના પર અમલ કરી લે તો જગભરતમાં અમ્નોશાંતિ જોવા મળે. આજે નાજાઈઝ લફરાંઓના કારણે ઠેરઠેર આત્મહત્યા તથા ખૂનો કરવાના તથા ઝઘડાઓ થવાના સમાચારો આ જ વર્તમાનપત્રોમાં આપણે જોઈએ છીએ કે નહીં ?!

## ★ સ્ત્રીનો ફેશનેબલ ડ્રેસ જ પુરૂષોને ઝિનાનું નિમંત્રણ આપે છે ! ★

ઉપરોક્ત કુર્આની હુકમ પ્રમાણે સ્ત્રી પર્દાની અંદર રહેવાને બદલે શણગાર કરીને ઘરેથી નીકળી પડે છે તો ઘરેથી નીકળી ફરી ઘરે પહોંચતાં સુધી હજારો બુરી નજરોનાં ઝેરીલાં તીરોનો તેણી સામનો કરતી રહે છે, તેનાથી ગભરાવા શરમાવાને બદલે મનમાં મલકાય છે કે હું કેટલી સુંદર લાગુ છું કે લોકો મને તાકી રહ્યા છે ! અને આવી સ્ત્રીઓ કોઈક શૈતાનના હાથોમાં ક્યારેક જઈ પડે છે તો ગુનાહોના સમંદરમાં ભરતી લાવી દે છે અને અલ્લાહના અઝાબને રજીસ્ટર્ડ કરાવી લે છે અને પછી ઉપરોક્ત જણાવ્યા તેવા ખતરનાક બનાવોનો શિકાર પણ બને છે. એવું ન બને એટલે જ **સ્ત્રીઓને રબ તઆલાનો આદેશ** થયેલો છે કે : "અને પોતાનો શણગાર ન દેખાડો, પણ જેટલો (ચહેરો અને હથેળીઓ સિવાય સર્વ ઢાંકે માથુ, વાળ, ગળુ વગેરે પગ સુધી) આપો આપ જ જાહેર છે અને ઓઢણીઓ પોતાની ગરદન પર રાખેલી રહે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૩)*

અને પરાયા પુરૂષો સમક્ષ જરૂરત પૂરતુ જવાનુ થાય કે પસાર થવાનુ થાય તો **ચહેરો પણ ઢાંકી લે** જેમ કે **રબનું ફર્માન** છે, "હે નબી ! પોતાની પત્નીઓ, પુત્રીઓ તથા મુસલમાન સ્ત્રીઓને કહી દો કે **પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે** એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ : ૫)*

ભાઈઓ તથા બહેનો ! સ્ત્રીને ઈસ્લામે ગુલામડી નથી સમજી બલ્કે મહત્વની ચીજ તથા ઈજ્જતને પાત્ર સમજી છે ત્યારે જ તો તેની ઈજ્જત બચાવવાના આવા આદેશો થઈ રહ્યા છે. **આઝાદી એને કહે છે કે ઈન્સાન સુકૂનથી જીવન જીવી શકે, અહીં તો એવી આઝાદી છે કે નગ્ન થઈને હરો ફરો ને જિંદગીમાં ભયાનક મુસીબતો વહોરો ! અને ચૈન સુખને બદલે હમેશાંની ઉલઝનો વહોરો ! કેટલીક બહેનો કાંઈક કારણસર મોઢે કપડુ બાંધે છે જ્યારે હાથો ખુલ્લા, ફીટો ફીટ કપડાં હોય છે જે લોકોમાં અધિક આકર્ષણ ઊભુ કરે છે !** તો આ પર્દો નથી પણ પોતાની ઓળખ છુપાવવાની બુકાનીધારી જેમ એક રીત છે ! તો એનાથી તૌબા કરે અને ઈસ્લામી સંપૂર્ણ પર્દો અપનાવે.

## ★ સ્ત્રી ઈજ્જત ચાહતી હોય તો અવાજ પણ ધીમો રાખે ★

વળી આજકાલ મોર્ડન યુવતીઓ નખરાં સાથે જોર જોરથી વાતો કરીને લોકોને આકર્ષે છે. આમેય સ્ત્રીના અવાજમાં આકર્ષણ હોય છે જેનાથી દિલના રોગી એ પ્રતિ જોવા લલચાય છે. અને આ રીતે ગુનાહનો માર્ગ મોકળો બને છે. એટલે આ ખરાબીઓને ઉગતી દાબી દેવા માટે **સ્ત્રીઓને રબ તઆલાનો**

**આદેશ** થયો :–

"જો અલ્લાહથી ડરતી હોઉં તો નઝાકતથી (નખરા સાથે) વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે." *(સૂરએ અહઝાબ, પારા : ૨૨, રુકૂઅ : ૧)*

આશ્ચર્યની વાત છે કે જેમને જોરથી બોલવાની છૂટ છે તે પુરૂષો વાતો કરશે તો ધીમી કરશે અને જેમને ધીમેથી બોલવાનો હુકમ છે તે સ્ત્રીઓ હમેશાં મોટાભાગે જાહેરમાં પણ જોર જોરથી વાતો કરે છે ! જ્યારે કે રસૂલે પાક ﷺનું પણ ફર્માન છે કે, "કાનોનો ઝિના સાંભળવું અને જીભનો ઝિના વાતચીત કરવું છે." આ હુકમો બુરાઈના નિકંદન માટે છે અને સારા સુઘડ હયાવાળા પવિત્ર સંસ્કૃત સમાજના ઘડતર માટે જ છે. ફિક્હમાં હુકમ છે : "યુવાન પરસ્ત્રીનો અવાજ સાંભળવો નાજાઈઝ છે. હા ! શરઈ જરૂરત હોય, જેમ કે ગવાહી વગેરે તો સાંભળવો જાઈઝ જ નથી બલ્કે કદીક વાજિબ તથા જરૂરી થઈ જાય છે." *(અલ્બરીકહ શરહુત્તરીકહ, પેજ : ૧૧૯૨, પર્દો શા માટે ?)*

**★ તમામ માનવોને પોશાક વિશે ઈસ્લામનું માર્ગદર્શન ! ★**

આજે સ્ત્રીઓ નગ્નતાવાળા સીધા માણસની પણ વાસના ભડકાવનારા અવનવા ડ્રેસો પહેરીને ફરતી થઈ ગઈ છે જેથી ઉપર દર્શાવ્યા તેવા બનાવો વધવા માંડયા છે પણ એને રોકવા **ઈસ્લામ શું ડ્રેસ કોડ આપે છે** તે જુઓ ! **સમગ્ર માનવોને સંબોધીને રબ તઆલા ફર્માવે છે :–**

"હે આદમની ઔલાદ ! મેં તમારા તરફ એક પોશાક ઉતાર્યો જે તમારી શરમની જગાઓને છુપાવે અને એક તે જે તમારી શોભા થાય, અને પરહેઝગારીનો પોશાક ભલો છે. આ અલ્લાહની નિશાનીઓમાંથી છે કે ક્યાંક તેઓ નસીહત માને." *(સૂરએ અઅ્રાફ, પારા : ૮, રુકૂઅ : ૧૦)*

એટલો પોશાક ફરજ છે કે જેનાથી સતર (છુપાવવાનાં અંગો) ઢંકાઈ જાય અને ગરમી તથા ઠંડીની તકલીફથી બચે, અને એનાથી વધારે જેને શણગારનો હેતુ હોય, અલ્લાહની આપેલ નેઅમતને જાહેર કરવામાં આવે તે મુસ્તહબ છે. *(બહારે શરીઅત, ૧૬/૩૮)*

જે અંગોને છુપાવવું ફર્ઝ છે એને ઔરત (છુપાવવાની ચીજ) કહે છે. સ્ત્રી માટે અગાઉ વર્ણવ્યું તેમ **ચહેરાનું ચોકઠુ** અને **હાથની હથેળીઓ સિવાય સર્વે અંગો છુપાવવાનો હુકમ** છે. અને જરૂરતના સમયે ચહેરો પણ છુપાવે." **પુરૂષના માટે ડૂંટીની નીચેથી ગુથણો સુધી** ઔરત (છુપાવવાની જગા) છે. એમાંથી લોકો સામે કોઈ ભાગને શરઈ કે તબઈ જરૂરત વિના ખોલવું **હરામ** છે. **આજકાલ પશ્ચિમી બેહયા ફાસિક઼ લોકો જેમ યુવાનોમાં પણ ચડ્ડા તથા ખૂબ ટૂંકા પેન્ટ પહેરવાની પશ્ચિમી ફાસિક઼ ક઼ૌમ જેવી ફેશન ચાલી નીકળી છે જેમાં કેટલાક ફખ્ર તથા બહાદુરી સમજે છે. જેનાથી કેટલાકમાં તો ડાયરેક્ટ જાંગો દેખાય છે તો કેટલાકમાં ઉઠવા બેસવામાં તથા સ્કૂટર કે મોટરમાં બેસવામાં જાંગો ખુલી જાય છે કે ખુલવાની શક્યતા રહે છે.** પણ સાંભળો ! **જાંગો ખોલવી હરામ છે** જેના વિશે અલ્લાહના રસૂલ ﷺ શું કહે છે :–

૧. હઝરત જરહદ رضي الله عنهથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું તને ખબર નથી જાંગ શરમની જગા છે !"

૨. હઝરત અલી كرم الله وجهه الكريمથી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હે અલી ! પોતાની જાંગ જાહેર ન કરો અને કોઈ જીવંત કે મુર્દાની જાંગ ન જુઓ." *(મિશ્કાત, સુનને અબૂ દાઊદ)*

૩. મુહમ્મદ બિન જહશથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એક વૃદ્ધની પાસેથી પસાર થયા અને એની જાંગો ખુલ્લી હતી તો આપે ફર્માવ્યું, "હે વૃદ્ધ ! તમારી જાંગોને છુપાવો ! કેમ કે જાંગ છુપાવવાની ચીજ છે !" *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૨૬૯)*

આ પરથી **ચડ્ડા તથા ફેશનવાળા ઊંચા પેન્ટ પહેરનારા યુવાનો તેમજ લુંગીને લંગોટ જેમ બાંધનારા વડીલો બોધ લેશે ?!** ઈન્શાઅલ્લાહ !

## ★ પુરૂષો સ્ત્રી જેવો અને સ્ત્રીઓ પુરૂષ જેવો દેખાવ ન બનાવે, નહીં તો..?! ★

આજકાલ પુરૂષો જેમ જિન્સ પેન્ટ પહેરવું, ટી શર્ટ, હાફ બાંય કે બાંય વિનાનું પહેરવું, વાળ કપાવવું....વગેરે સ્ત્રીઓમાં ચાલી નીકળ્યું છે, તો એવી ભાયડાછાપ સ્ત્રીઓને સાવધાન કરવા ઈસ્લામી આદેશો જોઈ લો ! તેમજ સ્ત્રીઓ જેમ દેખાવ બનાવનારા પુરૂષો, જેમ કે દાઢી મૂંડાવવી, કાનમાં રીંગ પહેરવી, ગળામાં સોના, ચાંદી કે અન્ય ધાતુની ચેઈન પહેરવી, હાથોમાં બંગડીઓ, લોકીટ વગેરે પરોવી શણગાર કરવો... વગેરે કરનારા પુરૂષો પણ ઈસ્લામી આદેશ વાંચે અને બોધગ્રહણ કરે.

૧. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : અલ્લાહના રસૂલ ﷺએ સ્ત્રી જેવા બનનારા પુરૂષો અને પુરૂષ સમોવડી બનનારી સ્ત્રીઓ પર **લઅનત** મોકલી. (લઅનત એટલે રબની રહમતથી દૂર થવું)

૨. બીજી રિવાયતમાં છે : રસૂલુલ્લાહ ﷺએ સ્ત્રીઓ જેવો દેખાવ અપાવનારા પુરૂષો તથા પુરૂષો જેવો દેખાવ અપનાવનારી સ્ત્રીઓ પર **લઅનત** મોકલી છે. *(રિયાઝુસ્સાલિહીન, બહવાલા બુખારી–૬૨૫)*

૩. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ એ પુરૂષ પર જે સ્ત્રીઓનો પોશાક પહેરે અને એ સ્ત્રી પર જે પુરૂષોનો પોશાક અપનાવે **લઅનત** મોકલી છે. *(સુનને અબૂ દાઊદ, ૨/૨૧૨)*

૪. પુરૂષોની સરખામણીથી બચવા ઓઢણીઓમાં પણ સાવધાનીનો હુકમ ફર્માવ્યો. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا રાવી છે : નબી ﷺ એમની પાસે તશરીફ લાવ્યા અને તેણી દુપટ્ટો ઓઢી રહ્યાં હતાં. આપે ફર્માવ્યું એક જ આંટો મારો ! બે આંટા ન મારો ! *(૨/૨૧૪)* કારણ એ હતું કે એમાં પુરૂષોના અમામા જેમ ન થઈ જાય. જેમ કે આજકાલ કેટલીક બહેનો માથા પર ઓઢણી અમામા જેમ કામ કરતી વેળા વિંટી દે છે તો એનાથી બચે.

ઈસ્લામમાં આ સર્વ બાબતોની પાબંદી એટલા માટે જ છે કે શરમો હયા સમાજમાં બાકી રહે અને કોઈ ફિત્નો ફસાદ ઉભો ન થાય અને એક સુકૂનવાળો સમાજ અસ્તિત્વ પામે.

## ★ આ વાતો ઈસ્લામે ૧૪૦૦ વરસો પહેલાં બતાવી છે ! ★

આપે દૈનિક પત્ર "ગુજરાત સમાચાર" તા. ૧૫–૭–૨૦૧૨ના હવાલાથી ગૌહતિની યુવતી પર ૨૦ યુવાનોના જાહેરમાં બળાત્કારની ઘટના વાંચી એના પ્રત્યાઘાતરૂપે "રાષ્ટ્રીય મહિલા પંચ"ના અધ્યક્ષ મમતા શર્મા (ન્યુ દિલ્હી)એ પણ કહેવું પડયું કે, *"આઝાદીના ૬૩ વરસો પછી આ પહેરો કે તે ન પહેરો એમ કહેવું યોગ્ય નથી. તમને (બહેનોને) અનુકૂળ આવે તેવો પોશાક પહેરો, પરંતુ સાથે સાથે યોગ્ય કાળજી પણ રાખો.* ***પશ્ચિમનું આંધળુ અનુકરણ (એટલે નગ્નતાવાળો પોશાક પહેરવો)***

***કરવાથી આપણી સંસ્કૃતિને જ નુકસાન પહોંચશે અને આવી ઘટનાઓ બનશે."*** *(ગુજરાત સમાચાર, તા. ૨૧–૭–૨૦૧૨)*

જો કે એમના આ નિવેદનનો પણ ખૂબ જ વિરોધ થયો હતો ! જેવી રીતે કે ન્યૂયોર્કમાં બનતી બળાત્કારની ઘટનાઓ રોકવા બાબતે ત્યાંના પોલીસ કમિશ્નરે એકવાર યુવતીઓને પોતાનો પોશાક વ્યવસ્થિત પહેરવા રિકવેસ્ટ કરી હતી તો તેના વિરુદ્ધમાં પૂરા અમેરિકા બલ્કે દિલ્હી વગેરેમાં પણ નગ્નતાભર્યા પોશાકો પહેરી યુવતીઓના સંગઠનોએ રેલીઓ કાઢી અને તેનો વિરોધ કરી તેમની પાસે એ નિવેદન પાછુ ખેંચાવી માફી મંગાવી હતી ! એટલે હવે સ્થિતિ એવી થઈ ગઈ છે કે **સારી વાત કહેવી ગુનો છે નગ્ન ફરવું ગુનો નથી !**

જો કે હિંદુસ્તાનમાં ઈન્દોર ખાતે રાષ્ટ્રીય મહિલા પંચના અધ્યક્ષ મમતા શર્માના નિવેદનના સમર્થનમાં મધ્ય પ્રદેશના ઉદ્યોગ મંત્રી કૈલાશ વિજય વર્ગીયએ આ શબ્દો કહ્યા હતા : *"સ્ત્રીઓની સલામતી અને તેમને મળતો આદર તેઓ શું પહેરે છે અને કેવી રીતે વર્તે છે એના પર આધાર રાખે છે. મહિલાઓનો પહેરવેશ અને વર્તન ભારતીય સંસ્કૃતિ મુજબ હોવો જોઈએ. સ્ત્રીઓની ફેશન, રહેણીકરણી અને આચરણ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ હોવું જોઈએ. સ્ત્રીઓએ એવાં કપડાં ન પહેરવાં જોઈએ કે જેથી લોકો તેમની સાથે દુર્વ્યવ્હાર કરવા પ્રેરાય.* ***સ્ત્રીઓએ એવા પોશાક પહેરવા જોઇએ કે જેથી લોકોમાં તેમના પ્રત્યે આદર જન્મે.*** *કમનસીબે સ્ત્રીઓ ઉત્તેજક પોશાક પહેરે છે અને પરિણામે સમાજ ગેર માર્ગે દોરાય છે." (ગુજરાત સમાચાર, તા. ૨૩–૭–૨૦૧૨)*

કહો ! શું આ જાણ્યે અજાણ્યે ઈસ્લામી પર્દાને સમર્થન છે કે નથી ?! ભાઈઓ તથા બહેનો ! જો નિષ્પક્ષપણે ઈન્સાફથી ઈસ્લામી ક઼ાનૂનો તથા હુકમોનો અભ્યાસ કરવામાં આવે તો દિમાગ રોશન થઈ જશે અને કહેવું પડશે કે ખરેખર જો ઈસ્લામી આદેશોને અનુસરવામાં આવે તો સ્ત્રીઓ કશાય ભય વિના સ્વતંત્રતાથી હરી ફરી શકે છે અને સમાજની સર્વ ખરાબીઓ દૂર થઈ શકે છે.

## ★ ઈસ્લામના હુકમોની આ ખૂબીઓ બીજે ક્યાંય જોવા નહીં મળે ! ★

દુનિયાના માહોલને તથા સમગ્ર સમાજને ખરાબીઓથી બચાવવા માટે ઈસ્લામે જડમૂળથી વ્યભિચારની ખરાબીને દૂર કરવા તથા તેને પ્રવેશતી જ અટકાવવા માટે કેટલા ઉમદા આદેશો આપ્યા છે ! જુઓ કુર્આનમાં રબનું ફર્માન છે :–

"મુસલમાન પુરૂષોથી ફર્માવી દો કે **પોતાની નજરો નીચી રાખે** અને **પોતાની શર્મગાહોની હિફાઝત કરે,** આ એમના માટે ઘણુ સુથરુ છે. બેશક ! અલ્લાહને એમનાં કામોની ખબર છે." *(પારા : ૧૮, રુકૂઅ : ૧)*

એક જગા પર આ પ્રમાણે ઈર્શાદ છે : "બેશક ! કાન, આંખ, દિલ સૌની પૂછતાછ થશે." *(સૂરએ અસ્રા)*

એક ઠેકાણે ઈર્શાદ છે : **"અલ્લાહ જાણે છે નજરોની ચોરીને અને દિલમાં છુપાયેલ વાતોને."**

સારાંશ કે **પરસ્ત્રીનો ચહેરો જોવો પણ જાઈઝ નથી તો બીજા અંગોને તાકવાં કેટલા અંશે હરામ થશે અને અલ્લાહ કેટલો એનાથી નારાજ થશે ?!** તે વિચારો ! કેવળ ગવાહ કે ક઼ાઝી માટે અને નિકાહ કરવા ઈચ્છનાર માટે ચહેરો જોવાની ઈજાઝત છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, નિસ્ફ આખિર)*

માણસની નજરો જ સૌ પ્રથમ સ્ત્રીની નજરો સાથે ટકરાય છે અને દિલોમાં ખોટ હશે તો આપસમાં આકર્ષણ જન્મતાં મામલો ઝિના સુધી પહોંચે છે અને પછી તેમાંથી સામાજિક ખરાબીઓ તથા અજંપા અને અશાંતિ ઉભી થાય છે, **જેથી જ નજરો પર ઈસ્લામે પાબંદી લગાડી** છે. જુઓ સહીહ મુસ્લિમ શરીફમાં હઝરત જરીર બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہની રિવાયત નક્લ થયેલ છે : "મેં રસૂલુલ્લાહ ﷺથી **અચાનક નજર પડવાના** વિશે સવાલ કર્યો તો આપે હુકમ આપ્યો કે **નજર ફેરવી લો."** *(મિશ્કાતુલ મસાબીહ, પેજ : ૨૬૮)*

મુસ્નદે ઈમામ અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ તથા દારમીએ હઝરત બુરીદા رضی اللہ عنہની રિવાયત નક્લ કરી કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત અલી کرم اللہ وجہہ الکریمથી ફર્માવ્યું, "હે અલી ! એક નજરના પછી બીજી નજર ન જુઓ ! **પહેલી નજર (ઈરાદા વિનાની) માફ** છે પણ **બીજીવાર જોવાની રજા નથી."** *(પેજ : ૨૬૯)*

એક હદીષમાં છે : "વળી એકબીજાને જોનાર જોવડાવનાર પરપુરૂષ પરસ્ત્રી બંને પર અલ્લાહ લઅનત ફર્માવે છે. તેમજ ફર્માને રસૂલ છે કે, "જેણે કોઈ સ્ત્રીનો વિચાર કર્યો અને એનાં કપડાંઓને જોયાં ત્યાં સુધી કે તેનાં અંગોના ભાગો તેની સમક્ષ જાહેર થઈ ગયાં તો તે **જન્નતની ખૂશ્બૂ પામશે નહીં."** *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, નિસ્ફ આખિર)*

હવે અંતમાં બદ્ નઝરથી બચનારાઓ વિશે પણ ખુશખબરીઓ સાંભળી લો અને તેના હક્કદાર બનવા જરૂર કોશિશ કરો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી મરફુઅન્ હદીષે કુદ્સી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે અલ્લાહે ફર્માવ્યું, **"નજર ઈબ્લીસનું એક ઝહેરથી બુઝાવેલ તીર છે ! જે મારા ડરથી એને ત્યજી દે છે એના બદલે એવું ઈમાન અતા કરું છું જેની મીઠાશ તે પોતાના દિલમાં અનુભવે છે."** *(તિબ્રાની, હાકિમ, અલ બરીકા, પેજ : ૧૧૯૭)* આ મહાન ખુશખબરી પરાયી સ્ત્રીઓની તરફ નજર કરવાથી બચનારાઓ માટે છે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન રિવાયત છે : "કયામતના દિવસે દરેક આંખ આંસૂ વહાવશે, પણ **તે આંખ જેણે અલ્લાહની હરામ કરેલી ચીજો ન જોઈ,** તે આંખ જે અલ્લાહના રસ્તામાં જાગતી રહી, અને તે આંખ જેના થકી ખુદાના ડરમાં માખીઓનાં માથાં જેટલાં આંસૂં ટપક્યાં." (આ આંખો અઝાબથી રડશે નહીં.) *(અલ્બરીકા શરહુત્તરીકા–૧૧૯૮)*

બીજી હદીષમાં ખુશખબરી છે. હઝરત મુઆવિયા બિન જુન્દા رضی اللہ عنہથી આ ફર્માને રસૂલ નક્લ થયેલ છે : ત્રણ વ્યક્તિઓ એવી છે **જેમની આંખો કયામતના દિવસે જહન્નમને જોશે નહીં** : (૧) જેણે અલ્લાહની રાહમાં રાત્રે જાગરણ કર્યું. (૨) જે આંખે અલ્લાહના ડરમાં આંસૂ વહેવડાવ્યાં. (૩) **જેણે પોતાની આંખોને હરામ ચીજોને જોવાથી રોકી રાખી.** *(૧૧૯૯)*

### ★ અંતમાં વિનંતિ : હજી સમય છે તૌબા કરી લો ! ★

હે મુસલમાનો ! હે આશિકે રસૂલ હોવાના દાવેદારો ! ભાઈઓ ! બહેનો ! આ ઈસ્લામની પાકીઝગી છે ! **કોઈ ગૈર અપનાવે ન અપનાવે પણ તમે તો અપનાવો !** તમે અલ્લાહ વ રસૂલને ચાહનારા છો અને ખરેખર તમારો દાવો સાચો છે તો પછી તમે કયા મોઢે તેમના હુકમોની અવગણના કરીને બદ્નઝરી તથા બેહયાઈ અને ઝિનાખોરી પ્રતિ જઈ રહ્યા છો ! તમારી ઈમાની ગૈરત કેમ મુર્દા થઈ ગઈ !

હે મુસલમાનો ! આમ લોકોના સમૂહમાં કે જાહેર, છુપા સ્થળોએ તેમજ ટી.વી. પર મોબાઈલ પર ગંદા દશ્યોથી નજરો તથા દિલો દિમાગને ખરાબ કરીને જહન્નમ ન વહોરો. હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! હું આજીજીભરી વિનંતિ કરું છું કે તમે અલ્લાહ عَزَّوَجَلَّ વ રસૂલ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَને ચાહો છો તો તેમની બારગાહમાં રડી રડીને પાછલા ગુનાહોની તૌબા કરી લો કે જેમાં બંને જહાનની ભલાઈ જ ભલાઈ છે.

અંતમાં આ પણ જાણતા ચાલો કે તમે કોઈની બૈરી દીકરી પર હાથ નાખશો તો કોઈ તમારી બૈરી દીકરીને ખરાબ કરી જશે.

### ★ તમે પાક દામન રહો તો તમારી દીકરીઓ સ્ત્રીઓ પણ રહેશે ! ★

આજકાલ ઈન્સાન પોતે તો આઝાદ રહીને દિલ તથા નજરની તૃપ્તતાનો સામાન પામવા ઈચ્છે છે પણ એની એ ઈચ્છા રહે છે કે મારી પત્ની પર્દામાં રહે ! પોતે બીજાઓની ઈજ્જતને લૂટીને પોતાની ઈજ્જત આબરૂની સલામતીનો ઈચ્છુક રહે છે. પણ એને ખબર નથી કે કુદરતનો કાયદો છે કે જેવી કરણી તેવી ભરણીના પ્રમાણે એની પણ ઈજ્જત બીજાઓના હાથોથી રક્ષિત નથી રહેતી. જો પોતાની ઈજ્જતની સલામતી ઈચ્છતા હોઉ તો બીજાઓની ઈજ્જતનું રક્ષણ કરવું પડશે. જેવું કે ફર્માને રસૂલ છે : ''તમે પોતે પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પાક દામન રહેશે. માતા, પિતાના ફર્માંબરદાર રહો તો તમારાં બાળકો ફર્માંબરદાર રહેશે.'' *(બરીકહ શરહુત્તરીકહ, પેજ–૧૧૨૧)*

દયૂલમીમાં હઝરત અલી رَضِيَ اللهُ عَنْهُની રિવાયતથી ફર્માને રસૂલ નક્લ થયેલ છે : ''ઝિનાથી બચો કેમ કે એનાથી પત્નીઓની લિઝ્ઝત ખતમ થઈ જાય છે. તમે પાક દામન રહો તો તમારી સ્ત્રીઓ પણ પાકદામન રહેશે. ફલાણા કબીલાના પુરૂષોએ ઝિના કર્યો તો એમની સ્ત્રીઓ પણ બદકાર થઈ ગઈ.''

''નુઝહતુલ મજાલિસ''માંથી એક હિકાયત અત્રે રજૂ કરીએ છીએ જેનાથી આ હદીષોની સચ્ચાઈ જાહેર થઈ જશે.

એક નેક સ્વભાવની અને પાકબાઝ સ્ત્રીનો પતિ સોની હતો. એના ઘરમાં પાણી ભરવા માટે એક માણસ નક્કી કરેલ હતો જે ત્રીસ વર્ષથી એના ઘરે આવીને પાણી ભર્યા કરતો હતો પણ કદી એણે આ ચારિત્ર્યવાન સ્ત્રીની તરફ આંખ ઉઠાવીને પણ જોયું ન હતું. એક દિવસની વાત છે કે તે પાણી લઈને ઘરે આવ્યો તો તેણે તે ચારિત્ર્યવાન સ્ત્રીનાં કાંડાંઓ પકડીને પોતાની તરફ ખેંચી. સ્ત્રીએ કાંડાંઓ છોડાવ્યાં અને અંદર દોડીને દરવાજો બંધ કરી લીધો જેથી તે ચાલ્યો ગયો. જ્યારે તેનો પતિ ઘરે આવ્યો તો સ્ત્રીએ કહ્યું : આજે ચોક્કસ આપનાથી કોઈ ગુનોહ થઈ ગયો છે ! પતિએ કહ્યું કે બીજો તો કોઈ ગુનોહ નથી થયો પણ એક સ્ત્રી આજે મારી પાસે કંગન ખરીદવા આવી હતી. હું એનાં નાઝુક અને ખૂબસૂરત કાંડાંઓ પકડીને બેસબ્ર થઈ ગયો અને એનાં કાંડાંઓ પકડીને એને મારી તરફ ખેંચી. તેણી પોતાનાં કાંડાંઓ છોડાવીને ત્યાંથી દોડી ગઈ.'' નેક સ્ત્રીએ પતિની આ વાત સાંભળીને કહ્યું : ઠીક છે ! હે મારા પતિ ! તમારી આ જબરદસ્તીનો બદલો તમારી પત્નીથી લેવામાં આવ્યો ! જેવું કે તમે બીજાની પત્નીની સાથે વર્તન કર્યું, તો તમારી પત્નીની સાથે એ જ પ્રમાણે કરવામાં આવ્યું.''

સવાર થઈ તો તે જ નોકર એ સ્ત્રીની પાસે આવીને પોતાની અયોગ્ય હરકત પર શર્મિંદા થઈને માફી માંગવા લાગ્યો. ચારિત્ર્યવાન સ્ત્રીએ કહ્યું : એમાં તારી ભૂલ નથી, મારા જ પતિની નિય્યત બગડી ગઈ હતી ! *(ઔરતોંકી હિકાયાત)*

રબ્બે કરીમ સૌને ઈસ્લામના પાકીઝા હુકમો પર અમલ કરવાની નેક તૌફીક઼ બખ્શે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

قُلۡ اٰمَنَّا بِاللّٰهِ
وَمَآ اُنۡزِلَ عَلَيۡنَا وَمَآ اُنۡزِلَ عَلٰٓى اِبۡرٰهِيۡمَ وَاِسۡمٰعِيۡلَ
وَاِسۡحٰقَ وَيَعۡقُوۡبَ وَالۡاَسۡبَاطِ وَمَآ اُوۡتِىَ مُوۡسٰى
وَعِيۡسٰى وَالنَّبِيُّوۡنَ مِنۡ رَّبِّهِمۡ ۖ لَا نُفَرِّقُ بَيۡنَ
اَحَدٍ مِّنۡهُمۡ ۖ وَنَحۡنُ لَهٗ مُسۡلِمُوۡنَ ﴿٨٤﴾ وَمَنۡ يَّبۡتَغِ
غَيۡرَ الۡاِسۡلَامِ دِيۡنًا فَلَنۡ يُّقۡبَلَ مِنۡهُ ۚ وَهُوَ فِى الۡاٰخِرَةِ
مِنَ الۡخٰسِرِيۡنَ ﴿٨٥﴾ كَيۡفَ يَهۡدِى اللّٰهُ قَوۡمًا كَفَرُوۡا
بَعۡدَ اِيۡمَانِهِمۡ وَشَهِدُوۡۤا اَنَّ الرَّسُوۡلَ حَقٌّ وَّجَآءَهُمُ
الۡبَيِّنٰتُ ؕ وَاللّٰهُ لَا يَهۡدِى الۡقَوۡمَ الظّٰلِمِيۡنَ ﴿٨٦﴾ اُولٰٓئِكَ
جَزَآؤُهُمۡ اَنَّ عَلَيۡهِمۡ لَعۡنَةَ اللّٰهِ وَالۡمَلٰٓئِكَةِ
وَالنَّاسِ اَجۡمَعِيۡنَ ﴿٨٧﴾ خٰلِدِيۡنَ فِيۡهَا ۚ لَا يُخَفَّفُ عَنۡهُمُ
الۡعَذَابُ وَلَا هُمۡ يُنۡظَرُوۡنَ ﴿٨٨﴾ اِلَّا الَّذِيۡنَ تَابُوۡا مِنۡۢ
بَعۡدِ ذٰلِكَ وَاَصۡلَحُوۡا ۚ فَاِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿٨٩﴾ اِنَّ
الَّذِيۡنَ كَفَرُوۡا بَعۡدَ اِيۡمَانِهِمۡ ثُمَّ ازۡدَادُوۡا كُفۡرًا لَّنۡ
تُقۡبَلَ تَوۡبَتُهُمۡ ۚ وَاُولٰٓئِكَ هُمُ الضَّآلُّوۡنَ ﴿٩٠﴾ اِنَّ
الَّذِيۡنَ كَفَرُوۡا وَمَاتُوۡا وَهُمۡ كُفَّارٌ فَلَنۡ يُّقۡبَلَ مِنۡ
اَحَدِهِمۡ مِّلۡءُ الۡاَرۡضِ ذَهَبًا وَّلَوِ افۡتَدٰى بِهٖ ؕ
اُولٰٓئِكَ لَهُمۡ عَذَابٌ اَلِيۡمٌ وَّمَا لَهُمۡ مِّنۡ نّٰصِرِيۡنَ ﴿٩١﴾

## ત.....ર્જુ.....મો.....

### કુર્આન પઢો અને ઈમાન શું છે તે સમજો

''આપ ફર્માવો, અમે ઈમાન લાવ્યા અલ્લાહ પર[૮૮] અને એના પર જે ઉતારવામાં આવ્યું અમારા પર અને જે ઉતારવામાં આવ્યું ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક઼ તથા તેમના પુત્રો પર, અને જે કાંઈ આપવામાં આવ્યું મૂસા, ઈસા (અન્ય) નબીઓને તેમના રબની તરફથી, નથી ફરક કરતા અમે કોઈના દરમ્યાન તેમનામાંથી, અને અલ્લાહના આજ્ઞાંકિત છીએ. અને જો શોધશે ઈસ્લામ વિના કોઈ (અન્ય) ધર્મને તો કદી પણ સ્વીકારવામાં આવશે નહીં એનાથી[૮૯] અને એ ક઼યામતમાં નુકસાનકર્તાઓમાંથી હશે. કઈ રીતે થઈ શકે છે કે હિદાયત આપે અલ્લાહ તઆલા એવી ક઼ૌમને જેમણે કુફ્ર અપનાવી લીધું ઈમાન લઈ આવ્યા બાદ[૯૦] અને તેઓ પહેલાં ખૂદ ગવાહી આપી ચૂક્યા હતા કે રસૂલ સાચા છે અને આવી ચૂકી હતી એમની પાસે ઉઘાડી નિશાનીઓ, અને અલ્લાહ તઆલા હિદાયત નથી આપતો જાલિમ લોકોને. એવાઓની સજા એ છે[૯૧] કે એમના પર ફિટકાર પડતી રહેશે અલ્લાહની, ફરિશ્તાઓની તથા સર્વ માનવોની. હમેશાં રહે એ જ ફિટકારમાં, ન હલકો કરવામાં આવશે તેમનાથી અઝાબ અને ન તેમને મોહલત

આપવામાં આવશે, પણ તે લોકો જેમણે (સાચા દિલથી) તૌબા કરી લીધી એના પછી[૯૨] અને પોતાની સુધારણા કરી લીધી તો બેશક ! અલ્લાહ તઆલા ગફૂર રહીમ છે (તમને બખ્શી દેશે). યકીનન ! તે લોકો જેમણે કુફ્ર અપનાવ્યું ઈમાન લાવ્યા બાદ, પછી વધતા ચાલ્યા ગયા કુફ્રમાં તેમની તૌબા કદી પણ કબૂલ કરવામાં આવશે નહીં, અને આ જ લોકો છે જેઓ ગુમરાહ છે. જે લોકોએ કુફ્ર કર્યું અને મરી ગયા કુફ્રની જ હાલતમાં[૯૩] તો કદી પણ કબૂલ કરવામાં નહીં આવે તેઓમાંથી કોઈની પાસેથી જમીનભર સોનુ જો કે તે (પોતાના નજાતના) બદલામાં ન આપે આટલુ સોનુ. **એવા લોકો માટે અઝાબ છે દર્દનાક ! અને નથી તેમનો કોઈ મદદગાર.**"

## તફસીર.........✍

**૮૮.** પોતાના હબીબે મુકર્રમ ﷺની જીભ મુબારકથી આ મહાન હકીકતનું ફરી એલાન કરાવવામાં આવી રહ્યું છે કે અલ્લાહનો દીન ઈસ્લામ જ છે ! સર્વ અંબિયા તથા રસૂલ પોત પોતાના જમાનામાં એની જ તબ્લીગ કરતા રહ્યા અને હું પણ એ જ દીનનો દાઈ (નિમંત્રક) તથા મુબલ્લિગ (પ્રચારક) બનીને આવ્યો છું એટલા માટે તે તમામ પવિત્ર હસ્તીઓ જેમને બારગાહે ઈલાહીથી નબુવ્વતનો શરફ (મહાનતા) બખ્શવામાં આવ્યો અને એમના પર જે કિતાબો નાઝિલ થઈ હું તથા મારા માનવાવાળાઓ તે સૌની સચ્ચાઈને માનીએ છીએ. અમારો એ તરીકો નથી કે અમુકને માનીએ અને અમુકને ન માનીએ. આ છે દીને મુહમ્મદીની તે વિશાળતા તથા મજબૂતી જે દરેક હક્કને પોતાના દામનમાં સમાવેલ છે, જ્યાં કોઈ કૌમી વંશિક ભેદભાવનો અવકાશ નથી. આ દીને કૈયિમની રૂહ તે તમામ તત્વોથી પાક છે જે માણસને માણસથી મળવા નથી દેતા. આ કોઈ ખાનદાન કે વશંના ખુદાનો દીન નથી બલ્કે રબ્બુલ આલમીનનો દીન છે અને એનો દાઈ (નિમંત્રક) કેવળ બની ઈસ્રાઈલનાં ખોવાયેલાં ઘેટાંઓને ભેગાં કરવા માટે નથી મોકલવામાં આવ્યો બલ્કે એ રહમતુલ્ લિલ્ આલમીન છે જે સર્વ માનવ જગતની વ્યવસ્થાના માટે અસ્તિત્વના આકાશે પ્રદર્શિત થયેલ છે. એટલા માટે કેવળ આ જ ધર્મ માનવ એકતા માટે મજબૂત પાયો સાબિત થઈ શકે છે.

**૮૯.** ઈસ્લામ ધર્મ જે સર્વ અંબિયા (નબીઓ)નો ધર્મ છે અને જેને લઈને હવે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા છે. **જો હવે કોઈ શખ્સ આ ધર્મને કબૂલ નથી કરતો અને કોઈ અન્ય ધર્મનું અનુસરણ કરે છે તો તેનો એ ધર્મ અલ્લાહ તઆલાની બારગાહમાં મરદૂદ છે★.**

**૯૦.** તે ગુમરાહો જેઓ જેહાલતના કારણે હક્ક સ્વીકારવાથી ઈન્કાર કરે છે તેમને હિદાયત પામવાની ઉમ્મીદ થઈ શકે છે કે જ્યારે જેહાલતનો પર્દો ઉઠી જશે અને હકીકતનો રોશન ચહેરો દેખાઈ દેશે તો તેઓ તેને પહેચાનીને પતંગિયાઓ જેમ તેના પર કુર્બાન થવા લાગશે. પરંતુ જેઓ હક્કને ઓળખે છે અને પોતાની ખાસ મેહફિલોમાં હુઝૂર ﷺની રિસાલતને સ્વીકારે પણ છે અને છતાં દુશ્મનીમાં લાગેલા છે તેમના માર્ગ પામવાની ઉમ્મીદ બેકાર છે.

**૯૧.** એટલે કે તે બદ્નસીબ જેમણે પોતાની ફિતરતે સલીમા (સારી ફિતરત)ને બગાડી નાખી અને ખુદાદાદ કાબેલિયતને બેડોળ કરી નાખી.

**૯૨.** ઈસ્લામ અલ્લાહની રહમતથી નિરાશ થવાની સખત બુરાઈ (ટીકા) કરે છે અને સર્વ ગુમરાહોને સ્પષ્ટપણે જણાવી આપ્યું છે કે જ્યારે તે સાચા વધુ પેજ નં. ૧૪....પર☞

*★ આ પરથી પ્રો. તાહિરુલ કાદરી પાકિસ્તાની જે યહૂદી, ઈસાઈને ઈમાનવાળા કહે છે તેનો કુર્આનથી સ્પષ્ટ રદિયો થઈ ગયો કે દીને મુહમ્મદીને જે કહેવાતા ઈસાઈ, યહૂદી સ્વીકારશે નહીં તેઓ હમેશાંની જહન્નમમાં જશે. જેથી પ્રોફેસર તાહિરે તથા તેમના ચાહકોએ હઠધર્મી છોડી તૌબા કરી લેવી જોઈએ.* **–અનુવાદક**

**હદીષ** : હઝરત અઅ્મશ رضی اللہ عنہથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ઈલ્મની આફત ભૂલી જવું છે અને એની બર્બાદી એ છે કે નાઅહલ (અપાત્ર) સામે વર્ણન કરો[૨]. એને દારમીએ મુરસલ રિવાયત કરી. હઝરત સુફયાનથી રિવાયત છે[૩] કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ હઝરત કઅબ[૪] رضی اللہ عنہથી ફર્માવ્યું કે અહલે ઈલ્મ **(આલિમ) કોણ** લોકો છે ? ફર્માવ્યું, **જેઓ પોતાના ઈલ્મ પર અમલ કરે** છે. ફર્માવ્યું, ઉલમાના દિલેથી ઈલ્મ કઈ ચીજે કાઢી નાખ્યો, ફર્માવ્યું, લાલચે[૫]. *(દારમી)*

હઝરત અહ્‌વસ ઈબ્ને હકીમથી[૬] રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત ફર્માવે છે કે કોઈએ નબી صلی اللہ علیہ وسلمને બુરાઈના બાબતે પૂછયું[૭] તો ફર્માવ્યું કે મને બુરાઈના બાબતે ન પૂછો, ભલાઈના વિશે પૂછો ! ત્રણવાર ફર્માવ્યું[૮]. પછી ફર્માવ્યું, જાણી લો કે બદ્‌તરીન બુરાઈવાળા બુરા ઉલમા છે અને સારાઓથી સારા (સૌથી સારા) બેહતરીન ઉલમા છે[૯]. *(દારમી)*

હઝરત અબૂ દરદા رضی اللہ عنہ રિવાયત કરતાં ફર્માવે છે કે ક્‌યામતના દિવસે અલ્લાહની નજીક બદ્‌તર દરજ્જાવાળો તે આલિમ છે જેના ઈલ્મથી લાભ ન પામવામાં આવે[૧૦]. *(દારમી)*

હઝરત ઝિયાદ ઈબ્ને હુદૈરથી[૧૧] રિવાયત છે. ફર્માવે છે કે મને હઝરત ઉમરે ફર્માવ્યું કે શું જાણો છો કે **ઈસ્લામને કઈ ચીજ પાડી નાખે છે ?**[૧૨] મેં કહ્યું, નહીં ! ફર્માવ્યું, **ઈસ્લામને આલિમની લગ્‌ઝિશ (ભૂલ)**, મુનાફિક્‌નું કુર્આનમાં ઝઘડવું અને ગુમરાહકુન સરદારોની સત્તા તબાહ કરશે[૧૩].

**-:: સ....મ....જૂ....તી.... ::-**

**૧.** આપનું નામ સુલૈમાન, કુન્નિયત અબૂ મુહમ્મદ અસદી છે. કૂફી અઝીમુશ્શાન તાબઈ છે. હઝરત અનસ ઈબ્ને માલિકથી મુલાકાત કરી છે. તેરસો હદીષો આપના થકી નક્‌લ થયેલી છે. **૭૦ વરસ જમાઅતની તકબીરે ઉલા સાથે નમાઝ પઢી.** ઈમામ હુસૈની શહાદતના દિવસે પેદા થયા. હિ.સ. ૧૪૮માં વિસાલ પામ્યા. આપને સૈયદુલ મુહદ્દિષીન કહેવામાં આવે છે, પરંતુ રિફઝ્ તથા ખેંચાયેલા હતા. *(અશિઅતુલ લમ્આત)*

**૨.** એટલે કે જેવી રીતે માલ તથા તંદુરસ્તી અમુક આફતોથી બર્બાદ થઈ જાય છે એ જ પ્રમાણે ઈલ્મ ભૂલવાથી બર્બાદ થઈ જાય છે. જેથી આલિમે જોઈએ કે ઈલ્મ સાથે વ્યસ્તતા રાખે, કિતાબોનું વાંચન છોડી ન આપે, યાદ શક્તિ કમજોર કરવાવાળી ચીજો તથા આદતોથી બચે. અલ્લામા શામીએ ફર્માવ્યું કે છ ચીજો યાદ શક્તિ કમજોર કરે છે : ઉંદરનું એઠુ ખાવા, જૂ પકડીને જીવતી છોડી આપવી, રોકાયેલા પાણીમાં પેશાબ કરવો, અલક ગુંદર ચાવવો, ખાટુ સફરજન ખાવું, સફરજનની છાલ ચાવવી. **નોંધ** : જે કોઈ નમાઝ બાદ જમણો હાથ માથા પર રાખીને ૨૧ વાર **يَا قَوِیُّ (યા ક્‌વિય્યુ)** પઢીને દમ કરી લીધા કરે તો ઈન્શાઅલ્લાહ તેની યાદશક્તિ મજબૂત થશે. યાદ રાખશો કે અહીં નાઅહલ (અપાત્ર, ગૈર લાયક)થી

એ લોકો મુરાદ છે જેઓ ઈલ્મી બારીકીઓ સમજી ન શકે, એ લોકો ઈલ્મ પઢીને દુનિયામાં ઝઘડા ફસાદ જ ફેલાવશે. જેમ કે આજકાલ અનુભવ થઈ રહ્યો છે.

**૩.** આપનું નામ સુફયાન ઈબ્ને સઈદ છે. થૌર કબીલાના છે, કૂફી છે. જલીલુલ કદર (મહાન) તાબઈ છે. મુજતહિદ ઈમામો અને કુતુબે આલમીનમાંથી છે. હિ.સ. ૯૯માં પેદા થયા અને હિ.સ. ૧૬૧માં બસરામાં વિસાલ પામ્યા.

**૪.** આપનો લકબ કઅબ અહબાર છે. તૌરતના મહાન આલિમ હતા. બની ઈસ્રાઈલના સરદાર હતા. હુઝૂરનો જમાનો પામ્યો પણ દીદાર ન થયો. ફારૂકી યુગમાં ઈસ્લામ સ્વીકાર્યો. હઝરત ઉમર, સુહૈબ તથા આઈશા સિદીકા (رضوان الله تعالى عليهم اجمعين)થી રિવાયતો લીધી. ખિલાફતે ઉષ્માનિયામાં હિ.સ. ૩૨માં હમીસ સ્થળે વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા. શાનદાર તાબઈ છે.

**૫.** હઝરત કઅબ ઈબ્ને અહબારે આ બે વાતો લગભગ તૌરાત શરીફમાં જોઈને વર્ણવી.

હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ એ જ પૂછયું હતું કે તૌરાતમાં કોને આલિમ કહેવામાં આવેલ છે. ઈલ્મ નીકળી જવાથી મુરાદ છે ઈલ્મના અન્વાર (રોશની)નું નીકળી જવું. **લાલચુ આલિમ હક્ક વર્ણન નથી કરી શક્તો,** જેમ કે આજે જોવા મળે છે.

**૬.** તાબઈ છે. હઝરત અનસ અબ્દુલ્લાહ બિન યુસરથી મુલાકાત કરી છે. રિવાયત ઝઈફ છે. એમના વાલિદ હકીમ ઈબ્ને ઉમર સહાબી છે.

**૭.** એટલે કે ગુનાહ અને તેના સબબો શું છે અને એનાથી બચવાનો ઝરીયો શો છે ? યાદ રાખશો કે નેકીઓ કરવા માટે જાણવું જોઈએ અને ગુનાહોથી બચવા માટે પણ જાણવું જોઈએ. ઉલમા ફર્માવે છે કે **કુફ્રી વાતો શીખવી ફર્ઝ છે જેથી એનાથી બચી શકાય.**

**૮.** એટલે કે કેવળ બુરાઈ વિશે જ ન પૂછયા કરો, ભલાઈ વિશે પણ પૂછતા રહો.

**૯.** કેમ કે **આલિમના બગડવાથી આલમ બગડી જાય છે અને આલિમના સંભલવાથી આલમ સંભલી જાય છે.** આલિમ મુસલમાનોના જહાઝનો કપ્તાન છે. **તે તરશે તો સૌને તરાવશે અને ડૂબશે તો સૌને લઈને ડૂબશે.** આજે જેટલા ફિર્કા મુસલમાનોમાં બન્યાં તે ઉલમાએ સૂઅ્ (બુરા આલિમો) થકી છે અને તેમ છતાં ઈસ્લામ અસલ રંગમાં મૌજૂદ છે તે ઉલમાએ ખૈરની બરકતથી છે.

**૧૦.** એટલે કે લોકો એના ઈલ્મથી ફાયદો ન ઉઠાવે, ન મસાઈલ બયાન કરે, ન કોઈ દીની કિતાબ લખે. અથવા એ મતલબ છે કે પોતે લાભ ન ઉઠાવે એટલે કે આલિમે બેઅમલ. **ઈલ્મ ઝાડ છે અને અમલ તેનું ફળ છે.** ઘણો બદ્‌નસીબ તે શખ્સ છે જે પોતાના ઝાડનું ફળ પોતે જ ન ખાય. જાહિલ બેઅમલને એક અઝાબ છે અને બેઅમલ આલિમને સાત ગણો અઝાબ ! જેમ કે રિવાયતમાં છે.

**૧૧.** આપની કુન્યિત અબૂ મુગીરહ છે. બની સઅદ કબીલાથી છે. કૂફાના રહેવાસી, તાબઈ છે. હઝરત ઉમર તથા અલી رضی اللہ عنہماથી હદીષો લીધી.

**૧૨.** એટલે કે ઈસ્લામની ઈજ્જત લોકોના દિલેથી દૂર કરે છે.

**૧૩.** એટલે કે જ્યારે આલિમો આરામથી રહેવાના માટે ઉણપો શરૂ કરી આપે, મસાઈલની તેહકીક કોશિશ ન કરે અને ગલત મસ્અલા બયાન કરે, બેદીન, આલિમોના રૂપમાં જાહેર થઈ જાય, બિદઅતને સુન્નતો ઠરાવે, કુર્આને કરીમને પોતાની રાયના પ્રમાણે બનાવી લે, અને ગુમરાહ લોકો હાકિમ બને અને લોકોને પોતાની આજ્ઞાના પાલન માટે મજબૂર કરે ત્યારે ઈસ્લામની ધાક (પ્રભાવ) દિલોએથી નીકળી જશે. જેમ કે આજે થઈ રહ્યું છે. કેટલાકે ફર્માવ્યું કે આલિમની લગઝિશથી મુરાદ તેમનું ફિસ્કો ફુજૂર (ગુનાહો)માં સપડાય જવું છે. આલિમનો અમલ પણ તબ્લીગ હોવો જોઈએ.

# હ઼દાઈકે઼ બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**કયા ઠીક હો રુખે નબ્વી પર મિષાલે ગુલ**
**પામાલ જલ્વએ કફેપા હૈ જમાલે ગુલ**

*(કયા ઠીક હો = શું યોગ્ય થઈ શકે, રુખે નબ્વી = હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો મુબારક ચહેરો, મિષાલ = કહાવત, દષ્ટાંત, પામાલ = તબાહ, જલ્વએ કફેપા = તલ્વાની ચમક, જમાલે ગુલ = ફૂલની સુંદરતા)*

**અર્થ :** શું હુઝૂર علیہ الصلوٰۃ والسلامના રુખે પાક સાથે ફૂલની મિષાલ (સરખામણી) યોગ્ય થઈ શકે છે ? આ સરખામણી યોગ્ય નથી કારણ કે ફૂલની સુંદરતા તો આપ ﷺના તલ્વા મુબારકની ખૈરાત છે તો આ દષ્ટાંત હુઝૂર ﷺના ચહેરા સાથે કેવી રીતે ફીટ થાય ?!

**જન્નત હૈ ઉનકે જલ્વે સે જોયાએ રંગો બૂ**
**અય ગુલ હમારે ગુલ સે હૈ ગુલ કો સુવાલે ગુલ**

*(જોયાએ = ઢુંઢનાર, રંગો બૂ = રંગ અને ખૂશ્બૂ, અય ગુલ = હે ફૂલ !, હમારે ગુલ = અમારા ફૂલ, મુરાદ અમારા નબી ﷺ, સુવાલે ગુલ = ફૂલનો સવાલ)*

**અર્થ :** જન્નત હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જલ્વાથી સુંદરતા માંગે છે તો હે ફૂલો ! એટલે કે હે હુસ્નવાળાઓ ! ફૂલ અમારા નબી ﷺથી ફૂલોની સુંદરતા માગે છે.

મવાહિબે લદુન્નિયામાં છે કે શબે મેઅરાજ આપ ﷺ અર્શે આ'ઝમથી પાછા ફર્યા તો આપનો પસીનો (પરસેવો) જમીન પર પડયો જેથી જમીન ખુશ થઈને હસી જેનાથી ગુલાબનું ફૂલ પેદા થયું.

**ઉનકે ક઼દમ સે સિલ્અએ ઘાલી હૂઈ જેના**
**વલ્લાહ મેરે ગુલ સે હૈ જાહો જલાલે ગુલ**

*(સિલ્અએ ઘાલી = કિંમતી સામાન, હદીષ શરીફમાં જન્નતને સિલ્અએ ઘાલી કહેવામાં આવી છે, જેના = જન્નત, વલ્લાહ = અલ્લાહની ક઼સમ, જાહોજલાલ = શાનો શૌકત)*

**અર્થ :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુક઼દ્દસ ક઼દમના સદક઼ામાં જન્નત ખૂબ કિંમતી જગ્યા બની ગઈ અને અલ્લાહની ક઼સમ ! મારા ફૂલ હુઝૂર ﷺના સદક઼ામાં જ ફૂલોની ઈજ્જત અને શાન છે.

**સુનતા હૂં ઈશ્કે઼ શાહ મેં દિલ હોગા ખૂંફિશા**
**યા રબ ! યે મુઝ્દહ સચ હો મુબારક હો ફાલે ગુલ**

*(ઈશ્કે઼ શાહ = બાદશાહનો પ્રેમ, ખૂંફિશા = લોહી ટપકાવનાર, મુઝ્દહ = ખુશખબરી, ફાલે ગુલ = ફૂલની પેશનગોઈ, ભવિષ્યવાણી)*

**અર્થ :** સાંભળું છું કે ઈશ્કે઼ મુસ્તફા ﷺમાં દિલ લોહીનું નઝરાણુ પેશ કરે છે, હે મારા રબ ! આ ખુશ ખબરી સાચી હોય અને ફૂલની ભવિષ્યવાણી મુબારક થાય.

**બુલબુલ હરમ કો ચલ ગમે ફાની સે ફાયદા**
**કબ તક કહેગી હાય વો ગુન્ચા વો લાલે ગુલ**

*(હરમ = મક્કા–મદીના, ગમે ફાની = ફના થનાર, ગમ = ગુન્ચા : કલી, લાલે ગુલ = ફૂલની લાલી)*

**અર્થ :** હે બુલબુલ ! મદીના શરીફ ચાલ ! ફાની ગમોથી કશો ફાયદો થવાનો નથી. તું ક્યાં સુધી હાય કલી ! અને હાય ફૂલ ! ક્યાં સુધી કરીશ ?! હુઝૂર ﷺની બારગાહમાં પહોંચી જા તો બધા ગમ ભૂલી જઈશ.

**ગમગીન હૈ શૌકે઼ ગ઼ાઝએ ખાકે મદીનામેં**
**શબનમ સે ધુલ સકેગી ન ગર્દે મલાલે ગુલ**

*(ગમગીન = દુઃખી, ગાઝા = પાવડર, ખાકે મદીના = મદીના શરીફની પાક માટી, શબનમ = ઝાકળ, ધુલ*

સકેગી = ધોવાઈ શકશે, ગર્દ = ધૂળ, મલાલ = દુ:ખ)

**અર્થ :** ખાકે મદીનાના પાવડર લગાડવાના શોખમાં દુ:ખી છે અને ફૂલો પર આ દુ:ખની ધૂળ પડી છે તે ઝાંકળથી ધોવાઈ જવાની નથી, જ્યારે તેની ઈચ્છા પૂરી થશે ત્યારે જ તે ધૂળ ધોવાશે.

**બુલબુલ યે કયા કહા મૈં કહાં ફસ્લે ગુલ કહાં ?!**
**ઉમ્મીદ રખ કે આમ હૈ જુદો નવાલે ગુલ**

*(યે ક્યા કહા = બુલબુલે આ શું કહ્યું ?! મૈં કહાં ફસ્લે ગુલ કહાં ? = ક્યાં હું અને વસંતઋતુ ક્યાં ?!, આમ હૈ = સર્વ વ્યાપી, બધા જ માટે છે, જુદો નવાલ = મહેરબાની, સખાવત)*

**અર્થ :** હે બુલબુલ ! આ તેં શું કહ્યું કે હું ક્યાં અને ક્યાં (વસંતઋતુ) બહારે મદીનામાં ?! ઉમ્મીદ રાખ, હુઝૂર علیہ الصلوۃ والسلام ઘણા સખી અને મહેરબાન છે. આપ રહમતુલ્ લિલ આલમીન ﷺ સર્વ માટે દયાળુ છે, આપ મને જરૂર મદીના શરીફ બોલાવશે.

**બુલબુલ ઘિરા હૈ અબ્રેવિલા મુઝદહ હો કે અબ**
**ગિરતી હૈ આશિયાને પે બર્કે જમાલે ગુલ**

*(ઘિરા હૈ = ઘેરાયેલ છે, અબ્રે વિલા = મહોબ્બતનાં વાદળ, મુઝદા હો = ખુશ ખબરી થાય, આશિયાના = મકાન, માળો, બર્કે જમાલે ગુલ = ફૂલની સુંદરતાની વીજળી)*

**અર્થ :** હે બુલબુલ ! જો મહોબ્બતનાં વાદળો ઘેરાવા લાગ્યાં છે. તને મુબારક થાય કે હવે તારા મહબ્બતે રસૂલના મકાન પર ફૂલ યા'ની હુઝૂર علیہ الصلوۃ والسلامના જમાલની વીજળી પડવાની છે.

**યા રબ ! હરા ભરા રહે દાગે જિગર કા બાગ**
**હર મહ મહે બહાર હો હર સાલ સાલે ગુલ**

*(દાગે જિગર કા બાગ = જિગરના દાગનો બાગ એટલે કે પ્રેમનો બગીચો, મહ = મહીનો, મહે બહાર = વસંતનો મહીનો, સાલે ગુલ = ફૂલોનું વર્ષ)*

**અર્થ :** હે અલ્લાહ ! મારા દિલમાં હુઝૂર ﷺની મહોબ્બતનો બાગ હમેશાં લીલોછમ રહે અને દરેક મહીનો અને દરેક વર્ષ વસંત ઋતુ રહે જેથી મહોબ્બતનાં ફૂલ ખિલતાં રહે.

**રંગે મિઝાં સે ફરકે ખજલ યાદે શાહ મેં**
**ખીંચા હૈ હમને કાંટો પે ઈત્રે જમાલે ગુલ**

*(રંગે મિઝાં = પલકનો રંગ, ખજલ = શરમિંદા = ઈત્રે જમાલે ગુલ = ફૂલની સુંદરતાનો રસ)*

**અર્થ :** હુઝૂર علیہ الصلوۃ والسلامની યાદમાં આંખોની પલકોના ન રડવાનાં કારણે શર્મિંદા થઈને મેં કાંટાઓ પર ફૂલોની સુંદરતાનું અત્તર લગાડી આંખોમાં લગાડી લીધું.

**મૈં યાદ શહમેં રોઊં અનાદિલ કરે હુજૂમ**
**હર અશ્કે લાલ ફામ પે હો એહતેમાલે ગુલ**

*(યાદે શહ = બાદશાહની યાદ, અનાદિલ = અન્દલીબનુ બહુવચન અર્થ બુલબુલો, હુજૂમ = ભીડ, અશ્ક = આંસૂં, લાલા ફામ = લાલ રંગના ચહેરાવાળો, એહતેમાલ = શંકા કુશંકા)*

**અર્થ :** હે અલ્લાહ ! મને તૌફીક આપ કે હું હુઝૂર શાહે અરબ ﷺની યાદમાં એટલો રડું કે મારા લાલ આંસૂંમાં ફૂલની શંકા થઈ જાય અને બુલબુલો તેને ફૂલ સમજીને ભીડ જમાવી દે.

**હૈં અક્સે ચેહરા સે લબે ગુલ ગૂં મેં સુર્ખિયાં**
**ડૂબા હૈ બદ્રે ગુલ સે શફક મેં હિલાલે ગુલ**

*(અક્સ = પડછાયો, લબે ગુલ ગૂં = લાલ રંગના ફૂલ જેવા હોટ, સુર્ખિયાં = લાલીઓ, બદ્ર = ચૌદમીનો પૂરો ચંદ્ર, શફક = સૂર્ય ડૂબવાના સમયે પશ્ચિમ દિશામાં આકાશ પર દેખાતી લાલી, હિલાલ = પહેલો બારીક ચાંદ)*

**અર્થ :** હુઝૂર علیہ الصلوۃ والسلامના ચહેરાએ વદુહાની ચમકના પડછાયાની લાલી ગુલાલ જેવા હોઠો પર છે અને એવું લાગુ છે કે હુઝૂર ﷺના ગુલાબ જેવા પૂરા ચાંદ બદ્રની લાલીમાં હોઠનો હિલાલ ડૂબી રહ્યો છે.

**નઅતે હુઝૂર મેં મુતરન્નિમ હૈ અન્દલીબ**
**શાખોં કે ઝુમન સે અયાં વજ્દો હાલે ગુલ**

*(મુતરન્નિમ = ગાનાર, ગાયક, અન્દલીબ = બુલબુલ, શાખોં = ડાળીઓ, અયાં = જાહેર, વજ્દો હાલ = બેખૂદ થઈને ઝુમવું)*

**અર્થ :** હુઝૂર ﷺની નઅતો બુલબુલો પઢી રહી છે અને બગીચાના છોડવાઓની ડાળીઓ ઝુમી રહી છે અને ફૂલોને વજદ આવી રહ્યો છે અને નઅતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام સાંભળી બેખૂદ થઈ ગયાં છે.

**બુલબુલ ગુલે મદીના હમેશા બહાર હૈ**
**દો દિન કી હૈ બહાર ફના હૈ મઆલે ગુલ**

*(ગુલે મદીના = મદીના શરીફનાં ફૂલ, બહાર = વસંત ઋતુ, મઆલ = અંજામ)*

**અર્થ :** હે બુલબુલો ! મદીના શરીફ આવી જાવ! અહીંયાં હમેશાં બહાર (વસંતઋતુ) રહે છે, બાકી બીજી જગ્યાએ થોડાક દિવસ બહાર હોય છે અને છેવટે ખિઝાં (પાનખર ઋતુ) આવે છે.

**શૈખૈન ઈધર નિષાર, ગની વ અલી ઉધર**
**ગુન્યા હૈ બુલ બુલોં કા યમીનો શિમાલે ગુલ**

*(શૈખૈન = બે બુઝુર્ગો, હદીષની પરીભાષામાં હઝરત અબૂબક્ર સિદ્દીક્ અને હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہما, નિષાર = કુર્બાન, ગની = હઝરત ઉષ્માન رضی اللہ عنہ, અલી = અલી મુશ્કિલકુશા کرم اللہ تعالیٰ وجہہ الکریم, યમીન = જમણી બાજુ, શિમાલ = ડાબી બાજુ)*

**અર્થ :** હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما એક બાજુ હુઝૂર ﷺ પર કુર્બાન થવા ઊભા છે તો બીજી બાજુ હઝરત ઉષ્માન ગની અને હઝરત અલી رضی اللہ عنہما ઊભા છે, જાણે કે ગુલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની જમણી ડાબી બાજુ બુલબુલો ભીડ લગાડી રહ્યાં છે.

**ચાહે ખુદા તો પાએંગે ઈશ્કે નબી મેં ખુલ્દ**
**નિકલી હૈ નામએ દિલ પુર ખૂં મેં ફાલે ગુલ**

*(ચાહે = ઈચ્છે, ખુલ્દ = જન્નત, નામા = કાગળ, પુરખૂં = લોહીથી ભરેલ દિલ, ફાલ = પેશન ગોઈ)*

**અર્થ :** ખુદા પાક ચાહશે તો જરૂર જન્નત મળશે. ઈશ્કે નબી ﷺના સદકામાં દિલના કાગળ પર ફૂલની પેશનગોઈ નીકળી છે.

**કર ઉસકી યાદ જિસસે મિલે ચૈન અન્દલીબ**
**દેખા નહીં કે ખારે અલમ હૈ ખયાલે ગુલ**

*(ચૈન = આરામ, ખારે અલમ = દુ:ખના કાંટા)*

**અર્થ :** હે બુલબુલ ! તેની યાદ કર જેનાથી આરામ મળે છે. તેં જોયું નથી કે દુ:ખના કાંટા એટલે કે હુઝૂર ﷺની યાદમાં તડપવાથી ગુલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો ખયાલ પૈદા થાય છે.

**દેખા થા ખ્વાબે ખારે હરમ અન્દલીબને**
**ખટકા કિયા હૈ આંખ મેં શબભર ખયાલે ગુલ**

*(ખારે હરમ = મક્કાનો કાંટો, ખટકા કિયા = ચૂભતો રહ્યો, શબભર = રાતભર)*

**અર્થ :** બુલબુલે મક્કાના કાંટાનું સ્વપ્નું જોયું અને આખી રાત આંખમાં ફૂલનો ખયાલ ચૂભતો રહ્યો, કારણ કે જ્યારે કાંટો યાદ આવે એટલે ફૂલ યાદ આવવાનું જ છે.

**ઉન દો કા સદકા જિનકો કહા મેરે ફૂલ હૈં**
**કીજીએ "રઝા" કો હશ્ર મેં ખંદા મિષાલે ગુલ**

*(ઉન દો = તે બે, મુરાદ હઝરત હસન તથા હુસૈન رضی اللہ عنہما, ખંદા = હસતો, મિષાલે ગુલ = ફૂલ જેવો)*

જેમને આપે પોતાનાં ફૂલ કહ્યા, તેમનો સદકો અહમદ રઝાને હશ્રના દિવસે ફૂલ જેવો હસતો રાખજો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "હસન તથા હુસૈન મારાં બે ફૂલ છે." *(હદીષ)*

**ભરૂચ :** મૌલાના ઈમરાન દાઊદ પટેલ ઝંઘારવી (ખતીબો ઈમામ જામા મસ્જિદ–જંબુસર)ના ત્યાં પુત્રી જન્મ થયો છે, નામ આમિના રાખ્યું છે જેની ખુશીમાં તેમના નાના હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળાએ પોતાના તરફથી **"બરકાતે ખ્વાજા" (માસિક)**નું એક લવાજમ મોકલ્યું છે. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ્બે કરીમ નવાંગતુક દીકરીને માબાપ તથા નાના નાની, દાદા દાદી સૌની આંખોની ઠંડક બનાવે, નેક સાલેહ રાખે અને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### હસવા વિશે ચર્ચા

પછી હાસ્યના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અસલમાં હંસી તથા અટ્ટહાસ્ય એક કબીરા ગુનોહ છે તે જ હંસી તથા અટ્ટહાસ્ય અહલે સુલૂકમાં છે. ફર્માવ્યું કે હંસી તથા અટ્ટહાસ્ય જાઈઝ તો છે પરંતું કબ્રસ્તાનમાં ન થવું જોઈએ કેમ કે તે ઈબ્રતનો (બોધ લેવાનો) મકામ છે ન કે ખેલકૂદનો. હદીષમાં આવ્યું છે કે જ્યારે કોઈ શખ્સ કબ્રસ્તાનથી પસાર થાય છે તો મુડદાં કહે છે કે હે ગાફિલ ! **જો તને ખબર થઈ જાય કે તને આવું બધું ઉપસ્થિત થવાનું છે તો તારા શરીરનો ગોશ્ત તથા ચામડી ખરી પડે !**

ત્યારબાદ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર હું અને અવહદ કિર્માનમાં મુસાફિર હતા ત્યાં એક વૃધ્ધને જે હદથી વધુ વયવાળા, સાહિબે નેઅમત તથા યાદે ઈલાહીમાં મશગૂલ જોયા. પરંતું જેવા એ બુઝુર્ગને મશગૂલ જોયા એવા કદી પણ નથી જોયા. તેમને જ્યારે મેં જોયા તો સલામ કરી, જણાયુ કે એમનામાં ગોશ્ત તદ્દન છે જ નથી કેવળ રૂહ જ રૂહ છે. એ બુઝુર્ગ વાત પણ ખૂબ જ ઓછી કરતા હતા. મારા દિલમાં ખયાલ આવ્યો કે એ બુઝુર્ગને હકીકત પૂછું કે તમે આવા દુબળા તથા અશક્ત શાથી થઈ ગયા છો? તે રોશનઝમીર હતા જેથી હું પૂછું તે પહેલાં પોતે જ ફર્માવ્યું કે હે દરવેશ ! એક દિવસે હું એક મિત્રની સાથે કબ્રસ્તાનથી પસાર થયો. એક કબ્રની નજીક થોડીવાર રોકાયા. જ્યારે બેઠા તો આકસ્મિક રીતે કોઈ વાત એવી થઈ જેના સબબે મને હંસી આવી અને અટ્ટહાસ્ય સાથે હસી પડયો. કબરેથી અવાજ આવ્યો, હે ગાફેલ ! જેનો આવો દરવેશનો મકામ હોય અને એનો હરીફ મલકુલ મૌત હોય અને એનો ગમખ્વાર માટીની નીચે સાપો અને વીછીઓની વશમાં હોય, તેને હાસ્ય સાથે શું લેવા દેવા ?! જેવો કે અવાજ سمعت رحمۃ اللہ تعالیٰ علیہم اجمعین સાંભળ્યો તેવો હું ધીમેથી ઉભો થયો અને દોસ્તનો હાથ ચૂમીને તેને તો રવાના કર્યો અને ખૂદ નમાઝમાં આવીને બેઠો અને એ ભય હેઠળ પોતે પીગળવાનું શરૂ કર્યું. **આજે ચાલીસ વરસો થવા આવ્યાં કે મેં એ શરમના કારણે આકાશની તરફ નથી જોયું અને ન તો સ્મિત કર્યું. હું શર્મિંદો છું કે કયામતના દિવસે શું મોઢું બતાવીશ ?!**

ત્યારબાદ એના બારામાં આપે એક બુઝુર્ગની હિકાયત સંભળાવી જેને ખ્વાજા અતા સલ્લમી કહે છે અને જેમણે ચાલીસ વરસો સુધી આસ્માનની તરફ જોયું ન હતું. જ્યારે સબબ પૂછવામાં આવ્યો કે શા માટે આટલા પ્રમાણમાં રડો છો ? તો કહ્યું, કબ્રના અને કયામતના ખૌફથી.

ત્યારબાદ તેમને આસ્માનો તરફ ન જોવાનુ કારણ પૂછવામાં આવ્યું તો કહ્યું કે મને શરમ આવે છે કેમ કે મેં પુષ્કળ ગુનાહો કર્યા છે. અને મજલિસોમાં અટ્ટહાસ્યો કર્યા છે, એટલા માટે હું ઉપરની તરફ

નથી જોતો અને ન તો આસ્માનની તરફ જોઊં છું. આ હિકાયત પછી એક અન્યની હિકાયત વર્ણવી કે ખ્વાજા મૂસલી જે બંદાએ તરીક્ત હતા, આઠ વરસો સુધી રડતા રહ્યા જેથી આપના ચહેરા પર ગોશ્ત ન રહ્યો. જ્યારે વફાત બાદ ખ્વાબમાં જોઈને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાએ આપની સાથે શો વર્તાવ કર્યો ? કહ્યું, બખ્શી આપ્યો, પરંતું જ્યારે ઉપર ગયા અને અર્શની નીચે પહોંચ્યા તો મેં સજદો કર્યો પરંતું ડરતો હતો અને કાંપતો હતો. અવાજ આવ્યો કે ફતહ ! તું આટલા પ્રમાણમાં શા માટે રડે છે, શું મારું ગફફાર હોવું તારી જાણમાં નથી ? મેં માથુ સજદામાં રાખી દીધું અને દુઆ કરી કે પરવરદિગાર ! મને જાણ તો હતી પણ હું કબ્રના અઝાબ, કબ્રની ભયાનક્તા અને મલકુલ મૌતની સખ્તીથી ડરીને રડતો હતો કે આટલી સાંકડી કબ્રમાં મારી શું હાલત થશે ?! ત્યારબાદ હુકમ થયો કે એનાથી તું ડરતો હતો, પરત ચાલ્યો જા કે મેં તને એનાથી છૂટકારો આપ્યો અને તને બખ્શી આપ્યો.

પછી ફર્માવ્યું કે એકવાર સબુસ્તાનમાં ખ્વાજા ઉષ્માન હારૂનીની સાથે સફર કરી રહ્યા હતા. એક ઝુપડીમાં એક દરવેશ શયખ સદરુદીન મુહમ્મદ અહમદ સવીસ્તાનીને જોયા જે અતિશય કક્ષાએ યાદે ઈલાહીમાં મશગૂલ હતા અને ઉમર વાળા હતા. હું થોડા દિવસ એમની સોહબતમાં રહ્યો. જે શખ્સ ઝુપડીમાં આવતો તે મેહરૂમ ન જતો, આલમે ગયબથી કાંઈ ન કાંઈ તેને આપતા. અને એવું કહેતા કે આ દુરવેશને ઈમાનની દુઆથી યાદ કરો, જો હું ઈમાનને કબ્રમાં સલામત લઈ જઈશ તો જાણો હું મહાન કામ કરીશ. સારાંશ કે જ્યારે તે બુઝુર્ગ મૌત તથા કબ્રની ભયાનક્તાને સાંભળતા તો નેતરની જેમ કાંપતા એમની આંખોએથી લોહીનાં આંસૂ વહેવા માંડતાં જાણે કે પાણીનું ઝરણુ છે ! ત્યારબાદ સાત રાત દિવસ સુધી રડતા રહેતા, પરંતું ઉભા રહીને અને આંખો આસ્માનની તરફ રાખીને કે એનું રડવું જોઈને અમને પણ રડવું આવી જતું. જ્યારે રડવાથી ફારિગ થતા તો બેસીને અમારા તરફ ફરીને કહેતા, હે અઝીઝો ! જેને મૌત આવવાની છે અને મલકુલ મૌત જેવો હરીફ એનો પીછો કરી રહેલ છે અને કયામતના દિવસ જેવો દિવસ ઉપસ્થિત થવાનો છે તેને ઊંઘ તથા આરામ અને ખુશ દિલી સાથે શું લેવા દેવા ! અને અન્ય કામોમાં મશગૂલ થવું તેને કઈ રીતે સારું જણાય છે ?! પછી ફર્માવ્યું, **હે અઝીઝો ! જો તમને મુડદાંઓનો હાલ જે કીડીઓ તથા સાપોના વશમાં છે અને માટીના કૈદખાનાંઓમાં બંધ છે તે રજમાત્ર પણ માલૂમ થઈ જાય કે તેમની સાથે શું મામલો થઈ રહ્યો છે તો ઉભા ઉભા મીઠાની જેમ ઓગળી જાવ !**

પછી ફર્માવ્યું, હે અઝીઝો ! મેં એકવાર બસરામાં એક બુઝુર્ગને જોયા જે હદ ઉપરાંત યાદે ઈલાહીમાં મશગૂલ હતા. તેમની સાથે હું કબ્રસ્તાનમાં ગયો. તે સાહિબે કશ્ફ હતા. એક કબ્રની પાસે અમે બંનેવ બેસી ગયા. શું જોઈએ છીએ કે ફરિશ્તા એ મુડદાને ઘણો જ સખત અઝાબ કરી રહ્યા છે. જ્યારે એ બુઝુર્ગે જોયું તો નારો મારીને પડી ગયા. જ્યારે મેં જોયું તો માલૂમ પડયું કે તે મૃત્યુ પામ્યા છે અને એક ઘડી બાદ મીઠાની જેમ ઓગળી પાણી બનીને અદશ્ય થઈ ગયા ! જેવો ખૌફ બુઝુર્ગ પર છવાતો જોયો તેવો કોઈની અંદર ન જોયો હતો ન સાંભળ્યો હતો.

પછી ફર્માવ્યું કે હું મારા પોતાનામાં એવો ખોવાયેલો છું કે દરરોજ પોતે પોતાનામાં ઓગળુ છું. ત્રીસ વરસો પછી મેં તમારી સાથે વાતચીત કરી છે. તો હે અઝીઝો ! જેવી રીતે લોકો દુનિયામાં મશ્ગૂલ રહે છે એ જ પ્રમાણે કેમ પોતાના કામમાં મશ્ગૂલ નથી થતા ? કેમ કે જેટલા પ્રમાણમાં લોકોમાં મશ્ગૂલ થાય છે એટલા પ્રમાણમાં ખાલિકથી દૂર જઈને પડે છે. તો જઈને તોશાની તૈયારી કરો, કેમ કે આપણા સૌના સામે એક દિવસ આવનારો છે શક્ય છે કે આપણે ઈમાન સલામત લઈ જઈએ. આમ કહીને બે ખજૂરો જે એમની પાસે હતી તે મને આપી અને ખૂદ ઉઠીને રડવામાં વ્યસ્ત થઈ ગયા, અને પછી આલમે તહય્યુરમાં મશ્ગૂલ થઈ ગયા. ત્યારબાદ

ખ્વાજા સાહબ ચોધાર આંસૂંએ રડયા અને ફર્માવ્યું, હે દરવેશ ! મને એ ખુદાની ક઼સમ ! જેના ક઼બજામાં મારી જાન છે કે એ દિવસથી લઈને આજ સુધી દરરોજ મૌત તથા ક઼બ્રની ભયાનક્તાથી ઓગળતો જઈ રહ્યો છું, મારી પાસે ન સવારી છે ન તોશો કે જેના લીધે ખૌફથી નચિંત થઈ જાઊં. પછી ફર્માવ્યું કે ક઼બ્રસ્તાનમાં જાણી જોઈને ખાવા ખાવું કે પાણી પીવું કબીરા ગુનોહ છે જે જાણી બુઝીને ખાય તે મલઊન અને મુનાફિક઼ છે, કેમ કે ક઼બ્રસ્તાન ઈબ્રતની જગા છે ન કે હંસી ગમ્મતની.

પછી એ જ મોક઼ાના મુનાસિબ આ હિકાયત બયાન ફર્માવી કે મેં ઈમામ યહ્યા અબુલ ખૈર ઝંદુસીના રોઝામાં લખેલુ જોયું છે કે પયગંબર ખુદા ﷺ ફર્માવે છે, **જેણે ક઼બ્રસ્તાનમાં કાંઈ ખાધુ અથવા પીધુ તે મલઊન તથા મુનાફિક઼ છે.**

ત્યારબાદ એ જ પ્રસંગને અનુરૂપ આ હિકાયત વર્ણવી કે એકવાર ખ્વાજા હસન બસરી رحمۃاللہ علیہ ક઼બ્રસ્તાન પાસેથી પસાર થયા તો શું જુએ છે કે કેટલાક મુસલમાનો ક઼બ્રસ્તાનમાં બેસીને ખાય પી રહ્યા છે. પાસે જઈને પૂછયું કે ભાઈઓ ! તમે મુનાફિક઼ છો કે મુસલમાન ?! તેમને આ વાત ન ગમી જેથી ખ્વાજા હસન બસરી સાહબ સાથે ખરાબ વર્તાવ કરવા ચાહ્યું. ખ્વાજા હસન બસરીએ ફર્માવ્યું કે મેં એટલા માટે પૂછયું છે કે હઝરત રિસાલત પનાહ ﷺ ફર્માવે છે, "જે ક઼બ્રસ્તાનમાં ખાય પીએ તે મુનાફિક઼ છે." એટલા માટે કે આ ઈબ્રતનો મક઼ામ છે. જેમ કે તમે જુઓ છો કે અહીં તમારા જેવા અને તમારાથી બેહતર લોકો માટીમાં સૂતેલા છે અને કીડીઓ અને સાપોના વશમાં છે, અને કૈદમાં સપડાયેલા છે, તેમનો ગોશ્ત ચામડુ સડી ગયું છે અને તેમની સુંદરતા, ખૂબસૂરતી ધૂળમાં મળી ચૂકી છે. તમોએ તમારા હાથો વડે તે અઝીઝોને માટીમાં દફન કર્યા છે, તો તમારું દિલ કેવી રીતે ચાહે છે કે અહીં બેસીને ખાવા ખાવ અને ખેલ કૂદમાં મશ્ગૂલ થઈ જાવ ! ખ્વાજા હસન બસરીએ જ્યારે આવું કહ્યું તો સૌએ તરત જ તૌબા કરી અને કહ્યું, અમને માફ કરી દો ! અમે હવે એવું નહીં કરીએ.

ત્યારબાદ ખ્વાજા સાહબે એ જ પ્રસંગને અનુચિત એક અધિક હિકાયત વર્ણન કરી કે મેં રિયાહીનમાં લખેલુ જોયું છે કે એકવાર હઝરત રિસાલત મઆબ ﷺએ કેટલાક લોકોને જોયા જેઓ હંસી ખેલમાં મશ્ગૂલ હતા. આં હઝરત ﷺએ રોકાઈને સલામ કહી તો સૌ ભેગા થઈ ગયા અને ગુલામોની જેમ હાથ બાંધીને ઉભા થઈ ગયા. આં હઝરત ﷺએ પૂછયું, ભાઈઓ ! શું તમે મૌતથી બેખૌફ થઈ ગયા ? સૌએ એક ઝબાને અર્ઝ કરી, નહીં ! પૂછયું, પુલસિરાત પરથી પસાર થઈ ગયા ? અર્ઝ કરી, નહીં ! ફર્માવ્યું તો પછી શા માટે હંસી તથા ખેલકૂદમાં મશ્ગૂલ છો ? આં હઝરત ﷺની નસીહતથી એમના પર એવી અસર પડી કે ત્યારબાદ તેમનામાંથી કોઈને કોઈએ હસતાં નથી જોયો.

પછી ખ્વાજા સાહબે ફર્માવ્યું કે મશાઈખે તબક઼ાત, અવલિયાએ સિફાતે તરીક઼ત, ઈમામાને દીન અને ખ્વાજગાને મઅરેફત દુનિયા તથા તેમાં જે કાંઈ છે તેનાથી બેઝાર છે, કેમ કે તેમને ભયાનક તથા હૈરતનાક અઝાબ દેખાય આવે છે.

**ઘમંડ કરવાથી બચો !** : હઝરત અબૂ સલ્મા ઈબ્ને અબ્દુર્રહ્માન رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہની સફા પર્વત પર મુલાકાત થઈ. થોડીકવાર રોકાયા બાદ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ ચાલ્યા ગયા અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ રડવા લાગ્યા. લોકોએ રડવાનું કારણ પૂછયું તો આપે ફર્માવ્યું, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہનું કહેવું છે કે તેમણે હઝરત રસૂલે અકરમ ﷺ ને એવું કહેતાં સાંભળ્યા છે કે, "જે માણસના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઘમંડ હશે તેને અલ્લાહ તઆલા ઊંધે મોઢે જહન્નમમાં નાખશે." *(હવાલો : મુકાશફતુલ્ કુલૂબ)*

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ ક઼ાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ★ ઈબ્રાહીમ બિન અહદમની કરામત ★

કહે છે કે ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ એ નાવડી પર સવાર થવા ચાહ્યું તો નાવડીવાળાઓએ કહ્યું કે, અમે એક દીનાર લીધા વિના તમને સવાર કરીશુ નહીં ! એના પર તેમણે કિનારા પર બે રકાત નમાઝ પઢી અને ખુદાથી અર્ઝ કરી, હે ખુદા ! આ લોકો મારી પાસે એક દીનાર માગે છે અને મારી પાસે કાંઈ જ નથી ! પછી જોયું તો રેતી દીનાર જ દીનાર બની ગઈ.

## ★ કુર્આન ખોલતા તો બીનાઈ આવી જતી ! ★

અમને મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સૂફીએ કહ્યું કે અબ્દુલઅઝીઝ બિન ફઝ્લએ તેમને કહ્યું કે મુહમ્મદ બિન અહમદ મરૂઝીએ તેમને વર્ણવ્યું કે અબ્દુલ્લાહ ઈબ્ને સુલૈમાન ફર્માવતા હતા કે અબૂ મુઆવિયહ બિન અસ્વદના ખાદિમ અબૂ હમ્ઝા નસર બિન ફરજ જણાવે છે કે અબૂ મુઆવિયહ رحمۃ اللہ علیہ ની બીનાઈ (આંખોની રોશની) જતી રહી હતી. પણ જ્યારે પઢવા ઈચ્છતા અને કુર્આન મજીદને ખોલતા તો અલ્લાહ તઆલા તેમને બીનાઈ આપી દેતો હતો અને જ્યારે કુર્આન મજીદને બંધ કરી આપતા તો બીનાઈ જતી રહેતી.

## ★ બિશ્ર હાફીની કરામત ★

અહમદ બિન હૈષમ મુત્તબબ ફર્માવતા હતા કે મને બિશ્ર હાફીએ કહ્યું કે મઅરૂફ કર્ખીને કહી દેજો કે હું નમાઝ પઢયા બાદ આવીશ. અહમદ કહે છે કે મેં પયગામ પહોંચાડી આપ્યો અને તેમની રાહ જોવા લાગ્યો. અમે ઝોહર પઢી પછી અસર , પછી મગરિબ પછી ઈશા. હું દિલમાં વિચારવા લાગ્યો કે સુબ્હાનલ્લાહ ! બિશ્ર હાફી જેવો માણસ એક વાત કહે અને પછી તેને પૂરી ન કરે ?! એ નથી થઈ શક્તું ! મેં તેમની રાહ જોઈ. હું તે વખતે મસ્જિદના ઘાટ પર હતો. થોડીક રાત વહી ગયા પછી બિશ્ર આવ્યા, એમના માથા પર મુસલ્લો હતો અને તે દજલા નદી તરફ વધ્યા અને પાણી પર ચાલવા લાગ્યા. મેં મારી જગાએથી છલાંગ મારી અને તેમના હાથ તથા પગો ચૂમવા લાગ્યો અને તેમને દુઆની દરખાસ્ત કરી. આપે મારા હક્ક઼માં દુઆ કરી અને ફર્માવ્યું, જે કાંઈ તમે જોયું એને છુપાવી રાખશો. અહમદ કહે છે કે મેં આ વાતનો ઉલ્લેખ તેમના વિસાલ પછી જ કર્યો.

## ★ એક મુજાહિદની કરામત ★

અમને અબૂ અબ્દુલ્લાહ શીરાઝીએ કહ્યું કે અબૂ ફરજ અલ્વર ષાનીએ તેમને કહ્યું કે અલી બિન યાકૂબે દમિશ્કમાં કહ્યું કે મેં અબૂબક્ર મુહમ્મદ બિન અહમદથી સાંભળ્યું કે ક઼ાસિમ જરઈ ફર્માવતા હતા કે મેં એક શખ્સને તવાફમાં જોયો કે તે કેવળ આ શબ્દો કહી રહ્યો હતો : "હે ખુદા ! તેં સૌની હાજતો પૂરી કરી આપી પણ મારી હાજત પૂરી ન કરી !" મેં તેને કહ્યું કે શું વાત છે કે તું એના સિવાય કોઈ દુઆ જ નથી માગતો ?! તેણે કહ્યું, હું તને જણાવું છું. અમે વિવિધ શહેરોના સાત માણસો હતા અને અમે જેહાદના માટે નીકળ્યા. રોમીઓએ અમને ક઼ૈદ કરી લીધા અને અમને ક઼ત્લ કરવા માટે લઈ ગયા. મેં જોયું કે આસ્માનમાં સાત દરવાજા ખુલી ગયા અને દરેક દરવાજા પર એક હૂર ઉભેલી છે. અમારામાંથી એકને લઈ જઈને તેની ગરદન ઉડાડી દેવામાં આવી, તો મેં જોયું કે એક હૂર ઉતરી અને એના હાથમાં રૂમાલ હતો અને તેણે તે શખ્સની રૂહ લઈ લીધી. આમ એક એક કરીને છ જણાની ગરદનો ઉડાડી દેવામાં આવી. પણ રોમીઓમાંથી એક શખ્સે તેમની પાસેથી મને માગી લીધો અને હું ક઼ત્લથી બચી ગયો. તો તે હૂરે કહ્યું, હે બદ્કિ઼સ્મત ! કઈ ચીજ તારાથી છૂટી ગઈ ?! અને આસ્માનના દરવાજા બંધ થઈ ગયા. ભાઈ ! જે શહાદતનો રુત્બો મારાથી જતો રહ્યો એના પર અફસોસ કરી રહ્યો છું.

ક઼ાસિમ જરઈ ફર્માવે છે કે મારા ખયાલમાં આ શખ્સ તે સૌમાં અફઝલ હતો, કેમ કે તેણે તે કાંઈ જોયું જે તેઓ ન જોઈ શક્યા. અને તેણે તેઓના મૃત્યુ બાદ એ જ શોખમાં આ અમલ કર્યો.

(કાર્ટાચ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

## શયખે દેવબંદના ઈલ્મે ગયબની એક દિલ ધ્રુજાવનારી કહાની !

મુફતી અઝીઝુર્રહમાન સાહબ બીજનોરી દેવબંદી વર્ગના માન્યવર મુફતી છે અને તબ્લીગી જમાઅતના આગળ પડતા કાર્યકર પણ છે. તેમણે એક કિતાબ નામે અન્ફાસે કુદ્સિયહ લખી છે, જેને મદીના બુક ડિપો–બીજનોરએ પ્રસિદ્ધ કરી છે. આ કિતાબમાં શયખે દેવબંદ મોલ્વી હુસૈન અહમદની જિંદગીના કેટલાક બનાવો લખવામાં આવ્યા છે. તેમાં મૌલ્વી હુસૈન અહમદના એક મુરીદના સંબંધે એક બનાવ લખેલ છે જે તેને આસામના એક પહાડી વિસ્તારમાં પેશ આવ્યો હતો, પૂરી કહાની તેમની જબાની સાંભળો :–

*"બાલી નદી મોલ્વી બજારના એક શ્રીમાન આઝાદી મળ્યા પહેલાં ઢાકાથી શિલોંગ મોટર દ્વારા જઈ રહ્યા હતા, આસામનો વધુ વિસ્તાર પહાડી છે તેમાં મોટર અથવા બસ ચાલવાના રસ્તા એટલા સાંકડા છે કે ત્યાંથી માત્ર એક જ ગાડી જઈ શકે છે, બે ગાડી પસાર થઈ શકતી નથી. ઢાકાથી શિલોંગ જઈ રહેલા (મૌલ્વી) હુસૈન અહમદના એક મુરીદ હતા, જ્યારે અડધો રસ્તો પસાર થઈ ગયો હતો તો તેણે જોયું કે, એક ઘોડો ખૂબ ઝડપથી સામેથી આવી રહ્યો હતો, તેના અને સાથે જઈ રહેલા બીજાઓના મનમાં ભય પેદા થયો કે હવે શું થશે ? તેમણે મોટરને રોકી લીધી તેમ છતાં ખૂબ ચિંતામગ્ન થઈ ગયા, કેમ કે સવાર વિનાનો ઘોડો ઝડપથી તેમની તરફ આવી રહ્યો હતો. કથનકારનું કહેવું છે કે, તે માણસે (મુરીદે) પોતાના દિલમાં વિચાર્યું કે જો પીર મુર્શિદ હોત તો દુઆ કરી હોત ! **હજી એટલું વિચાર્યું જ હતું** એવામાં હઝરત શયખ ઘોડાની લગામ પકડીને ક્યાંક ગાયબ થઈ ગયા."* (અન્ફાસે કુદ્સિયહ, પેજ : ૧૮૬)

ક્યાં ઉત્તર પ્રદેશના ખૂણામાં આવેલું દેવબંદ અને ક્યાં આસામનો પહાડી વિસ્તાર દરમ્યાન સેંકડો માઈલોનું અંતર ! **પરંતુ મુરીદના દિલમાં વિચાર આવ્યો કે, પલવારમાં પીર ત્યાં પહોંચી ગયા અને ઘોડાની લગામ થામીને વીજળીની જેમ અલોપ થઈ ગયા !**

સંકડો માઈલના અંતરેથી દિલની જબાનની વિનંતિને તેમણે સાંભળી લીધી એટલું જ નહીં બલ્કે, એ પણ જાણી લીધું કે, ત્યાં શું પરિસ્થિતિ છે, માત્ર જાણી લીધું એટલું જ નથી બલ્કે, પળવારમાં ત્યાં પહોંચી પણ ગયા, માત્ર પહોંચી જ ગયા નહીં, બલ્કે, હવાની ઝડપે આવી રહેલા ઘોડાની લગામ થામીને અલોપ પણ થઈ ગયા !

એક તરફ તો એમની કિતાબમાં છે :–

*"જે વાત મારી જીભેથી નીકળે છે તે એને સાંભળી લે છે અને મારા દિલના વિચારો અને કલ્પનાઓથી તે માહિતગાર રહે છે. **આ બધી વાતોથી શિર્ક સાબિત થઈ જાય છે."*** –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પ્રકાશન નંબર : ૯૬, પેજ : ૩૮, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)

હવે હક્ક઼પરસ્તીનું નામ નિશાન દુનિયામાંથી ભૂંસાઈ ગયું ન હોય તો મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબમાં ઉપર જણાવ્યું તેમ દેવબંદી ધર્મના જે સુવાક્યો લખાયેલા છે તેને સામે રાખીને નિર્ણય કરો કે મોલ્વી હુસૈન અહમદ સાહબ (દેવબંદી) સંબંધેની ઉપરોક્ત કહાની એ અસર મૂકી જતી નથી કે, એ શ્રીમાનોને ત્યાં શિર્ક સંબંધની તમામ ચર્ચાઓ માત્ર અંબિયા અને અવલિયાની હુર્મતો સાથે ખેલવા માટે જ છે, નહીંતર નિર્ભેળ તૌહીદના અક઼ીદાની ભાવના તેની પાછળ હોત તો શિર્કના સવાલ પર પોતાના અને પારકા વચ્ચે ભેદરેખા રાખવામાં આવી ન હોત !

તમે જ વિચારો કે આવા બનાવો ગયબનો ઈલ્મ અને મદદ કરવાની શક્તિ ચાહે છે જેને દેવબંદી શ્રીમાનો કોઈપણ મખ્લૂક઼ને માટે સ્વીકારતા નથી બલ્કે તેને શિર્ક કહે છે, પરંતુ **મુબારક હો કે પોતાના શયખની મહોબ્બતમાં આ શિર્ક પણ તેમણે પોતાના ગળા હેઠળ ઉતરી લીધું !**

## દેવબંદી મોલ્વી ક઼બ્રથી નીકળીને દોસ્તના ઘરે !

ઉપરની કહાની તો શયખે દેવબંદની જિંદગીની હતી કે વીજળીની જેમ ચમક્યા અને અલોપ થઈ ગયા. બીજાઓએ તેમને પોતાના માથાની આંખોથી જોયા, પરંતુ તેમના મૃત્યુ પછીની કહાની પણ વાંચી લો ! ક઼બ્રમાંથી નીકળીને સીધા પોતાના એક મિત્રના ઘરે પહોંચી ગયા !

થોડા સમય પહેલાં દારુલ ઉલૂમ દેવબંદના મુખપત્ર દારુલ ઉલૂમ (માસિક)માં મોલ્વી ઈબ્રાહીમ સાહેબ બલીયાવીની મૌત પર એક સનસનાટીપૂર્ણ લેખ પ્રસિદ્ધ થયો હતો. તેમના મૃત્યુ વખતે હાજર રહેલા સાક્ષીએ લખ્યું છે કે, જ્યારે મૌલ્વી ઈબ્રાહીમ સાહબના મૌતનો સમય નજીક હતો ત્યારે તેમણે પથારીમાં જ પોતાના પુત્રને ઉદ્દેશીને કહ્યું કે :–

*હઝરત વાલિદ સાહબ ઊભા છે અને તું તેમની અદબ કરતો નથી ? (હઝરત હુસૈન અહમદ) મદની ઊભા ઊભા હસી રહ્યા છે અને મને બોલાવી રહ્યા છે, શાહ વલીયુલ્લાહ સાહબ આવ્યા છે મને ઉઠાવો. (દારુલ ઉલૂમ, માર્ચ : ૧૯૬૭, પેજ : ૩૭)*

મૌલ્વી હુસૈન અહમદને ત્યારે દેવબંદની ભૂમિમાં દફન થવાને માટે બે ગજ જમીન પણ મળી ન હતી, જહાજમાં તેમનું મૃત્યું થયું હતું અને સમુદ્રની ગોદમાં તેમને પધરાવી દેવામાં આવ્યા હતા.

હવે સવાલ એ છે કે, **આ શ્રીમાનોને ઈલ્મે ગયબ ન હોતો તો શાહ વલીયુલ્લાહ સાહબને દેવબંદના ક઼બ્રસ્તાનમાં અને મોલ્વી હુસૈન અહમદને સમુદ્રના તળીયામાં કેવી રીતે ખબર પડી ગઈ કે, મોલ્વી ઈબ્રાહીમ સાહબ વિદાય થવાની તૈયારીમાં છે !** માટે તેમને ત્યાં જઈને તેમને સાથમાં લઈ આવવા જોઈએ, ત્યાર પછી તેમના માટે એવી શક્તિનો સંચાર સ્વીકારવામાં આવ્યો કે, **તેઓ બરઝખની દુનિયામાંથી નીકળીને સીધા મરનારની પથારી પાસે પહોંચી ગયા** અને તેમને સાથે લઈને ક઼બ્રસ્તાન પાછા આવ્યા.

હવે આપણી મઝલૂમી સાથે તમારે ઈન્સાફ કરવાનો છે કે આ પ્રકારનો ગયબનો ઈલ્મ અને આ મુજબની શક્તિ જો આપણે આપણા આક઼ા અને મૌલા ﷺને માટે માનીએ તો દેવબંદના આ તૌહીદ પરસ્તો આપણને અબૂ જહલ સમાન મુશ્રિક સમજવા લાગે છે ! ઈન્સાફ ક્યાં છે ?!

હરેક મુસ્લિમે જાણવો જરૂરી ઇલ્મ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ સવારીઓ ઉપર નમાઝ પઢવાનું બયાન ★

માણસ સવારી ઉપર ક્યાંક જઈ રહ્યો હોય જ્યારે તે શહેરની હદોથી બહાર નીકળી જાય તો તે સવારી ઉપર પણ નફ્લ નમાઝ પઢી શકે છે પછી ભલે તે માણસ શરીઅતની નજરે મુસાફર હોય કે ન હોય. એણે સવારી ઉપર બેઠા બેઠા ઈશારાથી પઢવી, એટલે કે સિજદા માટે રુકૂઅ કરતાં થોડું વધારે નમવું, માથુ જમીન ઉપર ન મૂકે. જો માથુ જમીન ઉપર મૂક્શે અથવા કોઈ ચીજ મૂકી તે ઉપર મૂક્શે તો જાઈઝ નથી. અને જે તરફ સવારી જતી હોય તે તરફ મોં કરી પઢે બીજી તરફ મોં કરી પઢવી જાઈઝ નથી. ત્યાં સુધી કે ''તકબીરે તહરીમા'' સમયે પણ કિબ્લા તરફ મોં જરૂરી નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : સવારી ઉપર નફ્લ પઢવાની હાલતમાં જો અમલે કલીલથી સવારી હંકારી હોય તો દા.ત. એક પગથી એડી લગાડી અથવા હાથમાં કોરડો છે એનાથી ધમકાવી તો વાંધો નથી પરંતુ જરૂરત વિના જાઈઝ નથી. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : ફર્ઝ અને વાજિબ નમાઝો અને ફજરની સુન્નત તેમજ જનાઝાની નમાઝ, મન્નતની નમાઝ, અને તે તિલવાતનો સિજદો કે જેની આયત જમીન ઉપર પઢી અને તે નફ્લ જેને જમીન ઉપર શરૂ કરી તોડી નાખી, આ બધી નમાઝો શરઈ મજબૂરી વિના સવારી ઉપર જાઈઝ નથી અને મજબૂરીની હાલતમાં પણ આ બધીય નમાઝ માટે જરૂરી છે કે બની શકે તો સવારીને કિબ્લા તરફ મોં કરી ઊભી રાખીને પઢે નહીં તો જે રીતે બની શકે પઢે. *(દુર્રે મુખ્તાર)*

સવારી ઉપર જે મજબૂરીઓમાં ઉપર જણાવેલી નમાઝોને પઢવી જાઈઝ થઈ જાય છે તે આ છે : (૧) વરસાદ વરસી રહ્યો છે. (૨) એટલો કાદવ કીચડ છે કે જો ઉતરીને પઢશે તો મોં ખૂંપી જશે, અથવા કીચડથી ખરડાઈ જશે અથવા જે કપડુ પાથરી પઢવામાં આવશે તે કપડુ બિલકુલ કાદવ કીચડથી ભરાય જશે, આ પરિસ્થિતિમાં જો સવારી ન હોય તો ઊભા ઊભા ઈશારાથી પઢવી. (૩) પોતાના સાથીદારો જતા રહે તેમ હોય. (૪) સવારીનું જાનવર તોફાની છે તેના ઉપર સવાર થવા માટે મદદગાર વિના મુસીબત પડશે અને મદદગાર હાજર નથી. (૫) બીમારી વધી જવાનો ભય હોય. (૭) જાન, માલ કે ઔરતને ઈજ્જતનો ભય હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : ચાલતી રેલવે ગાડી ઉપર પણ ફર્ઝ, વાજિબ અને ફજરની સુન્નતો થઈ શક્તી નથી એટલા માટે જ્યારે સ્ટેશન ઉપર ગાડી ઊભી રહે ત્યારે એ નમાઝોને પઢવી અને જો સ્ટેશન પર ગાડી પહોંચવા જેટલી રાહ જોવા જતાં જતી રહેવાનો ડર હોય તો જે રીતે પણ બની શકે તે રીતે પઢી લે પછી જ્યારે સમય મળે ફરીથી પઢી લે. *(બહારે શરીઅત)*

## ★ તેહકીક અને ચેતવણી ★

ચાલતી ગાડીને ચાલતી નાવડી, વહાણ કે સ્ટીમરના હુકમમાં ગણવું ભૂલ ભરેલું છે. એટલા માટે કે નાવડીને જો ઊભી રાખવામાં પણ આવે તો પણ તે જમીન ઉપર ઉભી રહેશે નહીં, જ્યારે રેલ્વેગાડી માટે એમ નથી. વળી નાવડી કે વહાણ ઉપર પણ ત્યારે જ નમાઝ જાઈઝ છે જ્યારે કે તે વધુ પેજ નં. ૨૮....પર

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## ★ નાનાં બાળકોને મસ્જિદમાં લાવવું ★

ઘણા નાનાં, નાસમજ બાળકોએ મસ્જિદમાં આવવું અથવા તેમને સાથે લઈ આવવું શરીઅતની રીતે નાપસંદીદા, નાજાઈઝ અને મકરૂહ છે. કેટલાક લોકો તેમની ઔલાદથી બેહદ મહોબ્બત કરવાવાળા, જ્યારે મસ્જિદમાં આવે છે ત્યારે તેમની સાથે નાની ઉંમરના, નાસમજ બાળકોને પણ લઈ આવે છે, ત્યાં સુધી કે કેટલાક લોકો તેમને (બાળકોને) આગળની સફોમાં પોતાની સાથે નમાઝમાં ઊભા રાખી લ્યે છે ! જે ઘણી જ ખોટી વાત છે અને તેનાથી પાછળની સફોના બધા નમાઝીઓની નમાઝ મકરૂહ થાય છે અને તેનો ગુનોહ તે બાળકને લઈ આવનાર અને સફોમાં પોતાની સાથે નમાઝમાં રાખનાર પર છે, અને તેના ઉપર જે આવા લોકોને પોતાની હૈસિયત મુજબ મના ન કરે. હા ! જે સમજદાર અને હોશિયાર બાળકો છે, નમાઝના આદાબથી પરિચિત છે, પાકી અને નાપાકીને સમજે છે તેઓ આવી શકે છે અને આવા બાળકોની સફ, મસ્જિદમાં બાલિગ માણસોની પાછળ હોવી જોઈએ. અને ઘણા નાના બાળકો જે નમાઝને પણ એક પ્રકારની રમત સમજે છે અને મસ્જિદમાં અવાજ કરીને પોતે પણ નથી પઢતા અને બીજાઓની નમાઝ પણ બગાડે છે એવા બાળકોને સખ્તાઈપૂર્વક મસ્જિદમાં આવવાથી રોકવું જરૂરી છે.

હદીષમાં છે : ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે તમારી મસ્જિદોને બચાવો બાળકોથી, પાગલોથી, ખરીદ અને વેચાણથી અને ઝઘડાઓ કરવાથી અને જોર જોરથી બોલવાથી. *(ઈબ્ને માજા, બાબુ મા યકરહુ ફિલ મસાજિદ, પેજ : ૫૫)*

એટલે કે આ બધી બાબતો મસ્જિદમાં નાજાઈઝ અને ગુનાહ છે.

સદરુશ્શરીઅહ હઝરત મૌલાના અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ લખે છે : "બાળકો અને પાગલો જેનાથી નાપાકી થવાની શક્યતા હોય, મસ્જિદમાં લઈ જવું હરામ છે, નહીંતર મકરૂહ." *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૮૨)*

કેટલાક લોકો કહે છે કે બાળકો મસ્જિદમાં આવશે નહીં તો નમાઝ શીખશે કેવી રીતે ? તો ભાઈઓ સમજદાર બાળકોના શીખવા માટે મસ્જિદ છે અને નાસમજ, નાના બાળકો માટે ઘર અને મદ્રસા છે. અને હદીષે રસૂલની પાસે પોતાની (વાતો) ચલાવવી જોઈએ નહીં.

## ★ મસ્જિદોને સજાવવું અને ઈમામોને સતાવવું ★

આજકાલ ઘણુખરું જોવા મળે છે કે લોકો મસ્જિદોને શણગારવામાં અને સજાવટમાં ઘણો જ પૈસો ખર્ચે છે અને ઈમામો, મોલ્વીઓને સતાવે છે. તેમને સતત પરેશાની અને તકલીફોમાં રાખે છે અને ઓછામાં ઓછા પૈસાથી કામ ચલાવવાનું ઈચ્છે છે જેને કારણે આ સજેલી અને શણગારેલી ખૂબસૂરત મસ્જિદો ક્યારેક ક્યારેક વેરાન જેવી બની જાય છે અને તેમાં સમયસર અઝાન અને ઈકામત થતી નથી.

આ બયાનથી અમારો મતલબ એ નથી કે મસ્જિદોને સજાવવું અને ખૂબસૂરત બનાવવું મના છે. પરંતુ મતલબ એ છે કે, "કોઈપણ મસ્જિદની સાચી ખૂબસૂરતી એ છે કે તેમાં દીનદાર, ખુદા તઆલાનો ખૌફ રાખનાર અને લોકોને નમ્રતા, ખૂબી અને હિકમત, હોશિયારીની સાથે દીનની વાતો બતાવનાર આલિમે દીન ઈમામત કરતો હોય, પછી ભલે તે મસ્જિદ કાચી અને સાદી ઈમારત

હોય. કોઈ મસ્જિદ માટે જો નેક અને સાચો ઈમામ મળી જાય તો લોકો માટે એ જરૂરી છે કે તેને દરેક રીતે ખુશ રાખે અને તેનો ઘણો જ ખ્યાલ રાખે, બલ્કે પીરો કરતાં પણ વધુ આલિમો, મોલ્વીઓ, ઈમામો અને મુદર્રિસીનોનો ખ્યાલ રાખવામાં આવે. કેમ કે દીનનું બાકી રહેવું અને ઈસ્લામની હિફાઝત ઈલ્મવાળાઓ થકી છે. જો ઈમામો અને મોલ્વીઓને પરેશાન રાખવામાં આવશે તો તે દિવસ દૂર નથી કે મસ્જિદો અને મદ્રસાઓ ક્યાં તો વેરાન થઈ જશે અથવા તેમાં સૌથી વધુ ખરાબ પ્રકારના લોકો ઈમામતો કરશે અને બાળકોને પઢાવશે. સારા ખાનદાન અને સારા વિચાર અને ફિક્ર રાખવાવાળાઓ આ લાઈન (મોલ્વીની)થી દૂર થઈ જશે. ખુલાસો એ જ કે આલિમો અને મોલ્વીઓએ પૈસા અને માલો દૌલતની લાલચ વગર દીનની સેવા કરવી જોઈએ અને કૌમને જોઈએ કે તે પોતાના આલિમો અને મોલ્વીઓ અને દીનની સેવા કરવાવાળાઓને ખુશહાલ રાખે અને તેઓને તંગદસ્ત (આર્થિક તંગી) અને પરેશાન ન થવા દે.

## ★ ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવાનો મસ્અલો ★

મસ્જિદમાં જનાઝાની નમાઝ પઢવું મકરૂહ અને નાજાઈઝ છે. હદીષ શરીફમાં છે : "હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે મસ્જિદમાં જનાઝાની નમાઝ પઢે તેને માટે કોઈ સવાબ નથી." *(અબૂ દાઊદ, કિતાબુલ જનાઈઝ, બાબુસ્સલાત, અલલ જનાઈઝ ફીલ મસ્જિદ, પેજ : ૪૫૪)*

હા, જો જોરદાર વરસાદ, આંધી તુફાન વગેરે કોઈ સાચી મજબૂરીના સમયે મસ્જિદમાં પણ પઢવું જાઈઝ છે. જ્યારે કે ઈદગાહ, મદ્રસા કે મુસાફરખાના વગેરેમાં કોઈ જગ્યા ન હોય.

હઝરત અલ્લામા સૈયદ અહમદ તહેતાવી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "જે મસ્જિદ ફક્ત નમાઝે જનાઝા પઢવા માટે જ બનાવેલી હોય ત્યાં આ નમાઝ (જનાઝાની નમાઝ) પઢવી મકરૂહ નથી એટલે કે જાઈઝ છે. તેવી જ રીતે મદ્રસા અને ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવું જાઈઝ છે. *(તહતાવી અલલ મરાકીયુલ ફલાહ, મતબૂઆ, કુસ્તુન્તુનિયા, પેજ : ૩૨૬)*

અને મૌલાના મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : "નમાઝે જનાઝા ઈદગાહની જગ્યામાં અને મદ્રસામાં પણ પઢી શકાય છે." *(ફતાવાએ ફયઝુર્રસૂલ, ભાગ : ૧, પેજ : ૪૪૬)*

આથી જે લોકો ઈદગાહમાં નમાઝે જનાઝા પઢવાથી અચકાય છે તેઓ બેધડક અને ડર રાખ્યા વગર ત્યાં નમાઝે જનાઝા પઢે.

પેજ નં. ૨૬નું ચાલુ...

દરિયા, નદીની વચ્ચે હોય. જો કિનારા પર હોય અથવા જમીન પર આવી શક્તી હોય તો તેના ઉપર પણ નમાઝ જાઈઝ નથી.

(અમારા શેખ ફકીહે આ'ઝમ હઝરત મૌલાના અમજદઅલી رحمۃ اللہ علیہ મુસન્નિફ શરીઅતેએ ફર્માવ્યું)

**મસ્અલો** : ચાલતી નાવડી કે વહાણમાં મજબૂરી વિના બેસીને નમાઝ થઈ શક્તી નથી, જ્યારે કે તેનાથી ઉતરીને જમીન ઉપર પઢી શક્તો હોય.

**મસ્અલો** : જો નાવડી જમીન ઉપર બેસી ગઈ છે તો ઉતરવાની જરૂરત નથી, એના ઉપર જ પઢી શકે છે.

**મસ્અલો** : નાવડી કે વહાણ કિનારા ઉપર ઉભેલ છે તેવી હાલતમાં જો ઉતરી શકાય છે તો ઉતરીને જમીન ઉપર પઢે અને જો ઉતરી શકાય તેમ નથી તો નાવડી કે વહાણમાં જ ઊભા ઊભા પઢવી.

**મસ્અલો** : જો નાવડી કે વહાણ દરિયા–નદીની વચ્ચે લંગર નાખી ઊભેલ હોય તો બેસીને ત્યારે જ પઢી શકાય કે જ્યારે કે પવનના ઝપાટા લાગતા હોય અને તેનાથી ચક્કર આવવાનો ભય હોય, અને જો હવાથી વધુ ઝપાટો ન લાગતો હોય તો બેસીને પઢી શક્તો નથી.

**મસ્અલો** : નાવડી–વહાણમાં નમાઝ પઢવામાં કિબ્લા તરફ મોં કરવું જરૂરી છે. જ્યારે વહાણ ફરી જાય તો નમાઝીએ પણ ફરી જવું કે જેથી કિબ્લા તરફ મોં રહે, અને એટલા ઝડપથી ચક્કર મારે છે કે કિબ્લા તરફ મોં કરવાથી મજબૂર છે તો એ વેળા નમાઝ ન પઢે પરંતુ જો સમય જતો રહે તેમ હોય તો પઢી લે. *(ગુનિયા, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

એક અગત્યનો મસ્અલો

# શવ્વાલમાં ઉમરા કરનાર પર હજ્જની શરઈ હૈસિયત

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા બરેલી શરીફનો નવમો ફિક્હી સેમીનાર જેનું આયોજન ૧, ૨, ૩ જુન ઈ.સ. ૨૦૧૨ની તારીખોમાં કરવામાં આવ્યું જેમાં ચર્ચાનો એક વિષય હતો "શવ્વાલમાં ઉમરા કરનાર પર શક્તિ તથા ઈસ્તેતાઅત વિના હજ્જ ફર્ઝ થવી શરીઅતની દષ્ટિએ."

આ વિષય ઉપર ચર્ચા તથા બહષો કર્યા બાદ અગ્રગણ્ય આલિમો, મુફતીઓની હાજરીમાં નીચે મુજબ ફૈંસલો કરવામાં આવ્યો :–

**૧.** કોઈ વ્યક્તિ શવ્વાલ મહીનામાં ઉમરા કરે અને તેની પાસે હજ્જના દિવસો સુધી ત્યાં રોકાવાની તેમજ ખાવા, પીવા વગેરે જરૂરિયાત માટે ખર્ચની ક્ષમતા ન હોય તો તેના ઉપર **હજ્જ ફર્ઝ થશે નહીં.** એ જ રીતે એહલો અયાલ (બીવી બચ્ચાં, ઘરવાળાંઓ)ના ખર્ચાની શક્તિ ન હોય તો પણ **હજ્જ ફર્ઝ થશે નહીં.** કેમ કે સફરની જરૂરિયાતનો ખર્ચ તથા બીવી બચ્ચાંના ખર્ચની શક્તિ ધરાવવી હજ્જ વાજિબ થવાની શરતોમાંથી છે. **ફતાવા હિંદિયા** વગેરેમાં છે કે, હજ્જ ફર્ઝ થવા માટે સફરની જરૂરિયાત, સવારી વગેરેના ખર્ચની ક્ષમતા (કેપેસિટી) ધરાવવું શરત છે. સામાન્યત રીતે એહલો અયાલનો વિના કોઈ ફુઝૂલખર્ચીએ અથવા ઉણપ કર્યા વિના જે (સામાન્યતઃ) ખર્ચ થાય તેની ક્ષમતા ધરાવવી પણ શરત છે. *(ફતાવા હિંદિયા, ૧/૨૧૭ અરબીનો અનુવાદ)*

હજ્જ ફર્ઝ છે એહલે મક્કા તેમજ તેની સિવાયના લોકો પર જેમનાં રહેઠાણ તથા મક્કા દરમિયાન ત્રણ દિવસનો માર્ગ હોય, સાથોસાથ ચાલીને જવાની શક્તિ ધરાવતા હોય, ભલે સવારીની ક્ષમતા (કેપેસિટી) ન હોય. પરંતુ ખાવા પીવા તેમજ જરૂરિયાતના પોતાના તેમજ એહલો અયાલના ખર્ચની પરત થતા સુધીની શક્તિની ધરાવવી જરૂરી છે. *(ઉપર મુજબ હવાલો, અરબીનો અનુવાદ)*

રદ્દુલ મુહતારમાં લબાબથી છે : આફાકી ફકીર (મક્કાની બહારનો ફકીર વ્યક્તિ) જ્યારે મિકાત સુધી પહોંચી જાય તો મક્કી (મક્કાના રહેવાસી)ની જેમ ગણવામાં આવશે. *(૩/૪૫૯)*

અહીં અમુક લોકોને ખાનિયાના લખાણ "મક્કી માટે હજ્જ ફર્ઝ છે ભલે તે ફકીર હોય જેની પાસે સામાન કાંઈ પણ ન હોય"થી ધોકો થયો અને તે એવું સમજ્યા કે મક્કીના માટે માર્ગના ખર્ચ પર શક્તિ ન હોવા છતાં હજ્જ ફર્ઝ થઈ જાય છે અને ફકીર આફાકી મક્કીના હુકમમાં છે જેથી માર્ગના ખર્ચ માટે શક્તિવાન હોવું શર્ત નથી. આવુ ખાનિયાના લખાણને મુત્લક (બિન શર્તી) માનવાના પરિણામે છે, જ્યારે કે તે શર્તી છે. અલ્લામા ઈબ્ને હુમામ ફર્માવે છે કે અહીંયાં મક્કીથી મુરાદ તે વ્યક્તિ છે જેના માટે રસ્તામાંથી જરૂરિયાતનો સામાન પ્રાપ્ત કરવાની સંભાવના હોય. જેમ કે અલ્લામા શામીએ પણ તેને નકલ કર્યું છે. *(રદ્દુલ મુહતાર, ૩/૪૫૯)*

તો જે મક્કી (મક્કાવાસી) રસ્તામાં પણ જરૂરિયાતનો સામાન પ્રાપ્ત કરી શક્તો હોય તેના ઉપર હજ્જ ફર્ઝ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૧. (અ)** જે વ્યક્તિ ખાવા પીવાની (તેના ખર્ચની) શક્તિ ન ધરાવતો હોય, ભલે તેની પાસે હજ્જ સુધીની વિઝા હોય તેના ઉપર **ફર્ઝ થશે નહીં.** કેમ કે જરૂરિયાતના ખર્ચની શક્તિ ધરાવવી શરત છે.

**(બ)** જે માલદાર (ઈસ્તેતાઅત એટલે શક્તિ ધરાવનાર) મક્કામાં હોય અને તેની પાસે **હજ્જના દિવસો સુધી ત્યાં રહેવાની વિઝા ન હોય** અને શવ્વાલનો ચાંદ થઈ ચૂક્યો હોય, તો અદાયગી વાજિબ થવાની શરતો મુજબ તેના ઉપર હજ્જની

અદાયગી વાજિબ થઈ જશે. તે વ્યક્તિ કેદીની જેમ (અટકાયત કરવામાં આવેલ) જાણવામાં આવશે. જેને બાદશાહ (સુલ્તાન) તરફથી રોકવામાં આવ્યો હોય જેથી ચાલુ વરસે તે હજ્જ નથી કરી શક્તો. તો **તે વ્યક્તિ ગુનેહગાર થશે નહીં**. હા ! **આવતા વર્ષે હજ્જની અદાયગી જરૂરી થઈ જશે.** અને તે કોઈ કારણસર જાતે હજ્જ ન કરી શકે તો હજ્જે બદલ અથવા આખરી સમયે વસિય્યત કરવી જરૂરી રહેશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૩.** હજ્જે બદલ કરનાર જો માલદાર (ગની) વ્યક્તિ હોય અને તેણે હજુ પોતાની ફર્ઝ હજ્જ અદા ન કરી હોય તો તેવી વ્યક્તિનું બીજાના બદલામાં હજ્જ કરવી મકરૂહે તેહરીમી છે. પરંતુ જો આવી વ્યક્તિ બીજાના બદલામાં હજ્જ કરશે તો હજ્જે બદલ કરાવનારની તો હજ્જ અદા થઈ જશે, અને પોતે માલદાર હોવાના કારણે તેના ઉપર પણ હજ્જની અદાયગી જરૂરી રહેશે. અને પોતે હજ્જ ન કરી શકવાની સ્થિતિમાં હજ્જે બદલ કરાવવી અથવા આખરી સમયે વસિય્યત કરવી (વાજિબ) જરૂરી રહેશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૪.** હજ્જે બદલ કરનાર જો ફકીર હોય અને તે બીજા કોઈના તરફથી હજ્જ કરે તો કરાવનાર તરફથી હજ્જ વિના કરાહતે અદા થઈ જશે.

પરંતુ શું ઉપરોક્ત ફકીર પર મક્કામાં આવનારી (આવતા વરસની) હજ્જ સુધી રોકાવું અથવા આવતા વર્ષે વતનથી પાછા આવીને હજ્જ કરવી વાજિબ થશે કે કેમ ? તેના ઉપર બહષો કરવામાં આવી અને એ નક્કી કરવામાં આવ્યું કે અલ્લામા અબ્દુલગની નાબેલસી قدس سرہ એ એવું ફર્માવ્યું છે કે ત્યાં રોકાવાનો હુકમ આપવામાં સખત વાંધો તથા મુશ્કેલી છે કે એક વર્ષ સુધી ઘરબાર તેમજ બીવી બચ્ચાંઓથી દૂર રહેવામાં ઘણી પરેશાની છે. અને વતનથી પાછા ફરીને હજ્જ કરવાના હુકમમાં ક્ષમતા એટલે શક્તિ કરતાં અધિક બોજ નાખવા સમાન છે. જેથી તેને (ઉપરોક્ત ફકીરે જેની પાસે શક્તિ ન હોય તેને) મક્કામાં રોકાવાનો અથવા વતનથી પરત આવીને હજ્જ કરવાનો હુકમ નહીં આપવામાં આવે, કેમ કે **તેના ઉપર હજ્જ ફર્ઝ નથી.** રદ્દુલ મુહતાર (૪/૨૨)માં આ જ પ્રમાણે છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**૫, ૬.** રમઝાન શરીફમાં કોઈ વ્યક્તિ ઉમરા માટે જાય અને તેની પાસે હજ્જના દિવસો સુધી રહેવાની વિઝા નથી અને તેટલા સમય સુધી ખોરાકની સામગ્રી વગેરે જરૂરિયાતનો ખર્ચ પણ ન હોય તો તેને **એ હુકમ નહીં આપવામાં આવે કે** "શવ્વાલની પહેલાં તે હરમની હદ અથવા મીક઼ાતથી બહાર આવી જાય." કેમ કે હજ્જ ફર્ઝ થવાની શરતોના અભાવના કારણે **તેના ઉપર હજ્જ ફર્ઝ નથી.** અલ્લાહ બેહતર જાણનાર છે.

*(હવાલો : નવમો ફિક઼્હી સેમીનાર શરઈ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા, બરેલી શરીફના ફેંસલાઓમાંથી, હવાલો : સુન્ની દુન્યા મંથલી, જુલાઈ–ઓગસ્ટ, ૨૦૧૨, બરેલી શરીફ)*

પેજ નં. ૩૦નું ચાલુ...

દિલથી પોતાના ગુનાહો પર શર્મિંદા થાય તો આવે અને તેની રહમતના દરવાજા પર દસ્તક (ટકોરા) આપે, તેમના ગુનાહો માફ કરી દેવામાં આવશે અને તેમને એક અધિક સોનેરી અવસર મળી જશે કે તેઓ એક પાકીઝા જિંદગીની નવેસરથી શરૂઆત કરે.

**૯૩.** અલ્બત્ત તે લોકો જેઓ જિંદગીભર કુફ્ર તથા ગુનાહોના માર્ગ પર ચાલતા રહ્યા અને સુધરવા માટે તથા શરમાવા માટે જે મોહલત તેમને આપવામાં આવી હતી એનાથી એમણે ફાયદો ઉઠાવ્યો નહીં, ત્યાં સુધી કે મૌતના ઝોકાએ તેમની જિંદગીનો ચિરાગ ગુલ કરી આપ્યો તેમની બખ્શિશની કોઈ સ્થિતિ નથી. જો તેઓ માપ વિનાનું સોનુ પણ ફિદિયા રૂપે અદા કરવા ચાહશે તો રદ કરી દેવામાં આવશે અને કોઈ તેમની શફાઅત પણ કરશે નહીં. કેમ કે શફાઅત ગુનેહગાર મુસલમાનના માટે હોય છે અને કાફિર તથા મુશ્રિક શફાઅતના હક્કદાર નથી હોતા.

# "કહેવાતી એહલે હદીષ" : એક ગુમરાહ જમાઅત !

રજૂ : **મુહમ્મદ તૌફીક઼ રઝવી–પેટલાદ** *(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના જમાનાથી અત્યાર સુધી જેટલા પણ ફિત્નાઓ અને ગુમરાહ જમાઅતો નવી નવી પૈદા થઈ તેઓમાં દરેક જમાઅતે નવા અક઼ીદાઓ ઘડવામાં અને નવી નવી બિદઅતો શરૂ કરવામાં પોતાનાથી પૂર્વ ફિત્ના અને પૂર્વ જમાઅતને પાછળ રાખી દીધી છે અને ગુમરાહિયતને ફેલાવવામાં પોતાના પૂર્વજોથી આગળ નીકળી છે. આવી જ જમાઅતોમાંથી એક હાલની ગુમરાહ જમાઅત "કહેવાતી જમાઅતે એહલે હદીષ" છે. એટલે કે કુર્આન તથા હદીષો પર અમલ કરવાની દાવેદાર અને તેના સિવાય અઈમ્માએ ઈઝામ વ અઈમ્માએ મુજતહિદીન (મહાન મુજતહિદ ઈમામો)ની તક઼લીદને હરામ કહી તેઓને ગાળો ભાંડનાર ! અને આ બુઝુર્ગો પર ટોણા મારનાર આ જમાઅતે નવી નવી બિદઅતો અને ગુમરાહ અક઼ીદાઓ ઘડવામાં પોતાના પૂર્વજોનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ ગુમરાહ જમાઅતે દુનિયા સમક્ષ એવી એવી વાતો રજૂ કરી કે આજ સુધી ન તો આપણે સાંભળી હતી અને ન આપણા પૂર્વજોએ. જેવી રીતે કે આ વાતનું સ્પષ્ટ વર્ણન હદીષમાં છે કે આખર જમાનામાં કેટલાક એવા લોકો પૈદા થશે કે તેઓ તમારી સમક્ષ એવા અક઼ીદાઓ અને મસ્અલા રજૂ કરશે કે ન તો અત્યાર સુધી તમોએ સાંભળ્યા હશે અને ન તમારા બાપદાદાઓએ સાંભળ્યા હશે. *(મુસ્લિમ શરીફ, પેજ નં. ૯)*

આ જમાઅતનો સ્થાપક મુહમ્મદ બિન અબ્દુલવહ્હાબ નજદી છે જેનો જન્મ હિ.સ. ૧૧૧૫, ઈ.સ. ૧૭૦૩ માં નજ્દ જેને હાલમાં 'રિયાઝ' કહેવામાં આવે છે ત્યાં થયો હતો. આ વ્યક્તિએ પોતાના અનુયાયીઓને કહ્યું કે, "હું તમારી પાસે નવો મઝહબ લઈને આવ્યો છું અને આ નવો મઝહબ તેના કાર્ય તથા કથનોથી જાહેર હતો. કારણે કે તેણે ચારેવ ઈમામોના મસ્લક અને મઝહબ અને ઉલમાના ઈર્શાદોને નકારી કાઢયા. આ મહાશયે પોતાના જાહિલથી જાહિલ અનુયાયીઓ પાસે સંદેશ મોકલ્યો હતો કે, "તમો સૌ પોતાની સમજબુઝ પ્રમાણે ઈજતેહાદ (કુર્આન વ હદીષની મુરાદ જાણી તેની અંદર તમારી સમજ પ્રમાણે સોચી વિચારીને દીની મસાઈલ કાઢયા) કરો, અને જુઓ જે વાત આપણા મઝહબ અને મસ્લકના પ્રમાણે હોય તેનો હુકમ આપો અને અઈમ્માએ કિરામ અને ઉલમાએ ઈઝામની કિતાબો, તેઓના અક઼વાલ (કથનો) તરફ ધ્યાન ન આપો, કેમ કે તેઓની કિતાબમાં હક્ક઼ તથા બાતિલ બંનેવ છે." આ વ્યક્તિએ કેટલાય ઉલમા, બુઝુર્ગો અને આમ મુસલમાનોને ફક્ત એ કારણે મોતના ઘાટ ઉતાર્યા કે તેમણે આ વ્યક્તિની હા માં હા ન ભરી તથા તેના બનાવટી મઝહબ તથા મસ્લકનો વિરોધ કર્યો. આ વહાબી ફિર્કો હિંદુસ્તાનમાં બે ભાગમાં વહેંચાઈ ગયો જેમાંથી એકનું નામ **દેવબંદી** અને બીજાનું નામ **ગૈર મુક઼લ્લિદ એટલે કહેવાતા "એહલે હદીષ"** છે, આ ગૈર મુક઼લ્લિદોની જમાઅત શરૂઆતમાં વહાબી નામથી મશ્હૂર થઈ પરંતુ ભારતના એહલે હદીષના અનુયાયીઓને આ નામ પસંદ ન પડયું જેથી કરીને તેઓએ પોતાનું નામ બદલી મુહમ્મદિયહ રાખ્યું અને જયારે તેના

વિરોધીઓએ કહ્યું કે આ ગુમરાહ જમાઅત મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહ્હાબથી સંબંધિત છે તો તેઓએ પોતાનું નામ બદલી "એહલે હદીષ" નવું નામ ધારણ કર્યું. *(ફિત્નોંકા ઝુહૂર, પેજ નં. ૯૪)*

### ★ ભારતમાં આ મઝહબના પેશવાઓ અને તેઓની કિતાબો ★

જમાઅતે એહલે હદીષનો ફેલાવો ભારતમાં અંદાજે ૧૫૦ વર્ષ પૂર્વે થયો. આ જમાઅતના કેટલાકના પેશવાઓનાં નામ નીચે પ્રમાણે છે કે જેઓએ જમાઅતે એહલે હદીષને ફેલાવવા માટે વધુમાં વધુ કિતાબો લખી, જેમાં તેઓએ કુર્આન, હદીષ અને સહાબાએ કિરામ તથા અવલિયાએ ઈઝામની વિરૂદ્ધ અક઼ીદા લખ્યા અને પોતાની કુબુધ્ધિથી ઘડેલા મસ્અલા વર્ણન કર્યા અને ઈમામે આ'ઝમ તથા આપના સિવાય બીજા ઈમામો رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની શાનમાં ગાળો અને મહેણા મારીને પોતાની કિતાબો ભરી.

**૧.** નવાબ સિદ્દીક઼ હસનખાં ભોપાલી : આ મહાશયે "ફત્હુલ મુગીષ, ઈસ્તિવા વગેરે કિતાબો લખી જમાઅતે એહલે હદીષનો પ્રચાર કર્યો. **૨.** મોલ્વી નઝીર હુસૈન દહેલ્વી : આ વ્યક્તિએ "કિતાબુલ મિઅયાર, ફતાવા નઝિરિયા" વગેરે કિતાબો એહલે સુન્નત વ જમાઅતની વિરૂદ્ધ લખી પોતે ગુમરાહ અને એહલે હદીષ હોવાનું સ્પષ્ટ કર્યું. **૩.** મોલ્વી ષનાઉલ્લાહ પાનીપતી : આ શખ્સે "મઝહબે એહલે હદીષ" નામની કિતાબ લખી અને જમાઅતે એહલે હદીષના ગુમરાહ અક઼ીદા જાહેર કર્યા. આ જમાઅતની ભરપૂર તબ્લીગ અને તેઓની કિતાબોનો ખર્ચ સઉદી અરબ પૂરો પાડે છે.

### ★ એહલે હદીષ અને દેવબંદી વહાબી વચ્ચે તફાવત ★

આ બંનેવ જમાઅતો એક સિક્કાની બે બાજુઓ છે, અને આ જમાઅતોનો સ્થાપક પણ એક જ વ્યક્તિ "મુહમ્મદ ઈબ્ને અબ્દુલવહ્હાબ નજદી" છે. એહલે હદીષની અને દેવબંદીઓની કિતાબોનું વાંચન કર્યા પછી એ વાત સ્પષ્ટ થાય છે કે આ બંનેવ ગુમરાહ અને બાતિલ જમાઅતોના બાતિલ અને ગુમરાહ અક઼ીદાઓમાં કોઈ પણ જાતનો ફર્ક઼ નથી. પણ આ બંનેવ જમાઅતોમાં એક મૂળ તફાવત વડે એકબીજાથી જુદી પડે છે અને આ મૂળ તફાવત એ છે કે વહાબી દેવબંદી ચારેવ ઈમામોની એટલે કે ઈમામ આઝમ અબૂ હનીફા, ઈમામ શાફઈ, ઈમામ માલિક, ઈમામ અહમદ બિન હંબલ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَની તક઼લીદ અને તેઓની પૈરવીને હક્ક઼ જાણે છે અને આ દેવબંદી વહાબી જમાઅત તેઓની તક઼લીદ કરે પણ છે, પણ આ ગુમરાહ જમાઅત જમાઅતે એહલે હદીષ વહાબી દેવબંદીઓથી એક પગલુ આગળ ભરે છે અને ચારેવ ઈમામો (ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ માલિક, ઈમામ શાફઈ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ)માંથી કોઈની પણ તક઼લીદને શિર્ક તથા બિદઅત કહે છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૯૩)*

તેઓનો અક઼ીદો છે કે તક઼લીદ એક જીવલેણ બીમારી છે. *(તરીક઼ે મુહમ્મદી)* તક઼લીદ કરનાર નાબીના (અંધ) હોય છે. *(રદ્દે તક઼લીદ)* વગેરે. આ મૂળ તફાવત છે જેના કારણે એહલે હદીષવાળા દેવબંદી વહાબી ફિર્ક઼ાથી જુદા પડે છે, નહીં તો **અક઼ીદામાં તો આ ગુમરાહ જમાઅત દેવબંદીઓની સાથે જ છે.** આ ગુમરાહ જમાઅતના કેટલાક ગુમરાહ અક઼ીદા તેઓની જ કિતાબોમાંથી વાંચક મિત્રો સમક્ષ વર્ણન કરવામાં આવે છે જેથી કરીને તેઓના અક઼ીદા જાણીને તેઓ મુસલમાન ન હોવાની વાત સુન્ની હન્ફી મુસલમાનો સમક્ષ જાહેર થઈ જાય.

### ★ ગુમરાહ જમાઅતના ગુમરાહ અક઼ીદાઓ ★

**૦૧.** અલ્લાહ તઆલા પોતાના કરેલા વાયદાઓની વિરૂદ્ધ કરવા પર ક઼ાદિર છે. *(હદયતુલ મેહદી, પેજ નં. ૧૪)* હક઼ીક઼તમાં વાયદા ખિલાફી એક

અયબ છે, અને અલ્લાહ સર્વ અયબોથી પાક છે એ અહલે સુન્નતનો અક઼ીદો છે.

**૦૨.** નબીએ કરીમ ﷺનો પડછાયો પડતો હતો. *(ફતાવાએ એહલે હદીષ, પેજ નં. ૧૬૬)*

**૦૩.** હુઝૂર ﷺ હાઝિર તથા નાઝિર છે, આ રીતનો અક઼ીદો ધરાવનાર ગુમરાહ બિદઅતી છે. *(ફતાવાએ એહલે હદીષ, પેજ નં. ૧૫૪)*

**૦૪.** એ અક઼ીદો ધરાવવો કે હઝરત મુહમ્મદ ﷺ આલમે બરઝખ (કબ્ર મુબારક)માં સૌ લોકોના કામો અને વાતો અને તેઓના અક઼ીદાઓથી વાકેફ (જાણકાર) છે, એ ગુમરાહી છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૨૮)*

**૦૫.** એ અક઼ીદો રાખવો કે સૌથી પહેલાં અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરને પોતાના નૂરથી અલગ કર્યું અને તેનું નામ "મુહમ્મદ" રાખ્યું. ત્યાર પછી તે નૂરને હુકમ આપ્યો કે તું મખ્લૂક઼ાત (દુનિયા)ને પૈદા કર, જેથી કરીને તે નૂરથી બધી જ મખ્લૂક઼ાત પૈદા થઈ, એ ગલત અને ભૂલ છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૨)*

**૦૬.** અલ્લાહ તઆલા સિવાય કોઈ પણ નફો પહોંચાડનાર નથી એટલે કે કોઈ પણ સંજોગ અને સૂરતમાં પણ કોઈ પણ મખ્લૂક઼ પાસે આ તાક઼ત નથી કે તે આપણા બગડતાં કામોને સહીહ કરી દે. *(એહલે હદીષ કા મઝહબ, પેજ નં. ૧૭)*

**૦૭.** એહલે હદીષ ક઼બ્રો પર ઉર્સ મનાવવાને બિદઅત કહે છે. અને કહે છે કે તેઓથી એટલે કે અવલિયા અલ્લાહથી મદદ માગવી શિર્ક છે. *(એહલે હદીષકા મઝહબ, પેજ નં. ૪૦)*

**૦૮.** યા શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની શૈઅન લિલ્લાહનું વિર્દ કરવું શિર્ક છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૫૯)*

**૦૯.** ખત્મે હુઝૂર ﷺ : શયઅન લિલ્લાહ યા હઝરત સૈયદલ અરબ વલ અજમ મુશ્કિલ કુશા બિલ ખયર ફર્યાદરસ યા હઝરત અહમદા.

ખત્મે હઝરત પીર ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ : યા હઝરત શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની મુહયુદ્દીન મુશ્કિલ કુશા બિલ ખયર. ખઝીદી યા શાહે જીલાં ખઝીદી શયઅન લિલ્લાહે અન્ત નૂરે અહમદ.

ઈમ્દાદ કુન ઈમ્દાદ કુન અઝ બંદેગમ આઝાદ કુન , દર દીનો દુન્યા શાદ કુન યા શયખ અબ્દુલ ક઼ાદિર.

(આ વિર્દો ખત્મે કાદરિયામાં છે) વર્ણન થયેલ વઝાઈફને પઢવું જાઈઝ નથી અને જો તેના ઉપર ફાતેહા આપવામાં આવે તો તે મીઠાઈ પણ હરામ છે. *(એહલે હદીષકા મઝહબ, પેજ નં. ૫૧, ૫૨, ૫૩, ૫૪)*

**૧૧.** મીલાદુન્નબી ﷺની મેહફિલ સજાવવી અને ઈદે મીલાદુન્નબી ﷺનું જુલૂસ કાઢવું બિદઅત છે. *(ફતાવાએ એહલે હદીષ, પેજ નં. ૧૫૨)*

**૧૨.** મુક઼લ્લિદો (ઈમામે આ'ઝમ વગેરે ઈમામોની પૈરવી કરનાર) આ ઉમ્મતના યહૂદીઓ છે. *(અદુર્રુષ્ષમીન મઅરૂફ "આમીન", પેજ નં. ૨૭)*

### ★ એહલે હદીષના મનઘડત મસ્અલા ★

**૦૧.** મની (વિર્ય) પાક છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૧૯૨)*

**૦૨.** સતર (લિંગ)ને હાથ લગાડવાથી વુઝૂ તૂટી જાય છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૨૫૦)*

**૦૩.** ક઼બ્ર શરીફ પાસે કુર્આન પાકની તિલાવત કરવી મકરૂહ છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૧૧૦)*

**૦૪.** ફર્ઝ નમાઝ, તરાવીહની નમાઝમાં નાબાલિગની ઈમામત જાઈઝ છે. *(ફતાવા નઝિરિયા, પેજ નં. ૨૪૫)*

**૦૫.** તીજીયા, ચાલીસમાની ફાતેહા તથા ઝિયારત કરવી બિદઅત છે. *(ફતાવાએ એહલે હદીષ, પેજ નં. ૧૪૪)*

**૦૬.** ફાતેહા ખ્વાનીનો શરીઅતમાં કોઈ ષુબૂત નથી. *(ફતાવા એહલે હદીષ, પેજ નં. ૧૫૦)*

**૦૭.** મુર્દાને કબ્રસ્તાન લઈ જતી વખતે કલ્માશરીફનું પઢવું બિદઅત છે. *(ફતાવા એહલે હદીષ, પેજ નં. ૧૫૦)*

**૦૮.** એહલે હદીષનો એ મઝહબ છે કે ઈમામ અને મુકતદી (ઈમામ પાછળ નમાઝ પઢનાર) બંનેવ પર સૂરએ ફાતેહા પઢવી ફર્ઝ છે. *(એહલે હદીષકા મઝહબ, પેજ નં. ૬૩)*

**૦૯.** એહલે હદીષનો એ મઝહબ છે કે નમાઝમાં છાતી પર હાથ બાંધવા જોઈએ. *(એહલે હદીષકા મઝહબ, પેજ નં. ૭૭)*

**૧૦.** એહલે હદીષનો એ મઝહબ છે કે તરાવીહની આઠ રકાત છે. *(એહલે હદીષકા મઝહબ, પેજ નં. ૯૦)*

**૧૧.** કયાસ હુજ્જતે શરઈ નથી. *(હદયતુલ મેહદી, પેજ નં. ૫૪)*

**૧૨.** એક બેઠકમાં અપાયેલી ત્રણ તલાકો એક તલાક છે. *(ફતાવા નઝિરિયા, ભાગ–૨)*

## ★ એહલે હદીષની મુખ્ય નિશાનીઓ ★

એહલે હદીષની સર્વ કિતાબોના વાંચન પછી એ વાત સ્પષ્ટ થાય છે કે તેઓની કેટલીક મુખ્ય નિશાનીઓ છે કે જેના વડે તેઓની દૂરથી જ ઓળખ થઈ જાય છે કે આ ગૈર મુકલ્લિદ એહલે હદીષ છે. પણ હા ! એમાંની અમુક નિશાનીઓ જે ઈમામ શાફઈ رضی اللہ عنہના મઝહબમાં પણ છે. પણ એ ઈમામ શાફઈની પયરવીમાં છે તેમની તકલીદમાં રહીને છે. અને આ ગુમરાહ જમાઅતની આ નિશાનીઓ તેમની કમબુધ્ધિ, શાફઈ મઝહબની વિરુદ્ધ બલ્કિ સૌ એહલે સુન્નત વ જમાઅતની વિરુદ્ધ છે. તેઓની મુખ્ય નિશાનીઓ આ પ્રમાણે છે.

**૧. રફએ યદૈન** : એટલે નમાઝમાં વારંવાર હાથ ઉઠાવવા એટલે કે રુકૂઅમાં જતા સમયે હાથ ઉઠાવવા, રુકૂઅથી ઉભા થતા સમયે હાથ ઉઠાવવા, સજદામાં જતા સમયે હાથ ઉઠાવવા. **૨.** નમાઝમાં છાતી પર હાથ બાંધવા. **૩.** નમાઝ ખૂબ પહોળા પગો કરી પહેલવાન જેમ ઉભા રહેવું. **૪. આમીન બિલજહર** : એટલે કે ઈમામ જયારે અલ્હમ્દુ પઢે ત્યારે જોરથી આમીન કહેવું. **૫.** અને ચારેવ ઈમામમાંથી કોઈ પણ ઈમામની તકલીદ ન કરવી. આ તે નિશાનીઓ છે કે જે દરેક અહલે હદીષમાં જોવા મળે છે.

## ★ ગુમરાહ જમાઅતથી દૂર રહેવાનો હુકમ ★

પ્યારા મુસલમાન ભાઈઓ ! જુઓ આ છે ગુમરાહ જમાઅતના ગુમરાહ અકીદાઓ અને મનઘડત મસ્અલા. શું આ રીતના ગુમરાહ અકીદાઓ એહલે સુન્નત વ જમાઅતના હોઈ શકે ? કદાપી નહીં ! તો શું આવા ગુમરાહ અકીદાઓ ધરાવનાર ગુમરાહ જમાઅતથી દૂર રહેવું જરૂરી નથી ? યકીનન ! તેનાથી દૂર રહેવું જરૂરી છે. અલ્લાહની અતા કરેલ તૌફીકથી આ ગુમરાહ જમાઅત વિશે હુકમ વર્ણન કરવામાં આવે છે. આ ગુમરાહ જમાઅત વિશે અલ્લાહ તઆલાનું ફર્માન આ મુજબ છે :–

"અને હે સાંભળનાર ! જ્યારે તું તેઓને જુએ જે અમારી આયતોમાં ઝઘડે છે, તો તેઓથી આપ મુખ ફેરીવી લો. ત્યાં સુધી કે તેઓ બીજી વાતમાં પડે. અને જો ક્યાંક તને શૈતાન ભૂલાવી દે તો યાદ આવ્યા પછી જાલિમોની પાસે ન બેસ." *(અન્આમ, પારો–૭, આ. નં. ૬૮)*

ગુમરાહ જમાઅતોથી દૂર રહેવાનો હુકમ હદીષમાં પણ આવેલ છે. અલ્લાહના પ્યારા રસૂલ ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, "અંતિમ જમાનામાં કેટલાક જૂઠા દજ્જાલ પૈદા થશે જેઓ તમારી સમક્ષ એવી એવી હદીષો પેશ કરશે કે જે ન તો તમોએ સાંભળી હશે અને ન તમારા બાપદાદાઓએ. તમે પોતાને તેમનાથી દૂર રાખો અને તેમને પોતાનાથી દૂર રાખો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી દે અને તમને ફિત્નામાં ન નાખી દે. *(મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ નં. ૯)*

# ગુસ્તાખીમાં વહાબીઓ
# યહૂદીઓના અનુયાયી છે !

:: અનુવાદક :
**મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ચૌદસો વરસથી અધિકનો ગાળો સાક્ષી છે કે સહાબા, તાબઈન, તબ્એ તાબઈન, દરેક દૌરના ઉલમા, દરેક મસ્લક (હનફી, શાફઈ, માલિકી, હંબલી)ના મુજતહીદો, દરેક વિસ્તારના ફુક્હા તથા મુહદ્દિષો એ અક઼ીદા પર સહમત રહ્યા કે અંબિયાએ કિરામ અને અવલિયાએ એઝામનું ઝિક્ર ઘણુ જ પસંદીદા છે અને અલ્લાહ તબારક વ તઆલાએ એમને એટલી ખૂબીઓ અતા ફર્માવી છે જેનું અનુમાન મનુષ્યની અપૂર્ણ બુદ્ધિ નથી લગાડી શકતી. પરંતુ બુરું થાય ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી અને ઈસ્માઈલ દહેલ્વીનું કે પહેલાએ અરબમાં અને બીજાએ હિંદો–પાકમાં વહાબિયતનું મૂળ નાખ્યું અને ઘણા અવિવાદિત મસ્અલાઓને ખૂબ જ વિવાદાસ્પદ બનાવી દીધા. અને સાચા તથા સ્પષ્ટ અક઼ીદાઓના વિરોધમાં પોતાની મનઘડત વહાબી માન્યતાઓને ખૂબ ફેલાવી તથા તેને ફેલાવવા માટે ઝબાન તથા ક઼લમની સાથોસાથ આધુનિક પ્રસાર માધ્યમોનો પણ ઉપયોગ કર્યો, તેમજ ઘણી જ બેહયાઈ અને બશરમીની સાથે પોતાની ધોકબાજી તથા મક્કારીથી પણ કામ લીધુ અને એમનાં જ કરતુતોના લીધે ઉમ્મતે મુસ્લિમા પોતાની બારસો વરસની ઉન્નતિ અને પ્રગતિ પછી આજે પડતી તથા અધોગતિનો શિકાર થઈ ગઈ છે, સંખ્યાના આધારે મુસલમાન દુનિયાની બીજી સૌથી મોટી ક઼ૌમ હોવા છતાં તા'લીમ, રોજગાર, વ્યવસાયના વગેરેમાં નીચ ક઼ૌમોથી પણ અધિક ઉતરતી કક્ષાની થઈ ગઈ છે.

હક઼ીક઼ત એ છે કે એમને અને એમના ચેલાઓને અંબિયાએ કિરામ તથા અવલિયાએ એઝામની મુક઼દસ બારગાહોમાં ગુસ્તાખી કરવાની હિંમત એમના ગુરૂ યહૂદીઓ અને ઈસાઈઓ પાસેથી મળી હતી, જેમના આ લોકો શુભેચ્છક અને પાલતુ કૂતરા છે. અંબિયાએ કિરામ અને અવલિયાએ એઝામ પ્રતિ યહૂદીઓ અને ઈસાઈઓ ઘણા જ બેબાક અને ગુસ્તાખ પુરવાર થયા છે અને એ જ બેબાકી તથા ગુસ્તાખી એમના ચેલા વહાબી, નજદીઓમાં પણ પ્રસરી ગઈ.

હવે ટૂંકમાં સૌ પ્રથમ ગુરૂઓની ગુસ્તાખીઓના અમુક અંશ જોઈએ ત્યાર પછી તેમના ચેલાઓ વહાબી નજદીઓની એ જ ગંદી માનસિક્તા અને બદ્ઝબાનીનાં થોડાક ઉદાહરણ જોઈશું જેથી એ હક઼ીક઼ત સમજવામાં સરળતા રહે કે ગુસ્તાખ ગુરૂઓના ચેલાઓ પણ ગુસ્તાખ જ હોય છે.

### ★ હઝરત લૂત علیہ السلام પર વ્યભિચારનો આક્ષેપ ★

કિતાબે પૈદાઈશમાં છે : "અને લૂત સ઼ગરથી નીકળી પહાડ પર આવી વસ્યો અને તેની બંનેવ પુત્રી તેની સાથે હતી, કારણ કે સગ઼રમાં વસતાં તેને ડર લાગતો હતો માટે તે અને તેની બંનેવ પુત્રીઓ એક ગુફામાં રોકાયાં. ત્યારે મોટીએ નાનીને કહ્યું કે આપણો પિતા વૃદ્ધ છે અને ધરતી પર કોઈ એવો મર્દ નથી જે દુનિયાના ક઼ાયદા મુજબ આપણી પાસે આવે, આપણે આપણા પિતાને શરાબ પીવડાવીએ અને તેની સાથે સંભોગ કરીએ જેથી આપણા પિતાથી વંશ બાકી રહે. તો તેમણે એ જ રાત્રે તેમના પિતાને શરાબ પીવડાવી અને મોટી પુત્રીએ અંદર જઈ પિતાની સાથે સંભોગ કર્યો પરંતુ તેને ખબર ન પડી કે ક્યારે સૂતી અને ક્યારે ઉઠી અને બીજા દિવસે એમ બન્યું કે મોટીએ નાનીને કહ્યું કે કાલે રાત્રે મેં પિતા સાથે સંભોગ કર્યો, આજે રાત્રે પણ તેને શરાબ પીવડાવીએ અને તું પણ જઈને સંભોગ કર, જેથી આપણા પિતાનો વંશ બાકી રહે. પછી

એ રાત્રે પણ તેમણે પિતાને શરાબ પીવડાવ્યો અને નાનીએ જઈને સંભોગ કર્યો, પણ તેને ખબર ન પડી કે ક્યારે સૂતી અને ક્યારે ઉઠી. અને લૂતની બંનેવ પુત્રીઓ પોતાના પિતાથી ગર્ભવતી થઈ. મોટીથી એક પુત્ર જન્મ્યો જેનું નામ મુવાબ રાખવામાં આવ્યું, એ જ મુવાબિયાનો પિતા છે જેઓ હજુ સુધી છે અને નાનીથી પણ એક પુત્ર જન્મ્યો જેનું નામ તેણે બિન અમા રાખ્યું એ તે જ ઈબ્ને અમનનો પિતા છે, જેઓ હજુ સુધી છે." *(કિતાબે પૈદાઈશ, ભાગ : ૧૯, પેજ : ૩૦ થી ૩૮)*

આની સમજૂતીમાં પ્રસિદ્ધ પાદરી ડિમ્લોનું લખાણ આ પ્રમાણે છે : અમુક ઉલમા આ કહાનીને ઈબ્રાનીઓની તેમના બે પડોશીઓ અને દુશ્મનો સાથે નફરતનો ઈઝહાર માને છે. *(તફસીરે બાઈબલ, પેજ : ૨૮, કોલમ : ૨)*

એટલે કે લૂત عليه السلام ના સેંકડો વરસ પછી મુવાબિયો અને બિન અમૂનને બેઈજ્જત કરવા માટે **યહૂદીઓએ આવી ઝલીલ હરકત કરીને આ કહાની ઘડી નાખી.**

### ★ હઝરત દાઊદ عليه السلام પર વ્યભિચારનો આરોપ ★

બાઈબલની કિતાબ–૨, સમોઈલ, પ્રકરણ : ૧૧–૧૨માં છે : "દાઊદ સાંજના સમયે શાહી મહેલની છત પર ફરતો હતો કે એવામાં તેની નજર સ્નાન કરતી એક અત્યંત સુંદર પડોશી સ્ત્રી પર પડી. તે ઔરિયહની પત્ની બૂત સબઅ હતી. દાઊદે તેને બોલાવી તેની સાથે ઝિના કર્યો અને ખૂબ કોશિશ કરી કે ગર્ભ તેના પતિના માથે જાય, પરંતુ સફળતા ન મળી તો ઔરિયહને જંગમાં મોકલી મરાવી નાખ્યો અને બૂત સબઅને પોતાની કાયદેસરની પત્ની બનાવી લીધી."

આ કહાનીના સંદર્ભમાં ઈન્સાયક્લો પિડિયા બબ્લિકામાં છે : "કિતાબે સમાઈલ ભેળસેળથી પાક નથી, શક્ય છે કે કહાનીનો આ આકર્ષક ભાગ કોઈ એડિટરની કલ્પનાઓનું પરિણામ હોય." *(તફસીલાતે કોલમ : ૧૫૩૨)*

### ★ હઝરત દાઊદ عليه السلام ના સાહબઝાદા પર ઝિનાનો આક્ષેપ ★

બાઈબલ કિતાબે સમાઈલના પ્રમાણે દાઊદ બાદશાહના બે પુત્રો હતા : (૧) અમ્નૂન (૨) અબી સલૂમ. અબી સલૂમની "તમર" નામની એક સુંદર બહેન હતી. અમ્નૂનના પિતા તરફથી સગી અને માતા તરફથી સોતેલી બહેન હતી. અમ્નૂન તેના પર આશિક્ થઈ ગયો અને તેના ગમમાં પીગળવા લાગ્યો. તેને એક ઉસ્તાદ મળી ગયો જેનું નામ પોન્દુખ હતું.

એ જ કિતાબમાં છે : "અમ્નૂને બીમારીનું બહાનુ બનાવ્યું અને જ્યારે બાદશાહ ખબર લેવા આવ્યો તો અમ્નૂને કહ્યું કે મારી બહેન તમસ્ને પણ આવવા દે કે તે મારી સામે બે પૂરીઓ બનાવે અને હું તેના હાથો વડે ખાઉં, તો દાઊદે તમરને સંદેશો મોકલી આપ્યો કે તું તુરત જ પોતાના ભાઈ અમ્નૂનના ઘરે જા અને તેના માટે ખાવા પકાવ. તમર પોતાના ભાઈ અમ્નૂનના ઘરે ગઈ, તે બિસ્તર પર પડેલો હતો. તેણીએ આટો લઈ ગુંદયો અને તેની સામે પૂરીઓ બનાવી તેને પીરસી. પરંતુ તેણે ખાવાથી મનાઈ કરી અને કહ્યું કે બધા લોકોને અહીંયાથી બહાર કરી દે. જ્યારે સૌ ચાલ્યા ગયા તો તેણે તેને પકડી લીધી અને કહ્યું કે, હે મારી બહેન ! તું મારી સાથે સોહબત કર ! તમરે કહ્યું, હે મારા ભાઈ ! મારી સાથે જબરદસ્તી ન કર અને હું આ બેઈજ્જતી લઈ ક્યાં ફરીશ ?! અને તું પણ ઈસ્રાઈલીઓમાં બેવકૂફ સમજવામાં આવીશ. તું બાદશાહને કહે એ મને તારાથી રોકી નહીં રાખે. પરંતુ તેણે તેની વાત ન સાંભળી અને તે એનાથી તાકતવર હતો માટે જબરદસ્તી કરી તેની સાથે સંભોગ કર્યો." *(૨–સમોઈલ, પ્રકરણ : ૧૩)*

આ કહાનીના સંબંધે ઈન્સાયક્લોપિડિયા બબ્લિકામાં છે : "આ તમરનું નામ ન કેવળ જિન્નાતો અને પરીઓવાળી દાસ્તાનોથી સંબંધિત છે. બલ્કે તેની સાથે તેના સંબંધીઓના વ્યભિચારની દાસ્તાન પણ

મનઘડત છે. લોકોએ કિન્આન, ઈસ્તારાત તમરુ અને તેના ભાઈના સંબંધો વિશે એક પૌરાણિક દાસ્તાનને એક પ્રકરણનું ઐતિહાસિક રૂપ આપી દીધું. *(કોલમ : ૪૮૯૧)*

ઈસ્તારાત વિશે પ્રસિદ્ધ પાદરી યૂહન્ના ખાન લખે છે : "ઈસ્તારાત અથા ઈસ્તારાતી જે પ્રેમની દેવી હતી. પવિત્ર ઝાડના રૂપમાં તે પોતાની ઝલક દેખાડતી અને ગીચ ઝાડોવાળી જગ્યામાં તેને પૂજવામાં આવતી, બદ્તરીન નફ્સાની અને વાસનામય નાપાકીઓમાં ઈબાદત સમજવામાં આવતી ઈસ્તારાત એ દેવતાઓમાંથી એક હતી જેમને સુલેમાને અપનાવ્યા. *(જોગ્રાફિયા બાઈબલ લેખક : પાદરી યૂહન્ના ખાન, પેજ : ૧૨૦, પ્રકાશન : ઈ.સ. ૧૯૧૩)*

યાદ રાખશો કે આ બધા પેરેગ્રાફ "પાદરીઓં કે કરતૂત" નામી કિતાબમાંથી અસ્લમ રાનાના લખાણમાંથી લેવામાં આવ્યા છે.

### ★ હઝરત સુલૈમાન عليه السلام પર જાદૂગર હોવાનો આક્ષેપ ★

તફસીરે જલાલૈન હાશિયા સાવીમાં **وكانت تسترق السمع**ના હેઠળ ભાગ : ૧, પેજ : ૭૫માં છે : "તેનું કારણ એ હતું કે હઝરત સુલૈમાન عليه السلامની ઔરતમાંથી એક ઔરતે કોઈ બુતને ચાલીસ દિવસ સજદો કર્યો તો એટલી જ મુદ્દત સુધી આપ બાદશાહતથી બરતરફ રહ્યા. આ ઘટના એ રીતે બની કે આપ કુદરતી હાજતની જગાએ જતા પહેલાં પોતાની એ અંગૂઠી જે હઝરત આદમ عليه السلام જન્નતથી પોતાની સાથે લાવ્યા હતા એને પોતાના પત્ની અમીનાને આપી દેતા. એ અંગૂઠીમાં એ તાસીર હતી કે એ જેની પાસે હોય તે દુનિયાનો માલિક થઈ જતો. એકવાર આપ હાજત માટે જઈ રહ્યા હતા તો એ અંગૂઠી પોતાના બીવી અમીનાને આપી આપ ચાલ્યા ગયા. એ જ વખતે સખરુલ મારિદ નામનો શયતાન આપનુ રૂપ ધારણ કરીને આવ્યો અને અંગૂઠી માગી ખુરશી પર જઈ બેઠો. હઝરત સુલૈમાન عليه السلام આવ્યા અને અંગૂઠી માગી તો આપના પત્ની અમીનાએ કહ્યું કે, "હમણા તો આપે અંગૂઠી લીધી છે !" હઝરત સુલૈમાન عليه السلام સમજી ગયા કે આ અલ્લાહ તઆલા તરફથી આજમાઈશ છે. શૈતાને બીજા શયતાનોની મદદથી જાદૂ વગેરેની એક કિતાબ જમા કરી અને તેને એ ખુરશી નીચે દફનાવી દીધી. હઝરત સુલેમાન عليه السلامના વિસાલ પછી શૈતાનોએ લોકોમાં ફેલાવી દીધું કે હઝરત સુલૈમાન ખુરશી નીચે દફનાવેલી એ જાદૂની કિતાબના આધારે હુકૂમત કરતા હતા. જેનાથી લોકો ધોકામાં આવી ગયા અને આજ સુધી ધોકામાં છે. અને **યહૂદી હઝરત સુલૈમાન عليه السلام જેવા પયગંબરને જાદૂગર જ કહે છે.** માટે જ્યારે હુઝૂર ﷺએ હઝરત સુલૈમાન عليه السلامને પયગંબરોમાં ગણાવ્યા તો યહૂદીઓએ કહ્યું કે, **"મુહમ્મદ ﷺને જુઓ ! એ સુલૈમાન (عليه السلام)ને નબી કહે છે, જ્યારે કે તે જાદૂગર હતા."** જેના પર આ આયત નાઝિલ થઈ :–

**તર્જુમો** : "અને તેની પાછળ ચાલી નીકળ્યા જે સુલૈમાનના રાજ્ય સમયે શૈતાનો પઢયા કરતા હતા, અને સુલૈમાને કુફ્ર નથી કર્યું, શૈતાન કાફિર બન્યો, લોકોને જાદૂ શીખવાડે છે અને તે (જાદૂ) બાબુલ (શહેર)માં હારૂત અને મારૂત (નામના) બે ફરિશ્તાઓ પર ઉતર્યું." *(સૂરએ બક઼રહ, આયત : ૧૦૨)*

### ★ અંબિયાએ કિરામની નાહક્ક઼ ક઼ત્લ ! ★

તફસીરે જલાલૈનના હાશિયામાં અલ્લામા અબ્દુલહક્ક઼ લખનવી પેજ નં. ૧૧ પર લખે છે : "રિવાયત છે કે તેમણે **(યહૂદીઓએ) ૭૦ નબીઓને ક઼ત્લ કરી દીધા** અને કાંઈ પરવા પણ ન કરી, ન દુઃખ અનુભવ્યું બલ્કે સવારે તેમણે આ ધૃણાસ્પદ કાર્ય કર્યું અને સાંજે પોતાનાં કામોમાં લાગી ગયા. **તેમણે હઝરત યહ્યા** عليه السلام અને **હઝરત ઝકરિયા** عليه السلامને **પણ ક઼ત્લ કર્યા."**

એના જ અનુસંધાનમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

**તર્જુમો** : "અને તેમના પર નક્કી કરી દેવામાં

આવી બેઈજ્જતી તથા નાદારી અને ખુદાના ગઝબમાં પરત થયા. આ બદલો હતો તેનો કે તે અલ્લાહની આયતોને નકારતા અને અંબિયાને નાહક્ક઼ શહીદ કરતા, આ બદલો હતો તેમની નાફર્માનીઓ અને હદથી વધી જવાનો." *(સૂરએ બક઼રહ, આયત : ૬૧)*

એ જ રીતે **તેમણે હઝરત મરયમ પર તોહમત લગાડી, હઝરત ઈસા** عليه السلام**ને ક઼ત્લ કરવાનું ષડયંત્ર કર્યું** અને **નબીએ કરીમ** عليه السلام**ને ક઼ત્લ કરવાની સાઝિશ કરી** તથા **અંબિયાએ કિરામની શાનમાં ગુસ્તાખીઓ કરી."**

## ★ વહાબી–દેવબંદી યહૂદીઓના પંથે.....! ★

યહૂદીઓની બેઅદબીઓ તમે જોઈ લીધી ! હવે યહૂદીઓ તથા ઈસાઈઓના પાલતુ વહાબીઓ દેવબંદીઓની ગુસ્તાખીઓના અમુક નમૂના જુઓ કે બંનેવમાં કેટલી સામ્યતા છે :–

**૦૧.** "દરેક મખ્લૂક઼ નાની હોય કે મોટી અલ્લાહની શાન સમક્ષ ચમારથી પણ વધુ ઝલીલ છે." *(તક઼વિયતુલ ઈમાન, અઝ : ઈસ્માઈલ દહેલ્વી)*

**૦૨.** કિતાબ સીરાતે મુસ્તક઼ીમ પેજ : ૯૫ ઉપર ઈસ્માઈલ દહેલ્વી લખે છે : **"નમાઝમાં હુઝૂરે અક઼દસ** صلى الله عليه وسلم**નો ખયાલ લાવવો પોતાના બળદ અને ગધેડાના ખયાલમાં ડૂબી જવાથી કેટલાય ઘણુ બદ્તર છે."**

**૦૩.** કિતાબ ઈઝાહુલ હક઼્ક઼માં ઈસ્માઈલ દહેલ્વી લખે છે : (ભાવાર્થ) : "અલ્લાહ તઆલાને સમય, જગ્યા અને દિશાથી પાક માનવું અને તેના દીદારને દિશા વિના સાબિત કરવું બિદઅતે હક઼ીક઼િયામાંથી છે. જો આવા અક઼ીદા રાખનાર તેને દીની અક઼ીદા સમજે."

**૦૪.** કિતાબ હિફ઼્ઝુલ ઈમાનમાં અશ્રફ઼ અલી થાન્વીએ લખ્યું : "આપની મુક઼દ્દસ જાત પર ઈલ્મે ગયબનો હુકમ કરવો ઝૈદની વાત પ્રમાણે સત્ય હોય તો પૂછવાનું એ કે આ ગૈબનો મતલબ અમુક ગૈબ છે અથવા સઘળો ગૈબ, જો ગૈબના અમુક ઈલ્મો મતલબ છે તો **એમાં હુઝૂર** صلى الله عليه وسلم**ની શું વિશિષ્ટતા ?! એવું ઈલ્મે ગયબ તો ઝૈદ, અમર બલ્કે દરેક બાળક અને પાગલ, બલ્કે સઘળા પશુ પ્રાણીઓને પણ પ્રાપ્ત છે."**

**૦૫.** "હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلمને **પોતાના ખાત્માનો પણ હાલ ખબર નથી."** *(તક઼વિયતુલ ઈમાન)*

**૦૬.** હઝરત આઈશા સિદીક઼ા رضي الله عنهاની શાનમાં ગુસ્તાખી કરતાં અલ્ ઈમદાદ સફર હિ.સ. ૧૩૩૫નાં અંકમાં લખ્યું : "એક નેક આદમીને કશ્ફ થયો કે હુઝૂર (થાન્વી)ના ઘરે હઝરત આઈશા (رضي الله عنها) આવવાનાં છે. તેમણે (થાન્વી)ને કહ્યું, તુરંત મારો ખયાલ આ (નવી નાની વયની પત્ની) તરફ ગયો. એ કારણે કે જ્યારે હુઝૂરે અક઼દસ صلى الله عليه وسلمએ હઝરત આઈશા رضي الله عنهاથી નિકાહ કર્યા ત્યારે હુઝૂર صلى الله عليه وسلمની ઉમર શરીફ઼ પચાસથી અધિક હતી અને હઝરત આઈશા (رضي الله عنها) નાની વયનાં હતાં."

**૦૭.** તસ્ફિયતુલ અક઼ાઈદ, પેજ : ૨૫ પર ક઼ાસિમ નાનોત્વીએ લખ્યું : "વધુ પ્રમાણમાં જૂઠને શાને નબુવ્વત વિરુદ્ધ એ અર્થમાં સમજવું કે એ ગુનોહ છે અને **અંબિયા (**عليهم السلام**) મા'સૂમ છે (એ વાત) ભૂલથી ખાલી નથી."**

**૦૮.** કિતાબ ફતાવા રશીદિયહ્‌માં પેજ : ૯૬ પર છે : "ઈલ્મે ગયબ પ્રતિ સૌનો અક઼ીદો અને મઝહબ એ છે કે હક઼્ક઼ તઆલા સિવાય તેને કોઈ નથી જાણતુ માટે **હક઼્ક઼ તઆલા સિવાય અન્ય કોઈ માટે ઈલ્મે ગયબ સાબિત કરવું ઉઘાડુ શિર્ક છે."**

તેમાં જ પેજ નં. ૭૩ પર લખે છે : "જે વ્યક્તિ રસૂલુલ્લાહ صلى الله عليه وسلمના આલિમુલ ગયબ હોવાનો અક઼ીદો રાખે સાદાતે હનફિયાના નજદીક નિશ્ચિત મુશ્રિક વ કાફિર છે."

**૦૯.** જ્યારે કે એ જ કિતાબમાં પેજ નં. ૧૯૯ પર છે : "આ વાતને સારી રીતે યાદ કરી લેવી જરૂરી છે કે સૌનો અક઼ીદો કે અંબિયાએ કિરામ પોતાની ક઼બ્રોમાં જીવંત છે અને આલિમુલ ગયબ છે." *(પ્રકાશક : મક્તબા રહીમિયા, ઈ.સ. ૧૯૪૬)*

***નોંધ** : આપણે સુન્નીઓ હુઝૂર ﷺને આલિમુલ ગયબ કદી નથી કહેતા કે લખતા પણ આલિમે ગયબ (ગયબના જાણકાર) કહીએ છીએ અને "નબી" શબ્દનો અર્થ એ જ છે કે "ગયબ બતાવનાર", તો જાણે તો જ બતાવે ને !*

**૧૦.** કિતાબ તઝકેરર્તુરશીદ, ભાગ : ૧, પેજ : ૬ પર છે : "એક દિવસ આ'લા હઝરત (હાજી ઈમ્દાદુલ્લાહ)એ સ્વપ્ન જોયું કે આપનાં ભાભી આપના મહેમાન માટે ખાવા પકાવી રહ્યા છે કે એવામાં રસૂલે મક઼બૂલ ﷺ તશરીફ લાવ્યા અને તેમની ભાભીને ફર્માવ્યું, ઉઠ ! તું એ લાયક નથી કે ઈમ્દાદુલ્લાહના મહેમાનોનું ખાવા પકાવે ! તેના મહેમાન ઉલ્મા છે, તેના મહેમાનોનું ખાવા હું પકાવીશ."

**૧૧.** શયખુલ ઈસ્લામ નંબર, પેજ : ૫૯ પર છે : "તમે કદી ખુદાને પણ તમારી ગલીઓમાં ચાલતો ફરતો જોયો છે ?! કદી ખુદાને પણ તે અર્શે અઝમતો જલાલના નીચે ફાની ઈન્સાનો સાથે વ્યવહાર કરતો જોયો છે ?! તમે કદી વિચાર્યું કે રબ્બુલ આલમીન પોતાની કિબ્રિયાઈઓ પર પર્દો નાખી તમારા ઘરોમાં આવી તમારામાં રહેશે ! તમારી સાથે વાતચીત કરશે ! તમારી સેવાઓ કરશે ! તો પછી શું હું દિવાનો છું ?! મજઝૂબ છું ?! કે ગપ્પાં હાંકું છું ?! નહીં ભાઈઓ ! આ વાત નથી. પાગલ કે ગાંડો નથી, **જે કાંઈ કહું છું તે સત્ય છે** પરંતુ સમજનો થોડો ફરક છે, **હક઼ીક઼ત** અને મજાઝનો થોડો ફરક છે. તો પછી જરા બતાવો કે **જે આંખોએ ખાદીધારી કપડાંમાં સજ્જ એ બંદાને જોયો તે કેમ ન કહે કે અમે ખૂદ અલ્લાહ બુઝુર્ગો બરતરનો જલ્વો આ જ ભૂમી ઉપર જોયો છે !"**

***નોંધ** : આ છે તેમના મોલ્વી હુસૈન અહમદ ટાંડવી (મદની)ની તારીફ ! વધુ કાંઈ બાકી રહ્યું હવે તારીફ કરવામાં ?!*

ન્યાય પ્રિય વાંચકો ! હવે ફૈસલો આપના હાથમાં કે ઉપરોક્ત કથનોમાં શૈખે ટાંડાનું ખુદા હોવું અથવા ખુદાનું શૈખે ટાંડાના રૂપમાં ગલીકૂચામાં ચાલતા ફરતા હોવાને માનવું **અલ્લાહ તબારક વ તઆલાની શાનમાં કેટલી મોટી ગુસ્તાખી છે ?!** એ જ રીતે હુઝૂર ﷺને અંતિમ નબી ન માનવું, અલ્લાહ તઆલા માટે જૂઠ બોલવાને જાઈઝ સમજવું, મીલાદ શરીફને શિર્કિયા અમલ કહેવું અને એ સિવાયની બીજી ગુસ્તાખીઓ કરવી અને વળી પોતાને મુસલમાન પણ કહેવું કેટલા પ્રમાણમાં આશ્ચર્યજનક છે તેના વિશે વાંચકો આ લખાણોની રોશનીમાં ખૂદ ફૈસલો કરી લે. કે આ યહૂદીઓનો વારસો લઈને વહાબી ચાલી રહ્યા છે કે નહીં ?! *(પયામે રઝા મંથલી, જમદાશાહી, જુલાઈ–૨૦૧૨)*

વળી પ્રો. તાહિરુલ ક઼ાદરી પાકિસ્તાની જે યહૂદીઓને ઈમાનવાળા કહી રહ્યા છે, તેઓ કાફિર નથી એવું કહી રહ્યા છે, તે ખયાલ તેમનો કેટલો ગુમરાહકુન છે તે પણ અહીં કુર્આની આયતોથી સાબિત થઈ રહ્યું છે.


**:: ૫ રૂા. ટપાલ ટિકિટ મોકલી મંગાવો ::**

કિતાબ : **હઝરત મુહમ્મદ ઈબ્રાહીમ તુર્કીબાપુ** رحمۃ اللہ علیہ (પેજીસ–૨૪) આવૃત્તિ–૨

સંપાદક : **અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર**

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી** ઠે.રેલ્વે કોલોની, ક્વાટર નં. ૨૮/૧૩, ત્રણ માળ પાસે, મુ. હાપા–૩૬૧૧૨૦, જિ. જામનગર

હુઝૂર મુફતીએ આઝમે હિંદ હઝરત ક઼િબ્લા મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہના ખલીફા એવા સૌરાષ્ટ્રના બુઝુર્ગ તુર્કી બાપુ رحمۃ اللہ علیہ દીન સુન્નિયત શરીઅતના પાબંદ બાકરામત બુઝુર્ગ વિશે જાણવા આ પુસ્તિકા જરૂરથી મંગાવો.

# શીઆઓનો સહાબાએ કિરામ પ્રત્યેનો અભિગમ કેવો છે ?!

:: રજૂકર્તા ::
પટેલ શબ્બીર અલી રઝવી
*(તંત્રી–બરકાતે ખ્વાજા)*

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! ઈમાનની સલામતી માટે ''અહલે સુન્નત વ જમાઅત'' સિવાયના અન્ય ગુમરાહ ફિર્કાવાળાના શું ગંદા અકીદા છે એ જાણવું જરૂરી છે. આજકાલ લોકો બહું સોફટ બને છે ! કે એના અકીદા એની પાસે આપણે શું ?! પણ એવા જ લોકો પોતાની પર્સનલ મેટરમાં પોતાના હરીફની સર્વ પોલો જાણવા સતત કોશિશમાં રહે છે તથા તેને જાહેર કરતા ફરે છે તેમજ તેની ચાલોથી સતત માહિતગાર રહેવા કોશિશમાં રહે છે જેથી પોતે તેના ધોકાઓથી સલામત રહી શકે. તે જ પ્રમાણે અહીં અહલે સુન્નત પર મજબૂતથી રહી શકાય અને કોઈ ગુમરાહીમાં ન પડી જવાય એટલા માટે બાતિલ ફિર્કાના બાતિલ (જૂઠા) અકીદાઓથી માહિતગાર રહેવું અતિશય જરૂરી બલ્કે અનિવાર્ય છે. અત્રે શીઆ ફિર્કાની બદઅકીદગીની એક ઝલક રજૂ કરીએ છીએ જેને વાંચો અને તેમની અસલિયત ઓળખી તેમનાથી સાવધાન રહો.

આ લખાણ ખૂદ એક **શીઆ આલિમ સૈયદ હુસૈન મૂસવી નજફી**ની કિતાબનું છે જેણે હક્કની તલાશમાં શીઆઓના અકીદાઓથી બેઝારી જાહેર કરી અને તેને રદીયો આપતાં ખૂદ એક કિતાબ લખી જેનું અરબી નામ છે : **કશ્ફુલ અસ્રાર વ તિબરઅતિલ્ અઈમ્મતિલ્ અત્હાર** જેનો અનુવાદ **અબૂ કુલ્યૂમ હિંદી** નામના શખ્સે કર્યો જે **ઈમામ જાઅફર સાદિક એકેડેમી–લખનૌ**થી પ્રસિદ્ધ થઈ. હવે તેમાંની વિગતો તેમના જ શબ્દોમાં રજૂ થશે.

### ★ સહાબાએ કિરામથી શીઆઓની નફરત ★

''અહલે સુન્નતથી શીઆઓની નફરત ન કોઈ આજની પેદાવાર છે અને ન આજના અહલે સુન્નત સાથે ખાસ છે બલ્કે એની જડો ખૂબ જ ઊંડી છે જેનો ક્રમ પ્રથમ યુગ સુધી જઈને મળે છે. જી હા ! અહલે સુન્નતના વર્તુળમાં અબૂઝર, મિક્દાદ અને સલમાન ફારસી (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) સિવાય સર્વ સહાબીઓ આવી જશે જેમનાથી શીઆઓને નફરત છે. જેમ કે કલીની, અબૂ જઅફર رضی اللہ عنہના હવાલાથી નક્લ કરે છે :

''નબી કરીમ ﷺના ઈન્તેકાલ બાદ મિક્દાદ ઈબ્ને અસ્વદ, સલમાન ફારસી તથા અબૂઝર ગફફારી (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ) સિવાય **સર્વ સહાબીઓ મુર્તદ થઈ ગયા હતા.''** *(રૌઝતુલ કાફી, ૨૪૬/૮)*

સુન્નીઓ ! વિચારો ! જો આપણે યહૂદીઓને પૂછીએ કે તમારી મિલ્લતમાં અફઝલતરીન (શ્રેષ્ઠ) લોકો કોણ છે ? તો એ જ જવાબ આપશે કે મૂસા (علیہ السلام)ના અસ્હાબ એટલે સાથીઓ.

જો આપણે નસારા (ઈસાઈઓ)ને પૂછીએ કે તમારી ઉમ્મતમાં અફઝલતરીન કોણ છે ? તો યકીનન ! જવાબ હશે કે ઈસા (علیہ السلام)ના હવ્વારીઓ એટલે સાથીઓ. (આ કેટલી મહાન ગુસ્તાખી છે)

જો આપણે શીઆઓને પૂછીએ કે તમારા અકીદા તથા તમારી માન્યતા હેઠળ **બદતરીન લોકો કોણ છે ?** તો એ જ જવાબ મળશે કે **મુહમ્મદ (ﷺ)ના સાથીઓ !**

હઝરત અબૂબક્ર, ઉમર તથા ઉષ્માન رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ત્રણેવની **ખિલાફતના મુન્કિર** એવા આ શીઆઓના અપશબ્દો તથા ટીકા ટીપ્પણનું સૌથી વિશેષ કોઈ નિશાન બનેલ છે તો તે મુહમ્મદ (ﷺ)ના સાથીઓ અને એમાં પણ ખાસ

કરીને અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન અને નબી ﷺની પવિત્ર બીવીઓ ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا તથા હઝરત હફસા رضی اللہ عنہا છે.

એટલા માટે એમની કિતાબોમાં એક દુઆ મળે છે જેમાં કુરૈશના બે બુતોના સંબંધે કહેવામાં આવ્યું છે કે, હે અલ્લાહ ! કુરૈશના બંને સનમ–બુત અને તાગૂત (શૈતાન)ની **બંને તાકૃતો (એટલે અબૂબક્ર તથા ઉમર) પર લઅનત ફર્માવ !**........(છેવટ સુધી) આ દુઆ મોઅતબર કિતાબોમાં સ્પષ્ટપણે વર્ણન થયેલી છે. ઈમામ ખોમૈની (જેની તારીફ પ્રો. તાહિરુલ કૃાદરીએ કરી છે !)નો નિયમ હતો કે દરરોજ સવારની નમાઝ બાદ આ દુઆ પઢતા.

એમની એક કિતાબમાં છે : ''હમ્ઝા ઈબ્ને મુહમ્મદ તય્યાર બયાન કરે છે કે અમે અબૂ અબ્દુલ્લાહ (رضی اللہ عنہ)ની મજલિસમાં મુહમ્મદ ઈબ્ને અબૂબક્રનો ઉલ્લેખ કર્યો તો તેમણે ફર્માવ્યું, અલ્લાહ તઆલા એમના પર રહમ કરે, અને પોતાની રહમતો નાઝિલ કરે, એકવાર મુહમ્મદ ઈબ્ને અબૂબક્રએ હઝરત અલી (رضی اللہ عنہ)ને કહ્યું, તમારો હાથ વધારો કે હું બયઅત કરું ! આપે પૂછયું, શું તમે હજી સુધી બયઅત નથી કરી ? તેમણે જવાબ આપ્યો, કેમ નહીં ?! હું તો બયઅત કરી ચૂક્યો. અને પછી તેમણે પોતાનો હાથ ધરી આપ્યો અને (હઝરત અલીને) કહ્યું, હું ગવાહી આપુ છું કે આપ ઈમામ છો અને આપની ફર્માબરદારી ફર્ઝ છે અને મારા પિતા **(અબૂબક્ર)નું ઠેકાણુ જહન્નમ છે.** *(રિજાલુલ કશી, પેજ–૬૧)*

એક જગાએ લખે છે : શોએબ, અબૂ અબ્દુલ્લાહથી નકૃલ કરે છે કે દરેક ખાનદાનમાં કોઈ ન કોઈ શરીફ જરૂર હોય છે, અને **બુરા ખાનદાનમાં પેદા થનાર શરીફતરીન શખ્સનું એક ઉચ્ચ દષ્ટાંત મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર (અબૂબક્રના પુત્ર મુહમ્મદ) છે.** *(અલ કશી, પેજ–૬૧)*

હઝરત ઉમર رضی اللہ عنہની તૌહીનમાં લખે છે : ''અને જો વાત કરીએ હઝરત ઉમરની તો સૈયદ નેઅમતુલ્લાહ જઝાઈરી તેમના બારામાં ત્યાં સુધી કહે છે : ''ઉમરની પાછલી શર્મગાહમાં એક બીમારી હતી જેની તકલીફથી એમને ત્યારે જ સુકૂન મળતુ જ્યારે મર્દનું પાણી એના પર નાખવામાં આવતું.'' *(અલ અન્વારુન્નુઅમાનિયા, પેજ–૬૩)*

આ તદ્દન જૂઠો આક્ષેપ અને અતિ ગંદી તૌહીન હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં છે. અસ્તગફિરુલ્લાહ!

### ★ હઝરત ઉમર رضی اللہ عنہનો કૃાતિલ શીઆઓનો હીરો ! ★

ઈરાનના શહેર કાશાનમાં ''બાગ઼ી ફૈન'' નામનો એક વિસ્તાર છે જ્યાં એક અન્જાન ફોજીની કૃબર છે જેના બારામાં લોકોનો વહેમ છે કે હઝરત ઉમરના કૃાતિલ અબૂ લૂઅ્ લૂઅ્ ફીરોઝ ફારસી મજૂસીની કૃબર છે. એના પર એક લખાણ લખ્યું છે જેનો ભાવાર્થ છે : ''બાબે શુજાઉદ્દીનની આરામગાહ'' બાબે શુજાઉદ્દીન એક લકૃબ છે જે શીઆઓએ હઝરત ઉમરને કૃત્લ કરવાના બદલામાં અબૂ લુઅ્ લૂઅ્ને અતા કર્યો. એ આસ્તાનાની દીવાલો પર ફારસીમાં ''મર્ગ બર અબૂબકર ! મર્ગ બર ઉમર ! મર્ગ બર ઉષ્માન !'' લખ્યું છે, જેનો મતલબ છે : અબૂબક્ર મુર્દાબાદ ! ઉમર મુર્દાબાદ ! ઉષ્માન મુર્દાબાદ ! (મઆઝલ્લાહ !)

આ મઝાર ઈરાનીઓની ઝિયારતગાહ છે જ્યાં આગળ રૂપિયા પૈસાના ઢગલા વળે છે અને નઝરાણા ચઢાવવામાં આવે છે. એ મઝાર પર હું (મૂળ લેખક) પણ ગયો છું અને સર્વ હાલ પોતાની આંખો વડે જોઈને આવ્યો છું ! ઈરાનના પ્રચાર તથા પ્રસાર મંત્રાલયે તેની વિશાળતા તથા નવીનકરણમાં ઘણી દિલચસ્પી બતાવી અને પત્રો વગેરે માટે એક પોસ્ટકાર્ડ પણ બહાર પાડયો જેના પર આ મઝારનો ફોટો છે !

કલીની, અબૂ જઅફરથી રિવાયત કરે છે : ''**શયખૈન** (અબૂબક્ર તથા ઉમર) દુનિયાથી એ હાલમાં ગયા કે ન તેમણે તૌબા કરી અને ન અમીરુલ મોમિનીન (હઝરત અલી) સાથે જે સુલૂક કર્યો હતો તેના પર પોતાની શર્મિંદગી જાહેર કરી. તો **એમના પર લઅનત થાય ખુદાની, ફરિશ્તાઓની અને સર્વ માનવોની !** *(રૌઝતુલ કાફી, ૮/૨૪૬)*

મઆઝલ્લાહ ! કેટલો જૂઠો ગંદો આક્ષેપ ! અને તેમના પર લઅનત ! તૌબા તૌબા ! આ કેવો જુલ્મ છે ?!

હઝરત ઉષ્માન ગની (رضی اللہ عنہ)ના બારામાં અલી ઈબ્ને યૂનુસ બયાઝી કહે છે : ''ઉષ્માન એક **મસ્ખરા** (ઠઠ્ઠા કરનાર–જોકર) હતા અને તે **હિજડા** હતા !'' *(અસ્સિરાતલ મુસ્તકીમ, ૨/૩૦)* અલ્લાહની પનાહ ! કેટલી બેબાકી અને કેટલા મહાન સહાબીની બારગાહમાં ?!

હઝરત આઈશા (رضی اللہ عنہا)ના બારામાં ઈબ્ને રજબ બરસીનું કહેવું છે : ''હઝરત આઈશાએ **ચોરીથી ચાલીસ દીનાર એકઠા કરી લીધા હતા !''** *(મશારિકુલ અન્વારિલ યકીન, પેજ–૮૬)*

પછી લેખક કહે છે : હું પૂછુ છું કે જો ત્રણેવ ખલીફાઓનો આવો જ કિરદાર હતો તો પછી અમીરુલ મોમિનીન હઝરત અલી رضی اللہ عنہએ એમના હાથ બયઅત શા માટે કરી હતી ?! અને એ ત્રણેવની ખિલાફતમાં હઝરત અલી رضی اللہ عنہ તેમના વઝીર શા માટે રહ્યા ?! શું એટલા માટે કે આપ એમનાથી ડરતા હતા ? મઆઝલ્લાહ !

અને જો એ માની લેવામાં આવે કે બીજા ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہની પાછલી શર્મગાહમાં બીમારી હતી જેની તકલીફથી રાહત કોઈ મર્દના પાણીથી મળતી હતી, જેમ કે સૈયદ જઝાઈરીનું માનવું છે, તો સવાલ એ ઉઠે છે કે એવા શખ્સ સાથે હઝરત અલીએ પોતાની પુત્રી ઉમ્મે કુલ્સૂમની શાદી કેમ કરાવી ? શું હઝરત ઉમરની આ બીમારીની જાણ તેમને ન થઈ શકી ? અને સૈયદ જઝાઈરીને જાણ થઈ ગઈ ?! વાત એટલી ઉઘાડી છે કે સમજવા માટે કોઈ મહેનતની જરૂરત નથી કે આ સૌ જૂઠા આક્ષેપો તે નબી ﷺના પ્યારા સાથી સહાબીઓ પર છે. (અલ્લાહની પનાહ !) *(હવાલો : કશ્ફુલ અસ્રારના ઉર્દૂ અનુવાદમાંથી)*

રસૂલે પાક ﷺની હદીષોમાં તો છે કે, **''મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો નજાત પામશો.''** તથા હઝરત અબૂબક્ર رضی اللہ عنہ તથા હઝરત ઉમર رضی اللہ عنہની શાનમાં કેટલીયે હદીષો આવેલી છે. ફર્માવ્યું : ''મેં સર્વ લોકોના એહસાનનો બદલો ચૂકવી આપ્યો પણ **હઝરત અબૂબક્રના એહસાનનો બદલો અલ્લાહ આપશે.''** અને ફર્માવ્યું : **'' મારા બાદ જો કોઈ નબી હોત તો તે ઉમર હોત !''** તેમજ **આ ત્રણેવ ખલીફાઓને દુનિયામાં જ જન્નતી હોવાની બશારત રસૂલુલ્લાહ ﷺએ આપી.** તેમની શાનમાં આ ગુસ્તાખીઓ ! અલ્લાહની પનાહ ! બસ ! સુન્નીઓ ! સવાધાન રહો અને તમારા અકીદાને સલામત રાખો ! જતાં જતાં એ પણ જણાવી દઉં કે પ્રોફેસર તાહિરુલ કાદરી પાકિસ્તાની હજી પણ ક્યા મોઢે ''શીઆ સુન્ની ભાઈ ભાઈ !'' કહી રહ્યા છે તે લોકો સમજે ! શું આ મહાન ગુમરાહી નથી ?!


★ **મદ્રસા માટે મદદની અપીલ : સેવાલિયા** : ખાતે ''મદ્રસાએ બાગે ઝૈનબ''ના આટલાં કામો બાકી છે : કલરકામ, લાઈટ ફિટીંગ, કબાટ–તીજોરી નંગ–૪, બાઉન્ડ્રી (કોટ), પાણીનો બોર, પંખા નંગ–૮, કિતાબો–પાથરણા, પાટલી–ટેબલ વગેરેની જરૂરત માટે કોણ સખીદાતા છે જે રાહે ખુદામાં સખાવત કરે ? સંપર્ક કરો :–

મદ્રસાએ બાગે ઝૈનબ, રેલ્વે સ્ટેશન પાસે, પાલી રોડ–મુ. સેવાલિયા તા. ઠાસરા, જિ. ખેડા (**પ્રમુખ** : કાલુભાઈ Mob. 9898673824, **કાર્યકર** : ઈદરીસભાઈ Mob. 9824628177)

★ **મદ્રસા માટે અપીલ : વેરાવળ** : મદ્રસા ગૌષિયા રઝવિય્યહ (તુર્ક ચોરા, નૂરી મંઝિલ–વેરાવળ) ની નવી બિલ્ડિંગના બાંધકામની જરૂર છે. તો સખીદાતાઓ આ ઈલ્મે દીનના પ્રચાર માટે ઊભા થતા મદ્રસાના કામને આગળ વધારવા ભરપુર સહાય કરશો એવી અપીલ છે. સંપર્ક કરશો :– (૧) હુસૈન હાજી વલી મુહમ્મદ નૂરી–વેરાવળ (૨) જનાબ ખિઝરભાઈ નવીવાળા–ધોરાજી (Mob. 9638008662)

# મઝલૂમ મુસ્લિમોની મુસીબતોનો અલ્લાહ જ બેલી !

કાર્યાલય

આ એક સુવ્યવસ્થિત કાવત્રુ છે જેના છેડે ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ જગતની સૌથી ફિત્તીન કૌમો યહૂદી ઈસાઈનો હાથ રહેતો આવ્યો છે. જગતમાં ક્યાંય ન ક્યાંય મુસ્લિમ વંશની હત્યા તથા મુસ્લિમો પર જુલ્મની કાર્યવાહી સતત ચાલુ રહે છે, પ્રથમ પેલેસ્ટાઈન, અફઘાન પછી ઈરાક પછી લીબિયા, સીરીયા, મિસ્ર... વગેરે દેશ તથા સ્થળ બદલાતાં રહે છે. જેમ કે ગુજરાતમાં ફેબ્રુ. ૨૦૧૨ ગોધરાકાંડના બહાને ગુજરાતભરમાં દિવસો તથા મહિનાઓ સુધી હજારો મુસ્લિમોને જીવતા સળગાવાયા, તેમની સ્ત્રીઓની આબરૂઓ લૂંટાઈ અને તેમના માલો મકાનો લૂંટી લેવાયાં, સળગાવી દેવાયાં, ત્યારે જે જલદ જ્વલનશીલ પ્રવાહી આગ લગાડવા વપરાયું તે ઈઝરાઈલથી આવેલ હતું અને સુવ્યવસ્થિત પ્લાન મુજબ દરેક ઠેકાણે જ્યાં જ્યાં મુસ્લિમોને સળગાવાયા ત્યાં એ જ પ્રવાહી તાત્કાલિક પહોંચી ગયું હતું ! એ શું સૂચવે છે ? જો કે "ખુદાને ત્યાં દેર છે અંધેર નથી", જેમ વિવિધ શહેરોના હત્યાકાંડોમાં સંડોવાયેલાઓમાંથી અમુક અમુકને પણ જન્મટીપની સજાઓ મોડે મોડે થતી જોવા મળી રહી છે. હાલમાં આસામમાં મુસ્લિમો પર બોડો લોકોના હુમ્લા પાછળ પણ આવો જ કોઈ દોરી સંચાર જણાય છે જેના લીધે લાખો લોકો બેઘર થઈ ગયા અને નિર્વાસિત કેમ્પોમાં શરણ લઈને રમઝાન જેવા મુબારક મહિનામાં મોહતાજીમાં તથા ભયમાં દહાડા કાઢી રહ્યા છે, અને હજારો કત્લ થઈ ગયા તે અલગ.

બીજી બાજુ બર્મામાં મુસ્લિમો વિરુદ્ધ અતિ હિંસક અભિયાન જે ચાલી રહ્યું છે તેણે જુલ્મના સર્વ રેકોર્ડો તોડી નાખ્યા છે. ન્યૂઝ ચેનલોમાં દર્શાવાય છે કે ઈંટો પર પતરાં મૂકી નીચે આગ લગાડીને તેને ગરમ કરી નાનાં નાનાં મુસ્લિમ બાળકોને જીવતાં તેના પર નાખી જુલ્મથી ભૂંજી નાખવામાં આવી રહ્યાં છે. કહે છે કે ગયા મહિને રખાઈનના બૌદ્ધ લોકોના ટોળાએ ત્રણ રોહિન્ગા મુસ્લિમો દ્વારા રખાઈનની મહિલા પર કરાયેલા કથિત બળાત્કાર તથા હત્યાનો બદલો લેવા ૧૦ રોહિન્ગા મુસ્લિમોની હત્યા કરી નાખી હતી જેના કારણે કૌમી રમખાણો ફાટી નીકળ્યાં હતાં જેમાં રોહિન્ગાના મુસ્લિમોનાં સેંકડો ઘરો સળગાવી દેવામાં આવ્યાં.

### ★ બર્મામાં મુસ્લિમો વિરુદ્ધ હિંસક અભિયાન : HRW ★

*"બર્માની સરકાર પોતાની ગંભીરતા દર્શાવવા સંયુક્તરાષ્ટ્રના વિશેષ દૂત ટોમસ કર્વેટાનાને છૂટ આપે*

*લંડન તા. ૨ :માનવ અધિકાર સંગઠન હ્યુમન રાઈટ્સ વોચે (**HRW**) જણાવ્યું છે કે મ્યાનમારમાં ગત જૂન મહિનામાં રોહિંગ્યા મુસ્લિમો તથા બૌદ્ધ ધર્મના અનુયાયીઓ વચ્ચે થયેલા સાંપ્રદાયિક તોફાનોમાં દેશની સેના મૂક પ્રેક્ષક બની બેસી રહી હતી અને બર્માની સેના હજુ પણ મુસ્લિમો પર અત્યાચારો ગુજારી રહી છે. સંગઠનના જણાવ્યા પ્રમાણે મ્યાનમારના સુરક્ષાદળોએ રોહિંગ્યા મુસ્લિમોની હત્યા કરી હતી. તેમની મહિલાઓ ઉપર બળાત્કાર ગુજાર્યા હતા અને સેંકડો મુસ્લિમોની કોઈપણ જાતના વાંક ગુના વિના ધરપકડ કરી હતી. ૫૬ પાનાનો આ અહેવાલ પશ્ચિમ બર્માના રખાઈન પ્રાંતમાં રોહિંગ્યા મુસ્લિમોની બદ્તર દારૂણ સ્થિતિને દુનિયા સમક્ષ ઉઘાડી પાડવા તથા વિશ્વ સમુદાયનું તે તરફ ધ્યાન આકર્ષિત કરવા પ્રસિદ્ધ કરાયો છે. સંયુક્તરાષ્ટ્રે મુસ્લિમો વિરુદ્ધની હિંસાની તપાસ માટે પોતાના ખાસ દૂતને મોકલ્યો છે. હ્યુમન રાઈટ્સ વોચે પોતાના અહેવાલમાં લખ્યું છે કે મુસ્લિમો સાથે દુર્વ્યવહારને દૂર કરવા માટે પોતાની ગંભીરતા દર્શાવવા આ જરૂરી છે કે બર્માની સરકાર*

*સંયુક્તરાષ્ટ્રના વિશેષ દૂત ટોમસ કર્વેટાનાને તપાસ માટે પૂરી છૂટ આપે અને તે માટે જવાબદાર લોકો વિરુદ્ધ કાર્યવાહી કરે. ગત જૂનમાં થયેલી હિંસા બાદ બર્માના અધિકારીઓએ રખાઈન રાજ્યના સંવેદનશીલ વિસ્તારોમાં પત્રકારો તથા રાહતકર્મીઓના આવાગમન સામે રોક લગાડી દીધી છે જે કારણે સાચી માહિતી એકત્ર કરવી મુશ્કેલ બની ગઈ છે. મ્યાનમાર સરકારે આ વાત માનવાનો ઈન્કાર કર્યો છે કે તેના સુરક્ષાદળો રખાઈન પ્રાંતમાં માનવ અધિકારોનો ભંગ કરવા માટે દોષી છે. બર્માના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે હ્યુમન રાઈટ્સ વોચના અહેવાલના જવાબમાં કહ્યું હતું કે, સરકારે હિંસાને નિવેડો લાવવા જેટલા જલ્દી શક્ય બને તેટલા જલ્દી કાર્યવાહી કરી હતી.'' (ગુજરાત ટુ ડે, તા. ૩–૮–૨૦૧૨)*

મ્યાનમારમાં નિર્દોષ મુસ્લિમોની સરેઆમ કત્લેઆમ છતાં કથિત માનવ અધિકાર કાર્યકર્તા આંગ સાન સુકીએ આ દુષ્કૃત્ય સામે હજી સુધી એક અક્ષર નથી ઉચ્ચાર્યો. નિર્દોષ બાળકો, મહિલાઓ તથા અસહાય લોકોની કતલ છતાં ચૂપકિદી રાખીને બેઠાં છે. એમ જણાય છે કે સુકીના માનવીય મૂલ્યો ગરીબ રોહિંગ્યા મુસ્લિમો માટે નથી. મુસ્લિમ વિશ્વને તેમના આ દંભ સામે આંચકો લાગ્યો છે.

એક સમાચાર મુજબ ૪૫ રોહિંગ્યા મુસ્લિમ પરિવારો અત્યાચારથી બચવા હૈદ્રાબાદ ખાતે નિઃસહાય સ્થિતિમાં આવી પહોંચ્યાં છે. હાલ તેમણે બાલાપુર દરગાહ ખાતે આશ્રય લીધો છે. અમુક દિલ્હી પણ પહોંચ્યાં છે. ''બૌદ્ધ ધર્મનો અંગિકાર કરો નહિતર તમને મારી નાખવામાં આવશે !'' બૌદ્ધ હુમ્લાખોરોની આ ધમકી હજી પણ તેમના કાનોમાં પડઘાયા કરે છે. કહેવાતા અહિંસાના પ્રતીક તથા માનવતાની ભાવનાનો ઢોંગ રચનારા બૌદ્ધોનો આ નિર્દોષો પરનો જુલ્મ શરમજનક તથા અફસોસજનક બાબત છે.

ઈસ્લામનો કાનૂન છે કે માનવતાનુ ધોરણ કદી હાથમાંથી ન છૂટે ચાહે કોઈ લશ્કરનો સામનો થાય તો જંગની હાલતમાં પણ ફક્ત જે લડે તેની સાથે લડવું અને જે હથિયાર મૂકી દે તેને ન છેડવું, બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધોને કત્લ ન કરવાં..... આ નિયમો ફતહો પામ્યા બાદ પણ મુસ્લિમોએ સાચવેલા છે. ઝાડોને ન કાપવાં, ફસલને નુકસાન ન કરવું તો તેનું પાલન થયેલું છે, જ્યારે આજે મઝલૂમ મુસ્લિમો પર માનવતાવાદી ઢોંગીઓએ જુલ્મોના સર્વ રેકોર્ડો તોડી નાખ્યા છે. અને મુસ્લિમ દેશોનું અહીં પાંગળાપણુ જાહેર થઈ ગયું કે કાંઈ જ કાર્યવાહી તેઓ કરવા સમર્થ નથી. બસ ! અલ્લાહ એમનો મુહાફિઝ છે તે જ રક્ષા કરશે. આ તો આજમાઈશ છે.

**ચિંતનની વાત** : બીજી બાજુ એક કડવી વાત પણ સાચી તથા અતિ દુઃખદાયક છે કે વિવિધ જાતના અને નામના, ભવ્ય જલ્સા જુલૂસ કરનારા આપણા સુન્ની પીરો, રહબરો કે સંસ્થાઓ, (ઈલ્લા માશાઅલ્લાહ !) તથા આપસમાં ભાગલા પાડવા સુન્નીઓમાં જ અંદરો અંદર રોજ નવા નવા હંગામા કરવા માટે જોશભેર તકરીરો કરનારા બહાદુર, બેલગામ, બેબાક મુકર્રિરો, અત્યારે આસામમાં પણ અને આ અગાઉ જ્યારે પણ ક્યાંક કાંઈ આપત્તિ મુસ્લિમો પર અગાઉ આવી છે તો જાણે એ તેમનો વિષય જ ન હોય તેમ ઘરોમાં દરોમાં કે પરદેશોમાં છુપાઈ જાય છે ! ત્યાં સુધી કે મુસ્લિમો મુસીબતના આઘાતના દિવસો પૂરા કરી જરા ઠીક થાય ત્યારે પાછા તેમના દૌરા શરૂ થઈ જાય છે ! જ્યારે અન્ય બાતિલ ફિર્કાવાળાઓનાં સંગઠનો, તેમના ધાર્મિક લીડરો, પોલિટિક્લ લીડરો સર્વની દોડધામ તથા તે પ્રસંગને સંબંધે તેમનાં નિવેદનો આવે છે, મદદ માટે કેમ્પો તેઓના લાગે છે, ઠેર ઠેર આવા મોકા પર તેઓ જ દેખાય છે, પછી આપણને શિકાયત રહે છે કે બાતિલ ફિર્કાઓનું જોર વધી રહ્યું છે, તો વધે નહીં તો શું થશે ! અજ્ઞાન પ્રજા તો જે મદદ કરશે તેના જ ખોળે બેસશે. તો આપણા લીડરોના કાને આ અવાજ અથડાશે ખરો ?! આટલા અનુભવો પછી પણ તેઓ કોઈ દેશ વ્યાપી સંગઠન અન્ય ફિર્કાઓ જેવું ઊભુ કરશે ? જે આવા સંજાગોમાં મુસલમાનો માટે પ્રોટેક્શનનું કે રીલીફનું કામ કરે.

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

### ★ "સુન્ની દાવતે ઈસ્લામી"ની તબ્લીગી કોશિશોની ઝલક ! ★

સુન્ની દાવતે ઈસ્લામી (પાલેજ શાખા) થકી પાલેજ, સાંપા, સામરી, માતર, કીયા, મોટી કોરલ, મેસરાડ, અસુરીયા, ઉરદ, બીલોર, સાયર, મક્કરપુરા, કરગટ, સામરા, પારખેત, સાધલી, ઓજ વગેરે ગામોમાં મુબલ્લિગ ઈમરાનભાઈ તથા સાથીઓ થકી ચાર પાંચ મહિનાથી સતત મહિનામાં બે વાર તર્બિયતી કાફલાનું આયોજનું થાય છે તેમજ રાજપારડી, પાલેજમાં, સાપામાં અવારનવાર મુબલ્લિગા બહેનો થકી ઔરતોની તર્બિયત માટે લેડીઝ ઈજતેમાનું આયોજન થતુ રહે છે. એ જ પ્રમાણે ભરૂચમાં ભરૂચ શાખા થકી હાફેઝ અબ્દુર્રહીમ તથા મૌલાના અલ્તાફ ચાંચવેલી તથા મોઈનભાઈ, શફીભાઈ, તારીક઼ભાઈ થકી હપ્તાવારી ઈજતેમાઓ ઉપરાંત વિવિધ મસ્જિદોએ તર્બિયતી ઈજતેમાઓનું આયોજન થાય છે. *(રિપોર્ટ પરથી)*

**જંબુસર ખાતે** હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર દહેગામી (મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી) થકી વિવિધ મસ્જિદોમાં ઈજતેમાઓનું સતત આયોજન થાય છે દર રવિવારે અસર બાદ દયાદરા ઉપરાંત વાગરા, ખોજબલ તર્બિયતી ઈજતેમાઓ ચાલુ રહે છે. રબ્બે કરીમ ઈસ્લાહે મુઆશિરાની આ કોશિશોને કામયાબી ફર્માવે.

**ગીરગઢડા :** (તા. ઉના) ખાતે તા. ૧–૭–૨૦૧૨ રવિવારે "સુન્ની મુસ્લિમ જમાત" તરફથી હઝરત ગૈબનશાહ પીર رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે ઝહોરબાદ જામા મસ્જિદથી દરગાહ સુધી જુલૂસ નીકળ્યું હતું, અસરબાદ ન્યાઝ ખવડાવી, ઈશા બાદ દરગાહ કંપાઉન્ડમાં તક઼રીરી જલસામાં અહીં ખાતે પ્રથમવાર શાહઝાદાએ હુઝૂર અમીરે મિલ્લત હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી (ખાનકાહે રઝવિય્યહ, જૂનાગઢ)એ શાનદાર બયાન કર્યું. વિવિધ ઉલમા, સાદાતે કિરામે હાજરી આપી હતી.

### શાદી મુબારક !

**પ્રેસ્ટન :** દયાદરાના જનાબ અબ્દુલ્લાહ ઈસપ બેટીના નેક ફરઝંદ હાફિઝ મૌલાના મુહમ્મદ ફૈસલના નિકાહ તા. ૨૪–૧૨–૨૦૧૦ના રોજ નૂર મસ્જિદ ખાતે જનાબ મુશ્તાક મુહમ્મદ ઈસા દયાદરવીની નેક દુખ્તર સાદિક઼ા સાથે થયા હતા રૂખસતી ૯–૬–૨૦૧૨ અને વલીમો ૧૦–૬–૨૦૧૨ના રોજ નવાબ રેસ્ટોરન્ટ–માંચેસ્ટર ખાતે રાખવામાં આવ્યો હતો. નિકાહ પ્રસંગે બુલબુલે બાગે મદીના અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબે નઅતે પાકનો શાનદાર પ્રોગ્રામ કર્યો હતો જ્યારે વલીમામાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર નૂરી રઝવી સાહબે હાજરી આપી હતી તથા અન્ય ઉલમા, હુફ્ફાઝની હાજરી હતી. દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ બંને જહાનની નેઅમતોથી સૌને નવાઝે. (આમીન) *–તંત્રી*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**કાવી :** ખાતે તા. ૨૧–૭–૨૦૧૨, ૩૦–શાબાન હિ.સ. ૧૪૩૩ સુલેમાન માસ્તર દોલા બરેલ્વીનાં પત્ની સાહેબા શરીફાબેન ઈશા બાદ વઝીફાની હાલતમાં ઈન્તેકાલ કરી ગયાં છે, મર્હૂમા નેક દીનદાર પાકાં સુન્ની ૧૧મી શરીફનાં ચાહક હતાં. મર્હૂમાના સવાબ અર્થે માસ્તર સાહબ તરફથી રૂા. ૪૧૧ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં તેમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કુરચણ :** મુક઼ામે તા. ૨૪–૭–૨૦૧૨, ૩–રમઝાન હિ.સ. ૧૪૩૩ના રોજ ઉમરજીભાઈ

પેન્ટરને અચાનક પેટમાં દર્દ ઉભર્યું અને થોડાક સમયમાં અચાનક યુવાનવયે ઈન્તેકાલ થઈ ગયો છે. મર્હૂમ દીનદાર તથા દીની કામોમાં સહકાર કરનાર નેક હતા. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં તેમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મુબારકપુર** : જામિઆ અશરફિયા અરબી યુનિ.ના પ્રિન્સિપાલ હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબનાં અહલિયા તા. ૨૪–૭–૨૦૧૨, ૩–શાબાન હિ.સ. ૧૪૩૩ મંગળ વારે સવારમાં ના રોજ ઈન્તેકાલ કરી ગયાં છે. ઝહોરબાદ દફન થયાં, નમાઝે હઝરત સરબરાહે આ'લા સાહબે પઢાવી. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમાની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં મર્હૂમાને આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૩૦/૭/૨૦૧૨ સોમવારના રોજ ૯ રમઝાન હિ.સ. ૧૪૩૩ના ફાતિમા અહમદ છેલાઘરવાલાનો લગભગ ૭૫ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

## મુંબઈ ખાતે સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગોનું કન્વેશન યોજાયું

મુંબઈ મર્કઝ સુન્ની દાવતે ઈસ્લામી ઈસ્માઈલ હબીબ મસ્જિદ ખાતે શનિ રવિ તા. ૧૪, ૧૫ જુલાઈ બે દિવસ ગુજરાત, મહારાષ્ટ્ર તથા ગોવાની શાખાઓના મુબલ્લિગોનું કન્વેશન યોજાયુ જેમાં મજલિસે શૂરા સુન્ની દાવતે ઈસ્લામીના વિવિધ મેમ્બરોએ દીનની તબ્લીગના કામ સંબંધી અનુસરણીય માર્ગદર્શન આપ્યુ, તેમજ દરેક ઈલાકાના પ્રતિનિધિ, નિગરાં થકી કામને આડરૂપ સમસ્યાઓ તથા તેમની જરૂરતો વિશે દરેકને સમય આપી તેમની રજૂઆતો સાંભળી છેવટે તેના નિવારણ માટે માર્ગો સૂચવ્યા, કેટલીક બાબતો નોંધ કરી ઘટતુ કરવા વાયદા કર્યા. છેવટે રવિવારે અસર બાદથી ઈશા સુધી અમીરે સુન્ની દાવતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે દાવતના કામ સંબંધે કુર્આનની આયતો સતત પઢી પઢીને કામ માટે પ્રેરણાદાયક બયાન કર્યું હતું. અને આવનાર મુબલ્લિગોમાં અનેરો ઉત્સાહ પૂર્યો હતો. ગુજરાતની ભરૂચ, પાલેજ, દહેગામ, અંકલેશ્વર, કોસંબા, વડોદરા, ભાવનગર, દાહોદ, ધોરાજી, સુરતથી મુબલ્લિગોએ હાજરી આપી હતી.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સૈયદ યુવાન** : જન્મ તા. ૪–૧૧–૧૯૮૨, ઊંચાઈ : ૫'.૫', વજન : ૫૦ કિગ્રા., રંગ : ગોરો, એજ્યુકેશન : આઠ પાસ મીડીયમ ઈંગ્લીશ સ્કૂલમાં, કાર એસેસરીની પાર્ટનરમાં દુકાન છે. *સૈયદ યુવતી પસંદગીને પાત્ર, વડોદરા, નડીયાદ, ભરૂચ, અંકલેશ્વર સુરત તરફ.*

(કોન્ટેક **Mob. No. : 93767 22399**)

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## હજ્જ સંબંધી ત્રણ કિતાબોનો સેટ (૧-પેકેટમાં)

**મા'મૂલાતે હરમૈન : ૧. હજ્જ શા માટે કરશો ?**
**૨. હજ્જ કેવી રીતે કરશો ? ૩. આદાબે મદીના**

**હદિયો : રૂા. ૧૦૦/-**

જેમાં એક હાજીએ જાણવા જેવી સર્વ વિગતો દર્શાવેલી છે અને હજ્જના અગત્યના તથા બારીક બારીક મસાઈલ પણ દર્શાવ્યા છે તેમજ મદીના પાકના આદાબ પણ વર્ણવ્યા છે જેને વાંચવા જરૂરી છે, જેથી સહીહ તરીક઼ાથી હજ્જ તથા ઝિયારત થઈ શકે.

સંપાદક : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** (ખલીફ઼ા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા),**
મુ. **દયાદરા**, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
નોંધ : **ઉર્દૂ તથા અંગ્રેજીમાં પણ આ કિતાબ મળી શકે છે.**

## કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે

**૩ × ૨ લક્ઝરી બસ દ્વારા**

**બસ ઉપડવાની તારીખ : ૧૧/૧૧/૨૦૧૨, રાત્રે : ૧૦.૦૦ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર–સીક્રી, બરેલી, હલધ્વાનિ, નૈનિતાલ, હરિદ્વાર, કલીયર શરીફ, મસૂરી, દિલ્હી, જયપુર, મીરાદાતર અને પરત ધોળકા**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૫,૦૦૧/- | રૂા. ૨,૭૦૧/- | ૧૨ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨૪૫૧૨૨**

**નોંધ :** **૧.** રૂા. ૧૦૦/– ગાઈડખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રીકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હલધ્વાનિથી નૈનિતાલ અને હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું રહેશે. **૩.** નૈનિતાલ અને મસુરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૨૩/૧૧/૨૦૧૨ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨૦૦૧ ડિપોઝીટ ભરી આપની મનપસંદ શિટ બુક કરાવો. **૫.** બેંક, એલ. આઈ.સી. અને જી.આઈ.સી. ના કર્મચારીશ્રીઓને એલ.ટી.સી. મળશે. એલ.ટી. સી. મેળવનારે એક આખી ટીકીટે રૂા. ૫૦૦/– વધુ ચૂકવવાના રહેશે.


### ★ દુઆની અપીલ ! ★

જામિઆ અશ્રફિયા મુબારકપુરના ઉસ્તાદ તથા અશ્રફિયા મંથલીના એડિટર, ક઼લમકાર તેમજ "અલ મજઉલ મિસ્બાહી" તથા "અબ્નાએ અશ્રફિયા" ઉપરાંત અન્ય સંસ્થાના અગ્રગણ્ય કર્તાહર્તા હઝરત મૌલાના મુબારકહુસૈન મિસ્બાહી સાહબ કાર એક્સિડન્ટમાં માથામાં સખત ઈજાઓ થવાથી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં છે. દુઆ કરશો રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં, ગૌષો ખ્વાજાઓ અશ્રફો રઝા વ જુમ્લા અવલિયાના સદક઼ામાં આપને જલ્દી શિફ઼ા આપે. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# ચીની પ્રાંતમાં રોઝા રાખવા પર પ્રતિબંધ !

બેઈજિંગ, તા. ૩ ચીનના ઉત્તર પશ્ચિમી શિનજિયાંગ સ્વાયત્ત શાસિત પ્રદેશમાં રમઝાન માસ દરમ્યાન મુસ્લિમ અધિકારીઓ અને વિદ્યાર્થીઓના રોઝા રાખવા પર પ્રતિબંધ લાદી દેવાયો છે.

ચીનની ઘણી સરકારી વેબસાઈટો પર નવા દિશાનિર્દેશ જારી કરવામાં આવ્યા છે જેમાં કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતાઓને પવિત્ર રમઝાન માસ દરમ્યાન મુસ્લિમોના રોઝા રાખવા અને મસ્જિદ જવા પર પ્રતિબંધ મૂકવા જણાવવામાં આવ્યું છે.

ચીનના શિનજિયાંગ પ્રાંતમાં ૯૦ લાખ ઉઈગુર મુસ્લિમો વસવાટ કરે છે. તુર્કી ભાષા બોલતા ઉઈગુરો મુખ્યત્વે ઈસ્લામના અનુયાયી છે. લઘુમતી એવો ઉઈગુર સમુદાય ચીનના રાજકીય નેતાઓ પર ધાર્મિક અને રાજકીય ઉત્પીડનનો આરોપ મૂક્તો આવ્યો છે પરંતુ ચીની સત્તાવાળાઓ હંમેશથી તેનો ઈન્કાર કરતા આવ્યા છે. શિનજિયાંગ પ્રાંતમાં અવારનવાર રમખાણો ફાટી નીકળે છે અને ચીનની સરકાર હજારો ઉઈગુર અધિકારીઓની મદદથી આ પ્રાંત પર શાસન કરે છે. શિનિજિયાંગની સરકારી વેબસાઈટ પર કોમ્યુનિસ્ટ પાર્ટીના નેતાઓને ગામના સ્થાનિક નેતાઓ માટે ભોજન લઈ જવાનો આદેશ આપવામાં આવ્યો છે જેથી એ બાબત સુનિશ્ચિત કરી શકાય કે તેઓ રમઝાન માસમાં રોઝા રાખતા નથી અને ભોજન ખાય છે.

રમઝાન માસ દરમ્યાન ધાર્મિક પ્રવૃત્તિઓ અટકાવવાનો આદેશ પણ સ્થાનિક વહીવટીતંત્રની વેબસાઈટ પર જારી કરાયો છે. રમઝાન માસ દરમ્યાન મુસ્લિમ વિદ્યાર્થીઓ મસ્જિદમાં ન જાય તે સુનિશ્ચિત કરવા શાળાઓ અને કોલેજોને આદેશ અપાયા છે. *(ગુજરાત ટુ ડે, તા.૪–૮–૧૦૧૨)*

**ઈન્તેકાલ પુર મલાલ ! : હાડગુડ :** (આણંદ) ખાતે પીરે તરીકત અલ્હાજ સૈયદ રૂકનુદ્દીન મુહમ્મદમિયાં સાહબનો તા. ૫–૬–૨૦૧૨ મંગળવારે ૮૪ વર્ષની વયે ઈન્તેકાલ થયો છે. મર્હૂમ આટલી ઉમર સુધી દીની પ્રવૃત્તિઓથી સંકળાયેલા દીનદાર શખ્સ હતા. દર વર્ષે "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" માટે ઈમદાદ સાથે સ્વેચ્છાએ ફીસબીલ્લિાહ ડોનરોની યાદી બનાવીને સહાય મોકલતા હતા. દફનવિધિમાં તેમના મુરીદો ઉપરાંત અન્ય ચાહકો બહોળી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)–*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દિલના ઊંડાણથી આભારી છીએ !

રમઝાન મુબારક દરમ્યાન ગુજરાતભરમાં તેમજ અન્ય રાજ્યો, દેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી સુન્નીઓ વસે છે ત્યાં **બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા**ના ગ્રાહકો કરવામાં તેમજ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** તેમજ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને સહાયતા કરવામાં જેણે જેણે જે રીતે પણ સહકાર કર્યો છે તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

ઘણા સુન્ની બિરાદરોએ તદ્દન નિઃસ્વાર્થપણે નિખાલસતાથી દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે આ સંસ્થાઓને ભરપૂર સહકાર કર્યો છે તે બદલ આભાર !

રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌને બંને જહાનમાં બેહતરીન બદલો તેની શાને કરીમી મુજબ અતા કરે અને સૌની દીની, દુનિયવી, ઉખરવી સર્વ મુસીબતોને દૂર ફર્માવી તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

***–(પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| ઈબ્રાહીમભાઈ એચ. માજોઠી | મીઠાપુર |
| સલીમખાન | ઝાલોદ |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| અબ્દુલ હમીદ મુલ્લા | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| અબ્દુલ સમદભાઈ આછોદી (નાના વરાછા) | સુરત |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| મૌલાના મુખ્તાર અહમદ | કોસંબા |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| હાફેઝ ગુલામ મરચી | નબીપુર |
| સલીમભાઈ જોહાં | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| સલીમભાઈ શેખ (જમાલપુર) | અમદાવાદ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |
| મુનીરભાઈ પઠાણ (અમન મોબાઈલ) | ભરૂચ |

| નામ | શહેર |
|---|---|
| યુસૂફભાઈ ગડીમલ | ભરૂચ |
| હાજી મુસ્તાકભાઈ મુન્શી વાગરાવાળા | ભરૂચ |
| હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| હાફેઝ મુબારક લુવારાવાલા | તીલકવાડા |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| અબ્દુર્રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| ડો. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |
| ઉષ્માનગની મુબલ્લિગ | વડોદરા |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| અમીરમિયાં ક઼ાઝી | વડોદરા (તાંદલજા) |
| સુલ્તાન રઝા | વડોદરા |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| આ'લા હઝરત લાયબ્રેરી | નડિયાદ |
| સૈયદ ફારૂકઅલી મહેરઅલી (ટીનાભાઈ) | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| રોશન અલીભાઈ | અંજાર |
| અબૂબક્રભાઈ ઈસ્માઈલ પટેલ | દેડીયાપાડા |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | જુહાંપુરા, અમદાવાદ |
| આરિફભાઈ હુક્કવાલા | મોડાસા |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ખલીલભાઈ કુરૈશી | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદીન મહંમદમિયાં | હાડગુડ |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| સલીમભાઈ અકબર રાઠોડ | ભોજ |
| ઈમરાનભાઈ પાંચા (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| માજોઠી મેહમૂદ ઉષ્માનગની | ભુજ–કચ્છ |
| એફ. આઈ. કિતાબ ઘર | અંજાર (કચ્છ) |
| જનાબ મૌલાના કમરુદીન | કાલોલ |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |
| મૌલાના મુનવ્વર રઝા | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ ડભાડ | ચીખલી |
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| શેખ મુહમ્મદ હનીફભાઈ | ગાંધીનગર (પોર) |
| અઝીઝભાઈ મછાસરવી | અડાજણ દરગાહ |

| નામ | શહેર |
|---|---|
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારાવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ | દાહોદ |
| ઝાકીરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ | ગોંડલ |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| મૌલાના મુલતાની મુહમ્મદ અલ્લારખા રઝવી | વિરમગામ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| સલીમભાઈ લીંબુવાળા | આણંદ |
| મૌલાના ઈમરાન મછાસરાવાલા | બોડેલી |
| મૌલાના નઝમુલહુદા–અરબચોક | વેરાવળ |
| અ. સત્તાર અ. રહમાન | વેરાવળ |
| ડો. નજીર મુહમ્મદ દેવલા | હિંમતનગર |
| અમીનભાઈ મેમણ | ગોંડલ |
| તૌસીફ પટેલ | વાગરા |
| મુતવલ્લી અશરફભાઈ/દિલાવરભાઈ | નોબાર |
| ખત્રી ઈદરીસભાઈ | પાવીજેતપુર |
| ફઝલભાઈ બત્તીવાલા | બોડેલી |
| મૌલાના ઈલ્યાસખાન નૂરી | રતનપોર |
| મૌલાના ગુલામરસૂલ એ. કાદરી | વિસનગર |
| શબ્બીરભાઈ ટેલર | સંજાણબંદર |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| સુલ્તાન રઝા મુબલ્લિગ SDI | વડોદરા |
| ઉષ્માનગની મુબલ્લિગ SDI | વડોદરા |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની બંને જહાનને આબાદ ફમાવે. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

નોંધ : **બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહકો તથા **અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બરો, ડોનરો કરી આપી સુન્નિયતના કામમાં વેગ આપવા ઈચ્છનારાઓ અમારો સંપર્ક કરે એવી વિનંતિ. –*તંત્રી*